G20 भारत 2023 INDIA

વર્ષ : ૬૩ ■ અંક : ૭ ■ તા.૦૧-૦૪-૨૦૨૩

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## ગાંધીનગર ખાતે યોજાઇ આબોહવા પરિવર્તન વિષયક G-૨૦ની બેઠક



## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં સાથ, સહકાર અને સેવાના ૧૦૦ દિવસની ગરિમામય ઉજવણી

ડબલ એન્જિન સરકારના નેતૃત્વમાં ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓ સર કરશે તેવો મને વિશ્વાસ છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
માનનીય વડાપ્રધાન, ભારત



મુખ્યમંત્રી

# શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના

નેતૃત્વમાં સરકારે

## 100 દિવસ

**જેટલા ટૂંકા સમયમાં જ વધુ તેજ રફતારથી નિષ્ઠાપૂર્વક જનસેવાના નિર્ધાર સાથે સુશાસનના સ્વપ્નને ચરિતાર્થ કરવા ગુજરાતની વિકાસ યાત્રાને અમૃતકાળમાં નવો વેગ આપ્યો છે.**

સાથ, સહકાર અને સેવાના
100
- દિવસ -



**વચન પાળ્યાં છે, પાળીશું ગુજરાતનું માન વધારીશું**

**Gujarat**
The Reliable fortnightly of Gujaratis

Year : 63 ■ Issue : 7 ■ Date 1 - 4 - 2023

**તંત્રી** : આર. કે. મહેતા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, સુનિલ પટેલ, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- રાજ્યના શહેરી વિસ્તારોમાં ૨૦ જેટલા અર્બન ફોરેસ્ટ તૈયાર કરવાનું લક્ષ્ય છે.
- આવનારા પાંચ વર્ષમાં બે લાખ કરોડ રૂપિયાના ખર્ચે ગુજરાત ગ્રીન ગ્રોથની દિશામાં તેજ રફતારથી આગળ વધશે.
- તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના આગવા વિઝનથી ગુજરાતમાં સૌપ્રથમ ક્લાઈમેટ ચેન્જ વિભાગ શરૂ કરવામાં આવ્યો.
- એગ્રો ફોરેસ્ટ્રીનો વ્યાપ વધારી ૫,૭૫૦ ચોરસ કિલોમીટર વિસ્તારને તેમાં આવરી લેવાની નેમ છે.
- રાજ્ય સરકાર એગ્રો ફોરેસ્ટ્રી સાથે જોડાયેલા ખેડૂતોની પડખે અડિખમ ઊભી રહેશે.
- દેશના અમૃતકાળને પર્યાવરણ પ્રિય વિકાસથી અને ગ્રીન ગ્રોથથી અમૃતમય બનાવવા સૌના સામૂહિક પ્રયાસો જરૂરી છે.
- ઊર્જા, પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ, પ્લાસ્ટિકનો ઓછામાં ઓછો ઉપયોગ અને પ્રકૃતિ જતનને જીવનશૈલી બનાવીએ.
- પર્યાવરણ પ્રિય લાઈફ સ્ટાઈલ રોજિંદા જીવનમાં અપનાવીએ.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ગ્રીન ગ્રોથ-સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટના વિચારને સાકાર કરીએ.

(મુખ્યમંત્રીશ્રીએ 'આંતરરાષ્ટ્રીય વન દિવસ' પ્રસંગે કરેલા સંબોધનના અંશો)




13 મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સાથ, સહકાર અને સેવાના ૧૦૦ દિવસની ગરિમામય ઉજવણી

## વિકાસ યાત્રા

9 જલમી ડેરી ઇન્ડસ્ટ્રીઝ કોન્ફરન્સ સંપન્ન

10 'ભારત પ્રથમ'ના મંત્રને ચરિતાર્થ કરવા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીનું આહ્વાન

11 જૂનાગઢમાં નવનિર્મિત કિસાન ભવન જનસમર્પિત

12 રાજ્યમાં માર્ગ નિર્માણને સમયસર પૂર્ણ કરાશે

14 રાજ્યમાં 90 હજાર કરોડનાં રોકાણથી 65 હજારથી વધુ યુવાઓને રોજગાર મળશે

15 સુરત શહેરમાં રૂ. ૨૧૦ કરોડના જનસુખાકારીનાં વિકાસકાર્યોનું લોકાર્પણ

16 જી.આઇ.ડી.સી.ના વનસ્ટોપ કમ્પોડિયમનું વિમોચન

17 કમોસમી વરસાદ બાદની સ્થિતિ અંગે મુખ્યમંત્રીશ્રીએ યોજી ઉચ્ચસ્તરીય બેઠક

17 બેંગ્લોરમાં યોજાયો સદાકાળ ગુજરાત કાર્યક્રમ

18 આંતરિક અને દરિયાઇ સુરક્ષા માટે યોજાયો પરિસંવાદ

19 ડ્રોન ટેકનોલોજી વિષયક રાષ્ટ્રીય સેમિનાર

20 એગ્રો ફોરેસ્ટ્રી આધારિત FPO વર્કશોપ યોજાયો

21 બેટ દ્વારકાની સુરક્ષાની સમીક્ષા કરતાં મુખ્યમંત્રીશ્રી

6 સંવાદ

22 G-20 વિશેષ

ગાંધીનગર ખાતે યોજાઈ આબોહવા પરિવર્તન વિષયક G-૨૦ની બેઠક

23 નિર્ણય

24 વિધાનસભાના દ્વારેથી

40 વિધાનસભા પ્રશ્નોત્તરી

42 વિધેયક

43 ઉત્સવ

ભારતની એકતા અને અખંડિતતાનું પ્રતીક : માધવપુરનો મેળો

46 વિશેષ

47 સાફલ્યગાથા

48 સંગમ

ગુજરાતમાં “સૌરાષ્ટ્ર તમિલ સંગમ” કાર્યક્રમ યોજાશે

50 પ્રેરણા



## સાથ, સહકાર અને સેવાના ૧૦૦ દિવસ...

જનહિતલક્ષી મક્કમ નિર્ણયો લઈને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ ટીમ ગુજરાતે તેના કાર્યકાળના ૧૦૦ દિવસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. રાજ્યના નાગરિકોનું જીવનધોરણ ઊંચું આવે અને સૌનો સાથ, સૌનો વિકાસના મંત્ર સાથે રાજ્ય સતત પ્રગતિ કરતું રહે તેવા નક્કર અને પરિણામલક્ષી આયોજન સાથે ગુજરાત આજે વિકાસના નવા આયામો સર કરી રહ્યું છે. રાજ્યના અવિરત વિકાસ માટેની 'ટીમ ગુજરાત'ની પ્રતિબદ્ધતાનો આ પ્રતિઘોષ છે. આઝાદીના અમૃતકાળમાં વિકાસના નવા પરિમાણો સાથે વિકાસની નવી ક્ષિતિજોને સર કરીને દેશના વિકાસમાં યશસ્વી યોગદાન આપવાની દિશામાં વર્તમાન સરકારે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને ગુજરાતના ખૂણે ખૂણામાં વિકાસની પૃષ્ટભૂમિ રચી છે. પ્રત્યેક ગુજરાતી બાંધવના ચહેરા ઉપર વિકાસસ્મિતના દર્શન થઇ રહ્યાં છે.

'આત્મનિર્ભર ભારત માટે આત્મનિર્ભર ગુજરાત'ની વિભાવનાને પરિપૂર્ણ કરવા માટે ગુજરાતમાં આગામી સમયમાં રૂ. ૯૦ હજાર કરોડથી વધુનું મૂડીરોકાણ આવનાર છે. આ મૂડીરોકાણથી રાજ્યમાં ૬૫ હજારથી વધુ રોજગારી-સ્વરોજગારીના નવાં અવસરો ઉભા થશે. રાજ્યમાં ઉદ્યોગોને જરૂરી માળખાકીય સુવિધા પૂરી પાડવા માટે માર્ગોનું મજબૂત નેટવર્ક ઊભું કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકાર ઔદ્યોગિક વિકાસની સાથે પર્યાવરણની જાળવણી માટે કટિબદ્ધ છે. રાજ્યમાં વૃક્ષ આધારિત ખેતી કરતાં ખેડૂતોની આવક બમણી કરવા અને જનભાગીદારી થકી પર્યાવરણના જતન માટે એગ્રો ફોરેસ્ટ્રી આધારિત એફ.પી.ઓ. અંગેના વર્કશોપ દ્વારા તાજેતરમાં મનોમંથન કરવામાં આવ્યું.

સમગ્ર વિશ્વમાં દૂધ ઉત્પાદનમાં ભારત અગ્રણી છે. ગુજરાતમાં દૂધ ઉત્પાદન એક સહકારી જન આંદોલન તરીકે વિકસ્યું છે. આજે ગુજરાતમાં દૂધ ઉત્પાદન થકી ગ્રામીણ અર્થતંત્ર વધુ વેગવાન બન્યું છે. આ ક્ષેત્રને વધુ પ્રોત્સાહન આપવા તાજેતરમાં ગાંધીનગરમાં કેન્દ્રિય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં ૪૯મી ડેરી ઇન્ડસ્ટ્રીઝ કોન્ફરન્સ યોજાઈ ગઇ. આ કોન્ફરન્સમાં દેશભરના ૨,૭૦૦થી વધુ ડેરી ઉદ્યોગકારો-સંગઠનો સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તેમની સૌમ્યતા અને મૃદુતાનો વધુ એકવાર પરિચય કરાવતાં સાબરકાંઠાના કાંકણોલના ગ્રામજનો સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ની ૯૯મી શ્રૃંખલા સામાન્યજન તરીકે સાંભળી હતી. તેમજ માધવપુર-ઘેડના મેળામાં ભગવાન શ્રી કૃષ્ણ અને રાણી રુક્મિણીના પરંપરાગત મેળામાં તેઓ ભક્તિભાવપૂર્વક સહભાગી થયા હતા. વિધાનસભાના બજેટ સત્રમાં રાજ્યના વિકાસની દિશાનું ચિંતન થયું. રાજ્યના કયા ક્ષેત્રમાં વિકાસની જરૂરિયાત છે અને તે માટે લેવાના પગલાં અને આર્થિક જોગવાઇઓની જનતા-જનાર્દનના વ્યાપક હિતમાં ચર્ચા - વિચારણાઓ સંપન્ન થઇ. આગામી સમયમાં વિકાસનો રોડમેપ કંડારવા માટેનું ભાથું બજેટ સત્રની ચર્ચામાંથી ઉપલબ્ધ થયું. G-૨૦ અંતર્ગત ગાંધીનગરમાં યોજાયેલા પર્યાવરણ અને આબોહવા સ્થિરતા કાર્યકારી જૂથે નદીના કાયાકલ્પ, વરસાદી પાણીના સંગ્રહ, આબોહવા પરિવર્તનના ઉપાયો સહિત જળ સંસાધન વ્યવસ્થાપન વિષય પર ફળદાયી ચર્ચા-વિચારણા કરી હતી. આ ઉપરાંત પ્રસ્તુત અંકમાં વિધાનસભામાં થયેલી જનહિતલક્ષી કામગીરી વિષયક બાબતો, કલ્યાણકારી નિર્ણયો, વિકાસ કાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાત પાક્ષિકના સુજ્ઞવાચકોને માટે આ વાંચન સામગ્રી ઉપયોગી બની રહેશે એવી મને શ્રદ્ધા છે.

જય જય ગરવી ગુજરાત....

**- આર. કે. મહેતા** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**

99th Episode



# મન kī BAAT

## માર્ચ - ૨૦૨૩

**લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ**

# મન કી બાત

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ,

'મન કી બાત'માં આપ સૌનું એક વાર ફરી ખૂબ-ખૂબ સ્વાગત છે. આ ચર્ચાને શરૂ કરતાં મનમસ્તિષ્કમાં અનેક ભાવ ઊમટી રહ્યા છે. અમારો અને તમારો 'મન કી બાત'નો આ સાથ તેની નવ્વાણુંમી (99) શ્રૃંખલામાં પહોંચી ગયો છે. સામાન્ય રીતે આપણે સાંભળીએ છીએ કે, નવ્વાણુંનો અંક બહુ જ અઘરો હોય છે. ક્રિકેટમાં તો 'નર્વસ નાઈન્ટિઝ'ને ખૂબ જ કઠિન પડાવ માનવામાં આવે છે. પરંતુ જ્યાં ભારતના જન-જનના 'મનની વાત' હોય ત્યાંની પ્રેરણા જ કંઈક અલગ હોય છે. મને એ વાતની પણ પ્રસન્નતા છે કે, 'મન કી બાત'ના સોમાં (100મા) હપ્તા અંગે દેશના લોકોમાં ખૂબ જ ઉત્સાહ છે. મને ઘણા સારા સંદેશાઓ મળી રહ્યા છે, ફૉન આવી રહ્યા છે. જ્યારે આપણે સ્વતંત્રતાનો અમૃતકાળ મનાવી રહ્યા છીએ, નવા સંકલ્પો સાથે આગળ વધી રહ્યા છીએ, તો સોમી (100મા) 'મન કી બાત' અંગે તમારાં સૂચનો અને વિચારોને જાણવા માટે હું પણ ખૂબ જ ઉત્સુક છું. મને, તમારાં આવાં સૂચનોની આતુરતાપૂર્વક પ્રતીક્ષા છે. આમ તો આતુરતા હંમેશાં હોય છે, પરંતુ આ વખતે પ્રતીક્ષા જરા વધુ છે. તમારાં આ સૂચનો અને વિચાર જ 30 એપ્રિલે થનારા સોમી (100મી) 'મન કી બાત'ને વધુ યાદગાર બનાવશે.

મારા પ્રિય દેશવાસીઓ, 'મન કી બાત'માં આપણે એવા હજારો લોકોની ચર્ચા કરી છે, જે બીજાની સેવા માટે પોતાનું જીવન સમર્પિત કરી દે છે. અનેક લોકો એવા હોય છે જે દીકરીઓના શિક્ષણ માટે પોતાનું આખું પેન્શન આપી દે છે, કોઈ પોતાના સમગ્ર જીવનની કમાણી પર્યાવરણ અને જીવ-સેવા માટે સમર્પિત કરી દે છે. આપણા દેશમાં પરમાર્થને એટલો ઉપર રાખવામાં આવ્યો છે કે, બીજાના સુખ માટે લોકો સર્વસ્વ દાન આપવામાં પણ સંકોચ નથી કરતા. આથી તો આપણને બાળપણમાં શિબિ અને દધીચિ જેવા દેહદાન કરનારાઓની વાર્તા સંભળાવવામાં આવે છે.

સાથીઓ, આધુનિક મેડિકલ સાયન્સના આ યુગમાં ઑર્ગન ડૉનેશન, કોઈને જીવન આપવાનું એક ખૂબ જ મોટું માધ્યમ બની ચૂક્યું છે. કહે છે કે, જ્યારે એક વ્યક્તિ મૃત્યુ પછી પોતાનું શરીરદાન કરે છે તો તેનાથી આઠ થી નવ લોકોને એક નવું જીવન મળવાની સંભાવના બને છે. સંતોષની વાત એ છે કે, આજે દેશમાં ઑર્ગન ડૉનેશન પ્રત્યે જાગૃતિ પણ વધી રહી છે. વર્ષ 2013માં આપણા દેશમાં ઑર્ગન ડૉનેશનના પાંચ હજારથી પણ ઓછા કિસ્સાઓ હતા, પરંતુ વર્ષ 2022માં આ સંખ્યા ૧૫ હજારથી વધી ગઈ છે. ઑર્ગન ડૉનેશન કરનારી વ્યક્તિઓએ, તેમના પરિવારે ખરેખર ખૂબ જ પુણ્યનું કામ કર્યું છે.

મારા પ્રિય દેશવાસીઓ, આ નવરાત્રિનો સમય છે, શક્તિની ઉપાસનાનો સમય છે. ભારતનું જે સામર્થ્ય નવી રીતે નિખરીને સામે આવી રહ્યું છે, તેમાં ઘણી મોટી ભૂમિકા આપણી નારીશક્તિની છે. અત્યારે એવાં અનેક ઉદાહરણ આપણી સામે આવ્યાં છે. તમે સૉશિયલ મીડિયા પર, એશિયાની પહેલી મહિલા

લૉકો પાઇલૉટ સુરેખા યાદવજીને જરૂર જોયાં હશે. સુરેખાજી એક વધુ કીર્તિમાન રચતાં, વંદે ભારત ઍક્સ્પ્રેસનાં પણ પહેલાં મહિલા લૉકો પાઇલૉટ બની ગયાં છે. આ મહિને, નિર્માતા ગુનીત મોંગા અને નિર્દેશક કાર્તિકી ગોંસાલ્વિસની દસ્તાવેજી ફિલ્મ 'એલિફન્ટ વ્હિસ્પર્સ'એ ઑસ્કાર જીતીને દેશનું નામ ઉજાળ્યું છે. દેશ માટે એક વધુ ઉપલબ્ધિ ભાભા એટૉમિક રિસર્ચ સેન્ટરનાં વૈજ્ઞાનિક બહેન જ્યોતિર્મયી મોહંતીજીએ પણ પ્રાપ્ત કરી છે. જ્યોતિર્મયીજીને કેમિસ્ટ્રી અને કેમિકલ ઍન્જિનિયરિંગના ક્ષેત્રમાં IUPACનો વિશેષ એવૉર્ડ મળ્યો છે. આ વર્ષની શરૂઆતમાં જ ભારતની અંડર-૧૯ મહિલા ક્રિકેટ ટીમે ટી-20 વિશ્વ કપ જીતીને નવો ઇતિહાસ રચ્યો. જો તમે રાજનીતિ તરફ જોશો તો એક નવી શરૂઆત નાગાલેન્ડમાં થઈ છે. નાગાલેન્ડમાં 75 વર્ષમાં પહેલી વાર બે મહિલા ધારાસભ્યો જીતીને વિધાનસભા સુધી પહોંચી છે. તેમાંથી એકને નાગાલેન્ડ સરકારમાં મંત્રી પણ બનાવાયાં છે. અર્થાત્ રાજ્યના લોકોને પહેલીવાર એક મહિલા મંત્રી પણ મળ્યાં છે.

સાથીઓ, કેટલાક દિવસો પહેલાં મારી મુલાકાત, એ વીર દીકરીઓ સાથે થઈ, જે તુર્કીમાં વિનાશકારી ભૂકંપ પછી ત્યાંના લોકોની મદદ માટે ગઈ હતી. તે બધી એન.ડી.આર.એફ.ની ટુકડીમાં સહભાગી હતી. તેમનાં સાહસ અને કુશળતાની સમગ્ર દુનિયામાં પ્રશંસા થઈ રહી છે. ભારતમાં સંયુક્ત રાષ્ટ્ર મિશન હેઠળ શાંતિસેનામાં માત્ર મહિલા પ્લાટૂનની પણ તૈનાતી કરવામાં આવી છે.

આજે, દેશની દીકરીઓ, આપણી ત્રણેય સેનામાં, પોતાના શૌર્યનો ધ્વજ ઊંચાઈએ ફરકાવી રહી છે. ગ્રૂપ કૅપ્ટન શાલિજા ધામી કૉમ્બેટ યુનિટમાં કમાન્ડ ઍપૉઇન્ટમેન્ટ મેળવનારી પહેલી મહિલા વાયુસેના અધિકારી બની છે. તેમની પાસે લગભગ ૩ હજાર કલાકનો ઉડ્ડયન અનુભવ છે. આ રીતે, ભારતીય સેનાની વીર કૅપ્ટન શિવા ચૌહાણ સિયાચીનમાં તૈનાત થનારી પહેલી મહિલા અધિકારી બની છે. સિયાચીનમાં જ્યાં પારો માઇનસ સાઠ (-60) ડિગ્રી સુધી ચાલ્યો જાય છે, ત્યાં શિવા ત્રણ મહિનાઓ સુધી તૈનાત રહેશે.

સાથીઓ, આ સૂચિ એટલી લાંબી છે કે, અહીં બધાંની ચર્ચા કરવી પણ મુશ્કેલ છે. આવી બધી મહિલાઓ, આપણી દીકરીઓ, આજે, ભારત અને ભારતનાં સપનાંઓને ઊર્જા આપી રહી છે. નારીશક્તિની આ ઊર્જા જ વિકસિત ભારતનો પ્રાણવાયુ છે.

મારા પ્રિય દેશવાસીઓ, આ દિવસોમાં સમગ્ર વિશ્વમાં સ્વચ્છ ઊર્જા, રિન્યૂએબલ એનર્જીની ઘણી વાતો થઈ રહી છે. હું, જ્યારે વિશ્વમાં લોકોને મળું છું તો તેઓ આ ક્ષેત્રમાં ભારતની અભૂતપૂર્વ સફળતાની જરૂર ચર્ચા કરે છે. ખાસ કરીને ભારત સૉલાર ઍનર્જીના ક્ષેત્રમાં જે ઝડપથી આગળ વધી રહ્યું છે, તે પોતાની રીતે એક મોટી ઉપલબ્ધિ છે. ભારતના લોકો તો સદીઓથી સૂર્ય સાથે વિશેષ રીતે સંબંધ રાખે છે. આપણે ત્યાં સૂર્યની શક્તિ વિશે જે વૈજ્ઞાનિક સમજ રહી છે, સૂર્યની ઉપાસનાની જે પરંપરા રહી છે, તે અન્ય સ્થાનો પર ઓછી જોવા મળે છે. મને આનંદ છે કે, આજે દરેક દેશવાસી સૌર ઊર્જાનું મહત્ત્વ પણ સમજી રહ્યો છે અને 'ક્લિન એનર્જી'માં પોતાનું યોગદાન પણ આપવા ઇચ્છે છે.

'સૌનો પ્રયાસ'ની આ જ લાગણી આજે ભારતના સૉલાર મિશનને આગળ વધારી રહી છે. મહારાષ્ટ્રના પૂણેમાં, આવા જ એક ઉત્કૃષ્ટ પ્રયાસે મારું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. અહીં MSR-Olive Housing Societyના લોકોએ નક્કી કર્યું કે, તેઓ સૉસાયટીમાં પીવાનું પાણી, લિફ્ટ અને લાઇટ જેવા સામૂહિક ઉપયોગની ચીજો, હવે સૉલાર એનર્જીથી જ ચલાવશે. તે પછી આ સૉસાયટી બધાએ મળીને સૉલાર પેનલ લગાવી. આજે આ સૉલાર પેનલથી દર વર્ષે લગભગ 90 હજાર કિલો વૉટ વીજળી ઉત્પન્ન થઈ રહી છે. તેનાથી દર મહિને લગભગ 40,000 રૂપિયાની બચત થઈ રહી છે. આ બચતનો લાભ સૉસાયટીના બધા લોકોને થઈ રહ્યો છે.

સાથીઓ, પૂણેની જેમ જ દમણ-દીવમાં જે દીવ છે, જે એક અલગ જિલ્લો છે, ત્યાંના લોકોએ પણ, એક અદ્ભૂત કામ કરીને દેખાડ્યું છે. તમે જાણતા જ હશો કે દીવ, સોમનાથ પાસે છે. દીવ ભારતનો પહેલો એવો જિલ્લો બન્યો છે જે દિવસના સમયે બધી જરૂરિયાતો માટે સો ટકા ક્લિન એનર્જીનો ઉપયોગ કરી રહ્યો છે. દીવની આ સફળતાનો મંત્ર પણ 'સૌના પ્રયાસ'નો જ છે. ક્યારેક ત્યાં વીજળી ઉત્પાદન માટે સંસાધનોનો પડકાર હતો. લોકોએ આ પડકારના સમાધાન માટે સૉલાર એનર્જીને પસંદ કરી. ત્યાં ઉજ્જડ જમીન અને અનેક ઇમારતો પર સૉલાર પેનલ લગાવવામાં આવી. આ પેનલથી, દીવમાં, દિવસના સમયે, જેટલી વીજળીની જરૂરિયાત હોય છે, તેનાથી વધુ વીજળી ઉત્પન્ન થઈ રહી છે. આ સૉલાર પ્રૉજેક્ટથી, વીજળી ખરીદી પર ખર્ચ થતા લગભગ બાવન કરોડ રૂપિયા પણ બચ્યા છે. તેનાથી પર્યાવરણની પણ મોટી રક્ષા થઈ છે.

સાથીઓ, પૂણે અને દીવે જે કરીને દેખાડ્યું છે, આવા પ્રયાસો દેશભરમાં અન્ય અનેક જગ્યાએ પણ થઈ રહ્યા છે. તેનાથી ખબર પડે છે કે, પર્યાવરણ અને પ્રકૃતિ વિશે આપણે ભારતીયો કેટલા સંવેદનશીલ છીએ, અને આપણો દેશ, કેવી રીતે ભવિષ્યની પેઢી માટે ખૂબ જ જાગૃત છે. હું આ પ્રકારના બધા પ્રયાસોની હૃદયથી પ્રશંસા કરું છું.

મારા પ્રિય દેશવાસીઓ, આપણા દેશમાં સમય સાથે સ્થિતિ-પરિસ્થિતિઓ અનુસાર, અનેક પરંપરાઓ વિકસિત થાય છે. આ પરંપરાઓ, આપણી સંસ્કૃતિનું સામર્થ્ય વધારે છે અને તેને નિત્ય નૂતન પ્રાણશક્તિ પણ આપે છે. કેટલાક મહિનાઓ પહેલાં આવી જ એક પરંપરા શરૂ થઈ કાશીમાં. કાશી-તમિલ સંગમમ્ દરમિયાન, કાશી અને તમિલ ક્ષેત્રની વચ્ચે સદીઓથી ચાલી રહેલા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોની ઉજવણી કરવામાં આવી. આપણે જ્યારે એકબીજા વિશે જાણીએ છીએ, શીખીએ છીએ, તો એકતાની આ ભાવના વધુ પ્રગાઢ થાય છે. એકતાની આ ભાવના સાથે આગામી મહિને ગુજરાતના વિભિન્ન હિસ્સાઓમાં સૌરાષ્ટ્ર-તમિલ સંગમમ્ થવા જઈ રહ્યો છે. સૌરાષ્ટ્ર - તમિલ સંગમ તા. ૧૭થી ૩૦ એપ્રિલ સુધી ચાલશે.

'મન કી બાત'ના કેટલાક શ્રોતાઓ અવશ્ય વિચારતા હશે કે, ગુજરાતના સૌરાષ્ટ્રનો તમિલનાડુ સાથે શો સંબંધ છે? વાસ્તવમાં, સદીઓ પહેલાં સૌરાષ્ટ્રના અનેક લોકો તમિલનાડુના અલગ-અલગ હિસ્સાઓમાં વસી ગયા હતા. આ લોકો આજે 'સૌરાષ્ટ્રી તમિલ'ના નામથી ઓળખાય છે. તેમની ખાણીપીણી, રહેણીકરણી, સામાજિક સંસ્કારોમાં આજે પણ કંઈક-કંઈક

સૌરાષ્ટ્રની ઝલક જોવા મળી જાય છે. મને આ આયોજન અંગે તમિલનાડુના ઘણા બધા લોકોના પ્રશંસા ભરેલા પત્રો મળ્યા છે. મદુરાઈમાં રહેતા જયચંદ્રજીએ એક ખૂબ જ ભાવુક વાત લખી છે. તેમણે કહ્યું કે “હજારો વર્ષ પછી, પહેલી વાર કોઈએ સૌરાષ્ટ્ર-તમિલના આ સંબંધો વિશે વિચાર્યું છે. સૌરાષ્ટ્રથી તમિલનાડુ આવીને વસેલા લોકોને પૂછ્યું છે. જયચંદ્રજીની વાતો, હજારો તમિલ ભાઈ-બહેનોની અભિવ્યક્તિ છે.

સાથીઓ, ‘મન કી બાત’ના શ્રોતાઓને, હું, આસામ સાથે જોડાયેલા એક સમાચાર વિશે કહેવા માગું છું. આ પણ ‘એક ભારત - શ્રેષ્ઠ ભારત’ની ભાવનાને મજબૂત કરે છે. તમે બધાં જાણો છો કે, આપણે વીર લાસિત બોરફૂકનજીની 400મી જયંતી ઊજવી રહ્યા છીએ. વીર લાસિત બોરફૂકને અત્યાચારી મોગલ સલ્તનતના હાથોમાંથી ગુવાહાટીને સ્વતંત્ર કરાવ્યું હતું. આજે દેશ, આ મહાન યોદ્ધાના અદમ્ય સાહસથી પરિચિત થઈ રહ્યો છે. કેટલાક દિવસો પહેલાં, લાસિત બોરફૂકનના જીવન પર આધારિત નિબંધલેખનનું એક અભિયાન ચલાવાયું હતું. તમને એ જાણીને આશ્ચર્ય થશે કે તેના માટે લગભગ ૪૫ લાખ લોકોએ નિબંધ મોકલ્યા. તમને એ જાણીને પણ આનંદ થશે કે હવે તે ગીનિઝ રેકૉર્ડ બની ચૂક્યો છે અને સૌથી મોટી વાત અને વધુ પ્રસન્નતાની વાત એ છે કે વીર લાસિત બોરફૂકન પર આ જે નિબંધ લખવામાં આવ્યા છે તે લગભગ ૨૩ અલગ-અલગ ભાષાઓમાં લોકોએ મોકલ્યા છે. તેમાં, અસમિયા ભાષા ઉપરાંત હિન્દી, અંગ્રેજી, બાંગ્લા, બોડો, નેપાળી, સંસ્કૃત, સંથાલી જેવી ભાષાઓમાં લોકોએ નિબંધો મોકલ્યા છે. હું આ પ્રયાસનો હિસ્સો બનેલા બધાં લોકોની હૃદયથી પ્રશંસા કરું છું.

મારા પ્રિય દેશવાસીઓ, જ્યારે કાશ્મીર કે શ્રીનગરની વાત થાય છે તો સૌથી પહેલાં, આપણી સામે, તેની ખીણ અને દાલ સરોવરની તસવીર આવે છે. આપણામાંથી પ્રત્યેક દાલ સરોવરના દૃશ્યનો આનંદ માણવા માગે છે પરંતુ દાલ તળાવમાં એક બીજી વાત વિશેષ છે. દાલ સરોવર, પોતાના સ્વાદિષ્ટ લૉટસ સ્ટેમ્સ- કમલની દાંડી અથવા કમળ કાકડી માટે પણ ઓળખાય છે. કમળની દાંડીને દેશનાં અલગ-અલગ સ્થાનોમાં, અલગ-અલગ નામે ઓળખવામાં આવે છે. કાશ્મીરમાં તેને નાદરુ કહે છે. આ માંગને જોતાં દાલ સરોવરમાં નાદરુની ખેતી કરનારા 250 ખેડૂતોએ એક એફ.પી.ઓ. બનાવ્યું છે. આજે આ ખેડૂતોએ પોતાના નાદરુને યુ.એ.ઈ. મોકલી છે. આ સફળતા કાશ્મીરનું નામ રોશન કરી રહી છે.

સાથીઓ, કાશ્મીરના લોકોનો કૃષિ સાથે જ જોડાયેલો આવો જ એક બીજો પ્રયાસ આજકાલ પોતાની સફળતાની સુગંધ ફેલાવી રહ્યો છે. તમે વિચારતા હશો કે હું સફળતાની સુગંધ કેમ બોલી રહ્યો છું. વાત છે જ સુગંધની. સુવાસની તો વાત છે. હકીકતે, જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં એક નગર છે ‘ભદરવાહ’. ત્યાંના ખેડૂતો દાયકાઓથી મકાઈની પારંપરિક ખેતી કરતા આવ્યા છે, પરંતુ કેટલાક ખેડૂતોએ કંઈક અલગ કરવાનું વિચાર્યું. તેઓ ફ્લૉરિકલ્ચર, અર્થાત્ ફૂલોની ખેતી તરફ વળ્યા. આજે, ત્યાંના લગભગ ૨૫૦૦ ખેડૂતો (અઢી હજાર ખેડૂતો) લવેન્ડરની ખેતી કરી રહ્યા છે. તેને કેન્દ્ર સરકારના એરોમા મિશનની મદદ પણ મળી છે. આ નવી ખેતીએ ખેડૂતોની આવકમાં મોટી વૃદ્ધિ કરી છે.

મારા પ્રિય દેશવાસીઓ, આ વખતે ‘મન કી બાત’માં બસ આટલું જ. આવતી વખતે, તમારી સાથે ‘મન કી બાત’ના સોમા (100મા) હપ્તામાં મુલાકાત થશે. તમે બધાં, પોતાનાં સૂચનો અવશ્ય મોકલજો. માર્ચના આ મહિનામાં આપણે, હોળીથી લઈને નવરાત્રિ સુધી, અનેક પર્વ અને તહેવારોમાં વ્યસ્ત રહ્યા છીએ. રમઝાનનો પવિત્ર મહિનો પણ શરૂ થઈ ચૂક્યો છે. શ્રી રામનવમીનું મહાપર્વ તે પછી મહાવીર જયંતી, ગુડ ફ્રાઈડે અને ઈસ્ટર પણ આવશે. એપ્રિલના મહિનામાં આપણે, ભારતની બે મહાન વિભૂતિઓનો જન્મદિવસ મનાવીએ છીએ. આ બે મહાપુરુષ છે- મહાત્મા જ્યોતિબા ફૂલે અને બાબાસાહેબ આંબેડકર. આ બંને મહાપુરુષોએ સમાજમાં ભેદભાવ દૂર કરવામાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે. આવતા મહિને, ‘મન કી બાત’ના સોમા (100મા) હપ્તામાં, આપણે લોકો, ફરી મળીશું, ત્યાં સુધી મને વિદાય આપો. ધન્યવાદ. નમસ્કાર.. ●

## સાબરકાંઠાના ગ્રામજનો સાથે ‘મન કી બાત’ની ૯૯મી શ્રૃંખલા સાંભળતા CM

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રેડિયો કાર્યક્રમ ‘મન કી બાત’ની ૯૯મી કડીનું શ્રવણ તાજેતરમાં સાબરકાંઠાના કાંકણોલના ગ્રામજનો સાથે બેસીને કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી તેમના રૂટિન ગ્રામીણ પ્રવાસમાં કાંકણોલ પહોંચ્યા હતા અને તેમની પ્રાકૃતિક સહજતાથી ગ્રામજનો સાથે આ કાર્યક્રમ સાંભળવા સામાન્ય શ્રોતાજનની જેમ ગ્રામજનો બેસતા કાંકણોલના ગ્રામજનો મુખ્યમંત્રીશ્રીની સૌમ્યતા અને મૃદુતાથી પ્રભાવિત થયા હતા.

‘મન કી બાત’ના એપિસોડમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશવાસીઓને લોકોની સહાય માટે પોતાનું જીવન ન્યોચ્છાવર કરતા લોકો, અંગદાન, નારીશક્તિ, સ્વચ્છ ઊર્જા, એક ભારત શ્રેષ્ઠ ભારત, એકતા સહિતના વિષયો પોતાના વિચારો રજૂ કર્યા હતા.



આ અવસરે સાબરકાંઠાના સાંસદ શ્રી દીપસિંહ રાઠોડ, રાજ્યસભા સાંસદ શ્રીમતી રમીલાબહેન બારા, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, ઉચ્ચ અધિકારીશ્રીઓ, તથા ગ્રામજનો અને આગેવાનો જોડાયા હતા. ●

# ૪૯મી ડેરી ઇન્ડસ્ટ્રીઝ કોન્ફરન્સ સંપન્ન




ગ્રામીણ અર્થતંત્રને ગતિ આપવા સાથે લાખો લોકોની રોજી-રોટી અને આજીવિકા સાથે સંકળાયેલું મુખ્ય સાધન એટલે ડેરી ઉદ્યોગ. આજે ગુજરાતના ગામે-ગામે દૂધ મંડળીના માધ્યમ સાથે ગામડાના નાગરિકો જોડાયેલા છે. ડેરી ઉદ્યોગ થકી ગ્રામીણ અર્થતંત્રને વેગ મળી રહ્યો છે. કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે તાજેતરમાં ૪૯મી ડેરી ઈન્ડસ્ટ્રી કોન્ફરન્સ યોજાઈ હતી. ઈન્ડિયન ડેરી એસોસિયેશનના ઉપક્રમે આયોજિત આ કોન્ફરન્સમાં દેશભરના ૨૭૦૦થી વધુ ડેરી ઉદ્યોગકારો-સંગઠનો સહભાગી થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે આ અવસરે ડેરી ઉદ્યોગ-પશુપાલન અને દૂધ સંપાદન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા ૧૦ જેટલા વ્યક્તિવિશેષને એવોર્ડ્સથી સન્માનિત કર્યા હતા.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ભારત માટે ડેરી ઉદ્યોગ ગ્રામીણ અર્થવ્યવસ્થા, રોજગારી અને મહિલા સશક્તીકરણ જેવા બહુહેતુક આયામો માટેનો પાયો છે. ભારત દેશની આઝાદી પછી અત્યાર સુધી ડેરી ઉદ્યોગે દેશના વિકાસ માટે મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેઓએ સહકાર મંત્રી તરીકે કૃષિ અને કિસાનોની સમૃદ્ધિ માટે સહકારી ડેરીઓએ આપેલા યોગદાન માટે ગર્વની લાગણી વ્યક્ત કરી હતી.

તેમણે કહ્યું હતું કે, સહકારી ડેરીઓએ દેશની ગરીબ મહિલાઓને આત્મનિર્ભર અને આર્થિક સક્ષમ બનાવવાનું કામ કર્યું છે. આઝાદી પછી પ્રથમ વખત "સહકાર સે સમૃદ્ધિ" ધ્યેયમંત્રને સિદ્ધ કરવાના હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અલગ સહકાર મંત્રાલયની સ્થાપના કરી છે.

કેન્દ્રીય મંત્રી શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે, ડેરી અને પશુપાલન ક્ષેત્રનું દેશના જી.ડી.પી.માં ૪.૫ ટકા યોગદાન છે, તો કૃષિ જી.ડી.પી.માં ડેરી ક્ષેત્રનું યોગદાન ૨૪ ટકા છે. સમગ્ર વિશ્વમાં કૃષિ ક્ષેત્રમાં ડેરી ક્ષેત્રનું સૌથી વધુ યોગદાન માત્ર ભારતમાં જ છે.

ડેરી ઉદ્યોગ ભારતની મજબૂત અર્થવ્યવસ્થાનો ભાગ છે. અંદાજે ૯ કરોડ ગ્રામીણ પરિવાર ડેરીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. દુનિયામાં ભારત દેશ સૌથી વધુ દૂધ પ્રોસેસ કરે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડેરી ક્ષેત્રની સાચી તાકાત નાના ખેડૂતો અને પશુપાલકો છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કરતાં કહ્યું કે, ગ્રામીણ જનજીવનનો મુખ્ય આધાર જ કૃષિ, પશુપાલન અને દૂધ ઉત્પાદન છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં ૪,૫૦૦ જેટલી દૂધમંડળીઓ મહિલા સંચાલિત છે. દેશના કુલ દૂધ સંપાદનના ૩૦ ટકા ઉત્પાદન ગુજરાત કરે છે, તેમજ અંદાજે ૧૫૦ કરોડ રૂપિયા રોજ દૂધ ઉત્પાદકોને ચૂકવાય છે. આ કાર્યક્રમમાં સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિત દેશભરના ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## દર્દીઓનાં સગાં માટે 'નિ:શુલ્ક આહાર કેન્દ્ર'નો શુભારંભ

ગાંધીનગર ખાતે દર્દીઓનાં સગાં-સબંધીઓને કેમ્પસમાં જ ગુણવત્તાયુક્ત ભોજન મળી રહે તેવા ઉમદા હેતુથી 'નિ:શુલ્ક આહાર કેન્દ્ર'નો તાજેતરમાં કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય મંત્રી શ્રી શાહે ભોજનશાળાની રૂબરૂ મુલાકાત કરી તેમાં તૈયાર કરવામાં આવતા ભોજન સહિતની વિવિધ સુવિધાઓનું તલસ્પર્શી નિરીક્ષણ કરીને દર્દીઓના સગાઓ સાથે સંવાદ કર્યો હતો.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી તુલસી વલ્લભ નિધિ દ્વારા શરૂ કરાયેલા આ નિ:શુલ્ક ભોજન કેન્દ્રમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સગા-સબંધીઓને સપ્તાહ દરમિયાન બે ટાઈમ અનલિમિટેડ પૌષ્ટિક ભોજન મળી રહેશે. નિ:શુલ્ક આહાર કેન્દ્ર લોકાર્પણ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન પટેલ, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, સિવિલ હોસ્પિટલના તબીબો-કર્મચારીઓ સહિત દર્દીઓના સગાઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## 'ભારત પ્રથમ'ના મંત્રને ચરિતાર્થ કરવા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીનું આહ્વાન



શિક્ષણનો ઉદ્દેશ કારકિર્દી ઘડવાની સાથે એક ઉત્તમ માનવી બનાવવાનો અને તેના થકી જનસેવાનો રહેલો છે. તાજેતરમાં ગાંધીનગર ખાતે ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના ચતુર્થ દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેલા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ૩૧૮ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી હતી. આ સમારોહમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર તથા સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે દીક્ષાર્થીઓને આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ની આ બેચ અમૃત મહોત્સવની બેચ તરીકે ઓળખાશે, જે આઝાદીના અમૃતકાળ દરમિયાન આવનારાં ૨૫ વર્ષોમાં વ્યક્તિગત વિકાસની સાથે સાથે સમાજ-રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપશે. મંત્રી શ્રી શાહે નવી શિક્ષણ નીતિ વિશે જણાવ્યું હતું કે, નવી શિક્ષણ નીતિ-૨૦૨૦માં આજના યુવાનને 'ગ્લોબલ સિટિઝન' બનાવવાની વિભાવના રહેલી છે તથા આ નીતિમાં એક્ટિવિટી બેઝ્ડ લર્નિંગ પર વધુ ભાર મુકાયો છે, જે ભારતના યુવાનને વિશ્વના કોઈ પણ મંચ પર ઊભો રહેવા સક્ષમ બનાવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ તૈયાર થયેલી નવી શિક્ષણ નીતિ-૨૦૨૦માં ભવિષ્યના ભારતની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. તેમજ આ શિક્ષણ નીતિમાં માતૃભાષા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. તબીબી અને તકનિકી શિક્ષણ પણ માતૃભાષામાં આપવું જોઈએ તથા જરૂર પડ્યે માતૃભાષાના શબ્દકોશને પણ વિસ્તૃત કરવો જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ ડૉ. હસમુખ અઢિયાએ જણાવ્યું હતું કે, આ યુનિવર્સિટીનો દીક્ષાંત સમારોહ 'સારસ્વત ફેસ્ટિવલ' છે, અહીં વિદ્યાર્થીઓને પોતાની વ્યક્તિગત સિદ્ધિઓ બદલ સન્માનિત કરવાની સાથે સાથે સમાજ અને રાષ્ટ્રની જવાબદારીથી જાગૃત કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રીઓ, વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી પ્રો. રમાશંકર દુબે, રજિસ્ટ્રાર શ્રી એચ. બી. પટેલ, દીક્ષાર્થીઓ અને તેમના વાલીઓ તથા વિશ્વવિદ્યાલયના અધ્યાપકો-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## વિદ્યાર્થીઓને તેમના જ્ઞાનનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કરવા અપીલ

વડોદરામાં તાજેતરમાં એમ.એસ.યુનિવર્સિટીનો ૭૧મો પદવીદાન સમારોહ યોજાયો હતો. જેમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, ઉચ્ચ શિક્ષણમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને યુનિ.નાં કુલાધિપતિ શ્રીમતી શુભાંગિનીદેવી ગાયકવાડની ઉપસ્થિતિમાં ૭૭ વિદ્યાર્થીઓને ૧૧૫ સુવર્ણચંદ્રક અને ૧૧૪ વિદ્યાર્થીઓને ૧૮૭ સુવર્ણચંદ્રક સહિત ૧૯૧ વિદ્યાર્થિઓને કુલ ૩૦૨ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. આ પદવીદાન સમારોહમાં કુલ ૧૪,૭૬૧ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

આ અવસરે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલયના નવનિર્મિત એમ.આર.આઇ.ડી. ભવનનું ડિજિટલી લોકાર્પણ કર્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે વિદ્યાર્થીઓને સંબોધતાં વધુમાં જણાવ્યું હતું કે, અહીંથી તમે લીધેલી શિક્ષા-દીક્ષાનો ઉપયોગ સમાજને આગળ લઈ જવા માટે કરવો જોઈએ. ભાષાકીય લઘુતાગ્રંથિમાંથી બહાર આવી પોતાની માતૃભાષાને હંમેશાં યાદ રાખવા તેમણે અનુરોધ કર્યો હતો. આઝાદીના અમૃતકાળમાં દેશનું નેતૃત્વ યુવાઓના હાથમાં હશે, ત્યારે જીવનમાં ભારત પ્રથમ અને વિશ્વમાં તમામ ક્ષેત્રમાં ભારત સર્વપ્રથમ હશે તે માટે સંકલ્પબદ્ધ થવા તેમણે અનુરોધ કર્યો હતો.

શ્રી શાહે વિદ્યાર્થીઓને સયાજીરાવનાં શાસનસૂત્રો (માઇનર હિંટ) અવશ્ય વાંચવાનો આગ્રહ કરી સયાજીરાવના સુશાસન પ્રણાલીની ઉદાહરણો સાથે સમજ આપી તેમના સુશાસનનાં કાર્યોનું સંસ્મરણ કર્યું હતું.

ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવતાં ઉચ્ચ શિક્ષણમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, માત્ર ડિગ્રી કામ નહીં આવે, પરંતુ ગુણવત્તા અને આવડત જ દેશ અને રાજ્યને નવી દિશામાં લઈ જશે. આ પ્રસંગે મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણભાઈ શુક્લ, સાંસદ શ્રીમતી રંજનબહેન ભટ્ટ, ધારાસભ્યો સર્વશ્રી યોગેશભાઈ પટેલ, મનીષાબહેન વકીલ, કેયૂરભાઇ રોકડિયા, ચૈતન્યભાઇ દેસાઈ, શૈલેષભાઈ મહેતા, ચૈતન્યસિંહ ઝાલા, કુલપતિ ડૉ. વિજયકુમાર શ્રીવાસ્તવ, શિક્ષણવિદો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# જૂનાગઢમાં નવનિર્મિત કિસાન ભવન જનસમર્પિત





દેશભરના ખેડૂતોના હિત અને આર્થિક સમૃદ્ધિ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય સ્તરની ત્રણ નવી મલ્ટિ-સ્ટેટ સોસાયટીની સ્થાપના કરી છે. જે ગુજરાતના ખેડૂતો માટે ખૂબ ઉપયોગી બની રહેશે, તેમ કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જૂનાગઢની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું. શ્રી શાહે જૂનાગઢમાં રૂ. ૮ કરોડના ખર્ચે તૈયાર થયેલા કિસાન ભવનનું લોકાર્પણ સહિત સહકારી બેન્કના નવા ભવન અને પ્રાકૃતિક કૃષિ બજારનું ખાતમુહૂર્ત કર્યું હતું.

જૂનાગઢના ખેડૂતો અને ખેતી સાથે સંકળાયેલા પ્રકલ્પોના પ્રજાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, એક મલ્ટિ સ્ટેટ સોસાયટી ખેડૂતો પાસેથી તેમના ઉત્પાદનો લેશે અને ખેડૂતોને નફો આપશે. ઉપરાંત ખેડૂતો ઘર બેઠાં પોતાના ઉત્પાદનો દેશ તથા વિદેશની બજારોમાં વેચી શકે, નિકાસ કરી શકે તે માટે પણ રાષ્ટ્રીય સ્તરની સહકારી સોસાયટીની રચના કરી છે. આ સોસાયટી એક્સપોર્ટ હાઉસ તરીકે સેવા આપશે અને ખેડૂતોને નફો મળશે. દેશની દરેક પંચાયતમાં કો-ઓપરેટિવ સેવા સહકારી મંડળી બનાવશે. જેમાં ખેત ઉત્પાદનો ઉપરાંત ડેરી અને મત્સ્ય ઉત્પાદનોનો પણ સમાવેશ કરાશે. આ માટે પેટાનિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ મંડળીની નોંધણી પંચાયત ખાતે થઈ શકશે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રીએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત દ્વારા વર્ષો પહેલાં ગુરુકુળમાં શરૂ કરાયેલી પ્રાકૃતિક ખેતીના પ્રયોગો અને ગુજરાતમાં અભિયાનનો ઉલ્લેખ કરી ખેડૂતો પ્રાકૃતિક ખેતીમાં જોડાઈ રહ્યા છે અને તેના ફાયદા પણ થઈ રહ્યા છે તેનો ઉલ્લેખ કર્યો હતો.

જૂનાગઢના યાર્ડમાં તો પ્રાકૃતિક ખેતીનાં ઉત્પાદનો માટે અલગ હરાજીની વ્યવસ્થાનો પ્રારંભ કરવા માટે સ્થાનિક પદાધિકારીઓને અભિનંદન પાઠવતાં કેન્દ્રીય મંત્રીશ્રીએ સહકારી માળખાને મજબૂત બનાવવા સાથે આગામી ૧૦ વર્ષમાં ખેડૂતની આવક બે ગણી નહીં, પણ અનેકગણી કરવાના મોદી સરકારના લક્ષ્યનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો.

આ પ્રસંગે કૃષિ પશુપાલન અને સહકાર મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતો સમૃદ્ધ અને આત્મનિર્ભર બને તે માટે રાજ્ય સરકારે વિવિધ કૃષિલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. ઉપરાંત, ખેડૂતોને સબસિડી પણ આપવામાં આવી રહી છે.

આ પ્રસંગે એપીએમસી જૂનાગઢ અને જિલ્લા સહકારી બેંકના ચેરમેન શ્રી કિરીટભાઈ પટેલ, એપેક્સ બેંકના ડિરેક્ટર શ્રી જશાભાઈ બારડ, ઇફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી, જે.ડી. સી.સી. બેંકના ચેરમેન શ્રી મનુભાઈ ખુંટી, ધારાસભ્યો સર્વ શ્રી જયેશભાઈ રાદડિયા, સંજયભાઈ કોરડિયા, દેવાભાઈ માલમ, ભગવાનજીભાઈ કરગઠિયા, પ્રદ્યુમનભાઈ વાજા, ભગવાનભાઈ બારડ તેમજ જૂનાગઢ જિલ્લા સહકારી બેંક અને એ.પી.એમ.સી. જૂનાગઢના હોદ્દેદારો અને ડિરેક્ટરો, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## નવયુવાનોને દેશસેવા માટે આગળ આવવા શ્રી અમિતભાઈ શાહનો અનુરોધ

ગાંધીનગર જિલ્લાનાં વિવિધ ગામડાંઓમાં જનસુખાકારીનાં વિવિધ વિકાસકાર્યોને જનસમર્પિત કરવા તથા નવાં કાર્યોનું ખાતમુહૂર્ત તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે કર્યું હતું. નારદીપુર ગામના નવનિર્મિત શ્રી હનુમાન તળાવ ઉદ્યાનનું લોકાર્પણ કરીને કેન્દ્રીય મંત્રી શ્રી શાહે જણાવ્યું હતું કે, નારદીપુર અને વાસણ ગામમાં તૈયાર થયેલા તળાવની જાળવણી કરવાની જવાબદારી ગામના નવયુવાઓએ લેવી જોઈએ. ગામના વિકાસમાં નવયુવાનો રસ લે તો ગામમાં વિકાસને નવી ઊંચાઈએ પહોંચાડી શકાશે. વર્તમાન રાજ્ય તથા કેન્દ્ર સરકાર સૌના સાથ, સૌના સહકાર સાથે કાર્ય કરી રહી છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે નારદીપુર ગામના શ્રી હનુમાન તળાવ ઉદ્યાનના નવીનીકરણ કામ તથા વાસણ ગામના તળાવનું ઈ-લોકાર્પણ કર્યું હતું. શ્રી શાહે એક જ દિવસમાં ગાંધીનગર જિલ્લાને રૂ.૮ કરોડથી વધુનાં વિકાસકાર્યોની ભેટ આપી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

## CMની ઉપસ્થિતિમાં ઘાટલોડિયાની અનુપમ શાળામાં બાળકોને દૂધ વિતરણ



અમદાવાદના ઘાટલોડિયામાં આવેલી અનુપમ (સ્માર્ટ) પ્રાથમિક શાળા નં.૨ ખાતે મ્યુનિસિપલ શાળાઓમાં દૂધ વિતરણ કાર્યક્રમ તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મ્યુનિસિપલ શાળાઓ સહિત અન્ય શાળાઓમાં 6,800 જેટલા વિદ્યાર્થીઓને દૂધ વિતરણનાં કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રીશ્રીના હસ્તે 7 બાળકોને પ્રતીકાત્મક દૂધ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત સોલા, ભાડજ, થલતેજ, શીલજ, જગતપુર, ગોતા, ઈન્દિરા આવાસ પ્રાથમિક શાળા શીલજ, ઘાટલોડિયા પ્રાથમિક શાળા નં ૨ અને ૩ સહિત વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને દૂધ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ દૂધ વિતરણ પ્રસંગે ધારાસભ્યો સર્વશ્રી અમિતભાઈ શાહ, જિતેન્દ્રભાઈ પટેલ, કૌશિકભાઈ જૈન ઉપરાંત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન, કાઉન્સિલરો, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ●

## રાજ્યમાં માર્ગ નિર્માણને સમયસર પૂર્ણ કરાશે

ગુજરાતના વિકાસની ધોરી નસ સમાન ધોરીમાર્ગોનું સતત નિર્માણ થઈ રહ્યું છે. રાજ્યના મહત્ત્વના ઔદ્યોગિક એકમોને ધોરીમાર્ગોથી સાંકળી લેવાનાં કાર્યો પ્રગતિ હેઠળ છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભરૂચ-દહેજ એક્સપ્રેસ-વે, વટામણ-પીપળી રોડ સહિતના પ્રૉજેક્ટ્સ ઝડપથી કાર્યરત થાય તેવા સમયબદ્ધ આયોજન માટે સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ GSRDC(ગુજરાત સ્ટેટ રોડ ડેવલેપમેન્ટ કોર્પોરેશન) ની ૯૮મી બોર્ડ મિટિંગ ગાંધીનગરમાં યોજાઈ હતી. મુખ્યમંત્રીશ્રીએ નિગમના ચેરમેન તરીકે GSRDC દ્વારા રાજ્યમાં ચાલી રહેલા વિવિધ પ્રૉજેક્ટ્સની પ્રગતિની તેમજ નવા પ્રૉજેક્ટની અદ્યતન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરતાં આ દિશાનિર્દેશો આપ્યા હતા.

માર્ગ-મકાન સચિવ શ્રી સંદીપ વસાવા તથા GSRDCના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ.કે.પટેલે મુખ્યમંત્રીશ્રી સમક્ષ નિગમના વિવિધ પ્રૉજેક્ટ્સ અને અન્ય કામગીરીનું પ્રેઝન્ટેશન પ્રસ્તુત કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં GSRDCને આવકના અન્ય સ્રોત વિકસાવવા ઈનોવેટિવ ફાયનાન્સિંગ પર ઝોક આપવા પણ પ્રેરક સૂચન કર્યું હતું. આ બેઠકમાં GSRDCના ડિરેક્ટરશ્રીઓ પણ સહભાગી થયા હતા. ●



## સોલાના ઓક્સિજન પાર્કમાં વૃક્ષારોપણ

અમદાવાદમાં સોલા ખાતે નિર્માણાધીન ઓક્સિજન પાર્ક ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. મુખ્યમંત્રીશ્રીએ વડના વૃક્ષનો છોડ રોપીને પાણી સીંચીને પ્રકૃતિ જતનના આ ઉમદા કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સોલા ખાતે નિર્માણ પામી રહેલા ઑક્સિજન પાર્કમાં 6,800 જેટલાં વૃક્ષો વાવવામાં આવશે, જે આસપાસના વિસ્તારના લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ વૃક્ષારોપણ પ્રસંગે ધારાસભ્યશ્રીઓ સહિત કાઉન્સિલરો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં

# સાથ, સહકાર અને સેવાના ૧૦૦ દિવસની ગરિમામય ઉજવણી



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ટીમ ગુજરાતે ૧૦૦ દિવસ પૂર્ણ કર્યા છે. ગાંધીનગરમાં સાથ, સહકાર અને સેવાના ૧૦૦ દિવસની ગરીમાપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ સાથ-સહકાર અને સેવાના ૧૦૦ દિવસ ઉજવણી પ્રસંગે જણાવ્યું હતું કે, નાનામાં નાના માનવીને પણ "આ ગુજરાત મેં બનાવ્યું છે"ની અનુભૂતિ સાથે વિકાસની મુખ્યધારામાં લાવ્યા છીએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપ અને દિશાદર્શનમાં ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે તેમાં સૌના સાથ, સહકાર અને પ્રજાની સેવા ભાવના સમાયેલી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉમેર્યુ હતું કે, 'ટીમ ગુજરાતે' જે વચનો આપેલાં તે મક્કમતાથી પાળી બતાવ્યા છે-જન જન સુધી વિકાસ પહોંચાડ્યો છે. "વચન પાળ્યા છે, પાળીશુ ગુજરાતનું માન-સન્માન વધારીશું" એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ કંડારેલા વિકાસ પથ પર અડગ નિર્ણયથી આપણે આગળ વધ્યા છીએ. પ્રજાએ બે દાયકાના વિકાસમાં વિશ્વાસ-ભરોસો મૂકીને અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વના સમર્થનથી આ વર્ષે ચૂંટણીઓમાં પ્રચંડ જનસમર્થન આપ્યું છે તેનો તેમણે ઋણ સ્વીકાર કર્યો છે. સમાજના છેવાડાના માનવીની ચિંતા કરીને આપણે બહુ આયામી વિકાસ આયોજન પાર પાડ્યાં છે. એટલું જ નહીં, પ્રજાહિતમાં કડક નિર્ણયો પણ લીધા છે. ભરતી પરીક્ષામાં ગેરરીતિ આચરનારા અને પેપર લીક કરનારા તત્વો સામે કડક કાનૂની કાર્યવાહીનું વિધેયક લાવ્યા છીએ તો, યાત્રાધામોમાં ગેરકાયદેસરના દબાણો દૂર કર્યા છે તથા દરિયાઇ સુરક્ષા સુદ્રઢ કરી છે અને માદકદ્રવ્યો સામે ઝિરો ટોલરન્સની નીતિથી ડ્રગ્સ વિરોધી ઝૂંબેશ પણ સફળતાથી આદરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, આરોગ્ય, શિક્ષણ અને સલામતી જેવા પાયાના ક્ષેત્રોમાં લોકહિત કામો સાથે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ૩૦ હજાર આવાસો, શ્રમિકોના વેતનમાં ૨૫ ટકાનો વધારો, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદાનો વધુ પાંચ લાખ લોકોને લાભ જેવા ગરીબ કલ્યાણલક્ષી નિર્ણયોથી આ સરકારે 'જે કહેવું તે કરવું'ની નેમ સાકાર કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને ડબલ એન્જીન સરકારના બેવડા વિકાસની નવી ગતિ મળી છે તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ૧૦૦ દિવસમાં ૯૦ હજાર કરોડ રૂપિયાના ઔદ્યોગિક રોકાણો માટેના એમ.ઓ.યુ. થયા છે, તેમજ ગ્રીન ગ્રોથને વેગ આપતાં કચ્છમાં ૪૦ હજાર કરોડનો ગ્રીન એમોનિયા પ્લાન્ટ સ્થાપવા માટે પણ એમ.ઓ.યુ થયેલા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અવસરે આગામી પાંચ વર્ષમાં વિકસિત-ઉન્નત-આત્મનિર્ભર ગુજરાતનું વિકાસ વિઝન પ્રસ્તુત કરતાં કહ્યું કે, ભારતને પાંચ ટ્રિલીયન યુ.એસ. ડોલરની ઈકોનોમી બનાવવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પમાં ગુજરાત અગ્રીમ યોગદાન આપવા સંકલ્પબદ્ધ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુજરાતે આવનારા પાંચ વર્ષમાં સર્વગ્રાહી વિકાસનો રોડમેપ પાંચ સ્તંભના આધારે અત્યારથી જ નક્કી કરી લીધો છે. આ પાંચ સ્તંભમાં ગરીબ અને જરૂરતમંદ વર્ગોની પાયાની સુવિધા-સોશિયલ સિક્યુરિટી માટે રૂપિયા બે લાખ કરોડની જોગવાઈ બજેટમાં કરી છે. આ ઉપરાંત હ્યુમન રિસોર્સીસ ડેવલપમેન્ટ માટે રૂ. ૪ લાખ કરોડ, વર્લ્ડકલાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માટે રૂપિયા પાંચ લાખ કરોડ, એગ્રીકલ્ચર, ઈન્ડસ્ટ્રી અને સર્વિસ સેક્ટરની આર્થિક પ્રવૃત્તિઓના વિકાસ માટે રૂપિયા બે લાખ કરોડ અને ગ્રીન ગ્રોથ માટે બે લાખ કરોડ રૂપિયા સુનિશ્ચિત કર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત નીતિ આયોગના અહેવાલ અનુસાર ફાયનાન્સિયલ મેનેજમેન્ટમાં રાજ્ય પ્રથમ ક્રમે છે અને આપણે દેશના જી.ડી.પી માં ૮.૩૬ ટકાના હાલના યોગદાનને ૧૦ ટકાએ લઈ જવા પણ પ્રતિબદ્ધ છીએ.

મુખ્યમંત્રીશ્રીએ ટીમ ગુજરાત તરીકે સરકારના પ્રતિનિધિઓ, અધિકારીઓ-કર્મયોગીઓ સાથે કર્તવ્યરત રહીને વિકાસ યાત્રા અવિરત રાખી અને ગુજરાતનો વિકાસ દેશ અને દુનિયા માટે પથદર્શક બને તેવું પ્રેરક આહ્વાન કર્યુ હતું. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ સાથ, સહકાર અને સેવાના ૧૦૦ દિવસ પુસ્તિકાનું વિમોચન કર્યુ હતું.

આ અવસરે સાંસદ શ્રી સી.આર.પાટિલ, રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ જિલ્લા મથકોએ જિલ્લા કલેકટરશ્રીઓ અને વહીવટીતંત્રના અધિકારીઓએ સહભાગી થયા હતો.●

# રાજ્યમાં 90 હજાર કરોડનાં રોકાણથી 65 હજારથી વધુ યુવાઓને રોજગાર મળશે



'આત્મનિર્ભર ગુજરાત'થી 'આત્મનિર્ભર ભારત' બનાવવા માટે ગુજરાતે કમર કસી છે. રાજ્યના વિકાસથી દેશના વિકાસમાં સહભાગી બનવાના મંત્ર સાથે રાજ્યમાં વિકાસની નવી કેડી કંડારવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યે વાઇબ્રન્ટ શ્રૃંખલાથી રાજ્યમાં રોકાણની નવી કેડી કંડારી છે. હવે તેનાથી આગળ વધીને વાઇબ્રન્ટ સિવાયના સમયગાળામાં પણ મોટા પ્રમાણમાં રાજ્ય સરકાર સાથે એમ.ઓ.યુ. કરીને દેશ અને વિદેશની કંપનીઓ ગુજરાતમાં તેમના ઉત્પાદન એકમો સ્થાપિત કરવા ઉત્સાહિત છે. આ રીતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા આહવાનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સાકાર કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

'આત્મનિર્ભર ગુજરાત થી આત્મનિર્ભર ભારત'ના નિર્માણની આ નેમને સાકાર કરતાં રાજ્ય સરકારે ઑક્ટોબર-૨૦૨૨માં મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં જાહેર કરેલી ''ધ આત્મનિર્ભર ગુજરાત સ્કિમ્સ ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ'' મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

આ યોજના અન્વયે રાજ્યમાં જુદાં-જુદાં સ્થળોએ ઉદ્યોગ શરૂ કરવા માટે વિવિધ ઉદ્યોગકારો અને રાજ્ય સરકાર વચ્ચે દર સપ્તાહના પ્રથમ દિવસ એટલે કે સોમવારે એમ.ઓ.યુ. કરવાનો નવતર ઉપક્રમ યોજાય છે.

આ યોજના અન્વયે છ તબક્કાઓમાં કુલ ૫૯ જેટલા MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આના પરિણામે ગુજરાતમાં કુલ ૯૦,૬૬૫ કરોડ રૂપિયાનું સૂચિત મૂડીરોકાણ આકર્ષિત થયું છે. આ ઉદ્યોગો શરૂ થવાથી ૬૫,૪૩૧ જેટલા લોકોને રોજગાર અવસર પણ આવનારા દિવસોમાં મળતા થશે. જે ક્ષેત્રોમાં અત્યાર સુધીમાં MoU થયા છે તેમાં કેમિકલ ક્ષેત્રે ૪૦ હજાર, એન્જિનિયરીંગ ક્ષેત્રે ૬ હજાર અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે પાંચ હજાર સૂચિત રોજગારીની તકો ઉપલબ્ધ થશે.

આ બહુવિધ એમ.ઓ.યુ. અન્વયે લિથિયમ-આયન બેટરી મટિરિયલ્સ એન્ડ એડવાન્સ ફાર્મા ઈન્ટરમિડિયેટ, ડેન્સ સોડા એશ, ફૂડ પ્રોસેસિંગ, સ્પેશ્યાલિટી કેમિકલ્સ, API, ક્રાફ્ટ એન્ડ ડૂપ્લેક્સ પેપર-બોર્ડ, પર્સનલ કેર માટેની સ્પેશ્યાલિટી પ્રોડક્ટ્સ વગેરે ક્ષેત્રોના ઉદ્યોગોમાં રોકાણો આવશે.

આ ઉદ્યોગો પોતાના ઉત્પાદન એકમો દ્વારા વર્ષ- ૨૦૨૫ સુધીમાં વ્યવસાયિક ઉત્પાદન શરૂ કરશે.

''આત્મનિર્ભર ગુજરાત સ્કિમ્સ ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ'' અન્વયે રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટે જર્મની, યુ.એસ.એ, યુ.કે, કુવૈત, મલેશિયા સહિતના અન્ય દેશોએ પણ એમ.ઓ.યુ. કરેલા છે.

આ અવસરે ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાની, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા તેમજ ઇન્ડેક્ષ્ટ-બી ના એમ.ડી. સુશ્રી મમતા હિરપરા અને વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાજ્યભરની જેલોમાં મેગા સર્ચનું મોનિટરિંગ કરતાં મુખ્યમંત્રીશ્રી

રાજ્યની જેલોમાં સરપ્રાઈઝ ચેકિંગ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આપેલી સૂચના અને માર્ગદર્શન હેઠળ તાજેતરમાં રાજ્યભરની 17 જેલોમાં એકસાથે મેગા સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ ચેકિંગની સમગ્ર પ્રક્રિયાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સી.એમ. ડેશબોર્ડથી અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટ્ર - ત્રિનેત્રથી મોનિટરિંગ કર્યું હતું.

આ ચેકિંગ પહેલાં મુખ્યમંત્રીશ્રીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી તમામ જિલ્લાના પોલીસ વડા તથા તમામ જેલના વડાઓ ઓનલાઈન જોડ્યા બાદ રાજ્યની ૧૭ જેલોમાં એક સાથે મેગા સરપ્રાઈઝ ચેકિંગ કામગીરી શરૂ કરવામાં આવી હતી. જિલ્લાના પોલીસ વડાની આગેવાનીમાં સંબંધિત જિલ્લાની પોલીસની ટુકડીઓ સાથે તમામ જેલોમાં આ ગુજરાત પોલીસની ટુકડીઓ દ્વારા બોડી વોર્ન કેમેરા સાથે સરપ્રાઈઝ ચેકિંગ કર્યું હતું.

રાજ્યના મુખ્યમંત્રીશ્રીના સીધા સુપરવિઝન હેઠળ રાત્રે તમામ જેલોમાં એક સાથે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું તે પૈકી મોટી જેલોમાં સવાર સુધી સર્ચ ચાલ્યું હતું. રાજ્યની જેલોમાં પ્રતિબંધિત વસ્તુઓની બદી નેસ્તનાબુદ કરવાની આ અભિયાન અંતર્ગત સમગ્ર મેગા સર્ચ ઓપરેશન દરમિયાન કેટલીક વાંધાજનક વસ્તુઓ મળી આવી હતી.

નોંધનીય બાબત છે કે, સમગ્ર દેશમાં કદાચ સૌ પ્રથમ વાર રાજ્યભરની જેલોમાં એકસાથે મેગા સરપ્રાઈઝ ચેકિંગ કરવામા આવ્યું હતું. આ સમગ્ર કામગીરી દરમિયાન માનવીય અભિગમ રાખી કેદીઓ સાથે વાર્તાલાપ કરી પોલીસની ટીમો દ્વારા તેમનું કાઉન્સિલિંગ પણ કરવામાં આવ્યું હતું. ●

# સુરત શહેરમાં રૂ. ૨૧૦ કરોડના જનસુખાકારીનાં વિકાસકાર્યોનું લોકાર્પણ





સુરત શહેરમાં નાગરિકોની સુખાકારી માટે મહાનગરપાલિકા દ્વારા સતત વિકાસકાર્યો કરવામાં આવી રહ્યાં છે. સુરત શહેર વિકાસલક્ષી કામગીરીમાં સમગ્ર રાજ્યમાં અગ્રેસર છે. સુરતને સ્માર્ટ અને સસ્ટેનેબલ બનાવવા માટે રાજ્ય સરકાર ઉપરાંત, મ્યુનિ.કોર્પોરેશન અને સુરતવાસીઓનો સહકાર સતત મળી રહ્યો છે. સુરત મહાનગરપાલિકાના રૂ.૧૭૪ કરોડ અને સુડાના રૂ.૩૬ કરોડ મળી કુલ રૂ.૨૧૦ કરોડના ખર્ચે વિવિધ વિકાસ પ્રકલ્પોનું વર્ચ્યૂઅલી ખાતમુહૂર્ત-લોકાર્પણ કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, નાણાંના અભાવે શહેરી વિકાસ અટકે નહીં, સુવિધાઓના નિર્માણ ખોરંભે ન પડે તેવી કાર્યશૈલી રાજ્ય સરકારે અપનાવી છે. વિવિધ યોજનાકીય ગ્રાન્ટ ફાળવવાની હોય કે બજેટમાં જોગવાઈ કરવાની હોય, સરકારે શહેરી વિકાસને હંમેશાં પ્રાધાન્ય આપ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ સુરત કોર્પોરેશન દ્વારા સુરત-ઓલપાડ રોડ પર જૂના સરોલી જકાતનાકા, જહાંગીરપુરા પાસે રૂ.૩૨ કરોડના ખર્ચે નવનિર્મિત ૩ લેનના રેલવે ઓવરબ્રિજને જનસમર્પિત કર્યો હતો.

આ કાર્યક્રમને વર્ચ્યૂઅલી સંબોધતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરોને સુવિધાયુક્ત અને સુખાકારીસભર બનાવવાની દિશા આપી છે. આપણાં શહેરોનું વેલપ્લાન્ડ ડેવલપમેન્ટ થાય અને વિકાસની હરોળમાં વૈશ્વિક શહેરોની સમકક્ષ ઊભાં રહે તેવું સુગ્રથિત આયોજન થઈ રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું. રાજ્યના વિકાસની સાથે શહેરીકરણ વધવું સ્વાભાવિક છે એ વાતનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આગામી પાંચ વર્ષમાં રાજ્યમાં વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માટે રૂ. ૫ લાખ કરોડનો ખર્ચ કરાશે.

અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટને રાજ્યમાં વેગવાન બનાવી 'વિકસિત શહેરો-નગરોથી ઉન્નત-વિકસિત ગુજરાત' બનાવવાની નેમ વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, શહેરો-મહાનગરોના આયોજનબદ્ધ વિકાસથી સ્માર્ટ સિટી બનાવવા સ્માર્ટ સિટી મિશનમાં રૂ.૫૪૭ કરોડની જોગવાઈ કરી છે.

આ પ્રસંગે વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા, ધારાસભ્ય સર્વશ્રી પૂર્ણેશભાઈ મોદી, વિનોદભાઈ મોરડિયા, પ્રવીણ ઘોઘારી, મ્યુ.કમિશનર શ્રી શાલિની અગ્રવાલ, મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલા, કોર્પોરેટરશ્રીઓ સહિતના મહાનુભાવો, શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ૧૧ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વર્ચ્યૂઅલ માધ્યમથી ૧૧ પ્રૉજેક્ટસનું ખાતમુહૂર્ત કર્યું હતું, જેમાં કતારગામમાં રૂ.૭૦.૬૯ કરોડના ખર્ચે અદ્યતન ઓડિટોરિયમ, રૂ.૫.૯૭ કરોડના ખર્ચે ઉધના, ચીકુવાડીમાં ૨૭ લાખ લીટરની પાણીની ટાંકી, રૂ. ૩ કરોડના ખર્ચે ઉધનામાં ૧૩.૫૦ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી, ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ ખાતે વાંચનાલય અને પાલિકાના વિવિધ જળ વિતરણ મથક, હેલ્થ સેન્ટર, ઝોન ઑફિસ અને કચેરી બિલ્ડિંગ્ઝ પર બે હજાર કિલોવૉટ ક્ષમતાના રૂફટોપ ગ્રિડ કનેક્ટેડ સોલાર પાવર પ્લાન્ટ, આદર્શ ઢોરડબ્બા સહિતના વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું.

## મનપા અને સુડાના ૧૦ પ્રૉજેક્ટ્સનું લોકાર્પણ

જૂના સરોલી જકાતનાકા, જહાંગીરપુરા પાસે ઓલપાડ-સુરતને જોડતા રૂ. ૩૨ કરોડના ખર્ચે નવનિર્મિત ૩ લેનના રેલવે ઓવરબ્રિજ ઉપરાંત, ડભોલીમાં રૂ.૬.૫૧ કરોડના ખર્ચે નવનિર્મિત ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાટર્સ, સ્મીમેરમાં લાઇબ્રેરી બિલ્ડિંગ સ્થિત કમ્પ્યૂટર લેબમાં રૂ. ૨૬ લાખના ખર્ચે ૬૫ વિદ્યાર્થીની બેઠકનું ફર્નિચરવર્ક, રૂ. ૨૦ લાખના ખર્ચે ભટારના ગોકુલનગરમાં હયાત આંગણવાડીમાં માળ વધારો તેમજ સુડાના નવા રોડ-રસ્તા, રોડ સ્ટ્રેન્થનિંગ, રિસર્ફેસિંગ અને વાઇડનિંગનાં કામોનું લોકાર્પણ થયું હતું. ●

# જી.આઇ.ડી.સી.ના વનસ્ટોપ કમ્પોડિયમનું વિમોચન



રાજ્યની ઉદ્યોગ સાનુકૂળ નીતિઓને કારણે આજે ગુજરાત રોકાણકારો અને ઉદ્યોગકારો માટે પસંદગીનું કેન્દ્ર બન્યું છે. રાજ્યમાં કાયદો વ્યવસ્થાની મજબૂત સ્થિતિ અને શાંતિને કારણે આજે રાજ્યમાં ઉદ્યોગ વ્યવસાયનો મોટા પ્રમાણમાં વિકાસ થયો છે. રાજ્યના વિવિધ વિસ્તારમાં સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન, એક સ્થળેથી તમામ મંજૂરીઓ જેવા ઉદ્યોગ જગતને મજબૂત કરતાં પગલાંને કારણે ગુજરાત ઉદ્યોગ ક્ષેત્રે અગ્રીમ ભૂમિકા ભજવી રહ્યું છે.

આ જ શ્રૃંખલામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસને વેગ આપતો નવતર અભિગમ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (જી.આઇ..ડી.સી.) મારફતે અપનાવ્યો છે. જે દ્વારા જી.આઇ.ડી.સી.ની પ્રિ-એલોટમેન્ટ, પોસ્ટ એલોટમેન્ટ અને જમીન શાખા એમ ત્રણ મુખ્ય શાખાના મહત્ત્વપૂર્ણ દસ્તાવેજોના સંકલન એવા કમ્પોડિયમનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે તાજેતરમાં ઉદ્યોગમંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ કમ્પોડિયમમાં ત્રણ મુખ્ય શાખાઓના મહત્ત્વપૂર્ણ પરિપત્રો, નીતિ-નિયમોની અદ્યતન માહિતી એક જ જગ્યાએથી મળતી થવાને પરિણામે હિતધારકોનો સમય બચશે અને કામકાજ સરળ બનશે. આ ઉપરાંત વિવિધ પરિપત્રોની લાગુ પડતી ગૂંચવણો દૂર થઈ જવાથી અરજીઓનો ઝડપી નિકાલ આવશે અને તેઓ પરિણામલક્ષી, અસરકારક પગલાં લઈ શકશે.

જી.આઇ.ડી.સી. દ્વારા ગુડ ગર્વનન્સ પહેલ હેઠળ ૧૭ ઓનલાઇન મોડ્યૂલ્સ વિકસાવવામાં આવ્યાં છે અને અત્યાર સુધીમાં ૯૫,૦૦૦થી વધુ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ પહેલ હેઠળ ૪ અરજીઓ આઈ.એફ.પી. સાથે સંકલિત કરવામાં આવી છે અને અત્યાર સુધીમાં ૩૫,૦૦૦થી વધુ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત તમામ ઓનલાઇન સેવાઓની પ્રક્રિયા ડિજિટલ હસ્તાક્ષર(ડી.એસ.સી.) દ્વારા કરવામાં આવે છે. ૩.૯૦ લાખથી વધુ ફાઈલોને સ્કેન કરીને ડિજિટલી લિન્ક કરવામાં આવી છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા ●

# નશામુક્ત ભારત-૨૦૨૩ અભિયાનનો પ્રારંભ

આબુરોડ સ્થિત બ્રહ્માકુમારીઝ મુખ્યાલય ખાતે રાજયોગિની દાદી રતનમોહિનીજીના ૯૯મા જન્મોત્સવ સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિતિ રહીને નશામુક્ત ભારત-૨૦૨૩નો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ લીલી ઝંડી આપી ૨૮ રાજયો અને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં નશામુક્તિ અભિયાનના પ્રદર્શનનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજયોગિની દાદી રતનમોહિનીજીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, આપ સ્વસ્થ રહી સૌનું આધ્યાત્મિક માર્ગદર્શન કરતા રહો એવી પરમ પિતા પરમાત્માને પ્રાર્થના કરું છું. તેમણે કહ્યું કે, બ્રહ્માકુમારીઝ સંસ્થા આધ્યાત્મિક માર્ગદર્શન, પર્યાવરણ સુરક્ષા અને સમાજસેવાનું કામ કરે છે. બ્રહ્માકુમારીઝ સંસ્થાના પ્રયાસોની સરાહના કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજયોગિની દાદી રતનમોહિનીજીના જન્મદિવસને સમાજ સેવાના અભિયાન સાથે મનાવવામાં આવી રહ્યો



છે એ સોનામાં સુગંધ સમાન છે. પૂજ્ય દાદીના પ્રયાસોથી હજારો લોકોને આધ્યાત્મિક માર્ગદર્શન મળ્યું છે તથા તેમની પ્રેરણાથી સમાજસેવામાં બ્રહ્માકુમારીઝ સંસ્થા ખૂબ મોટી જવાબદારી નિભાવી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને વિકસિત કરવા માટે યુવા શક્તિના યોગદાનને મહત્ત્વ આપ્યું છે. આપણું યુવાધન વ્યસનોથી દૂર રહી વિકસિત ભારતની અસલી તાકાત બને એ આપણા સૌનું દાયિત્વ છે. તેમણે પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે, બ્રહ્માકુમારીઝે આ દાયિત્વ નિભાવીને નશામુક્ત ભારત અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે. બ્રહ્માકુમારીઝે ભારત સરકાર સાથે નશામુક્ત ભારત અભિયાન માટે એમ.ઓ.યુ. કર્યા છે.

બ્રહ્માકુમારીઝ સંસ્થાના એડિશનલ ચીફ શ્રી બી. કે. મોહિની દીદીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સેવાભાવનાને બિરદાવી હતી. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ સંસ્થાના શ્રી બનારસીભાઈ, શ્રી કૈલાશ દીદી, શ્રી મૃત્યુંજયભાઈ, ડૉ.પ્રતાપજી સહિત સંસ્થાના અગ્રણીઓ અને દેશભરમાંથી ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ●

# કમોસમી વરસાદ બાદની સ્થિતિ અંગે મુખ્યમંત્રીશ્રીએ યોજી ઉચ્ચસ્તરીય બેઠક

રાજ્યમાં થયેલા કમોસમી વરસાદને પગલે સર્જાયેલી સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરવા તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જિલ્લા કલેક્ટરશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી હતી. જેમાં ખેતીવાડી ક્ષેત્રે થયેલા નુકસાની સહિત અન્ય નુકસાનની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી.

રાજ્યના અમરેલી, જૂનાગઢ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદથી રવીપાકોની ગુણવત્તાના નુકસાન સહિતના અન્ય નુકસાન તેમજ ઉનાળુ પાકો અને ફળાઉ પાકોના નુકસાનની પ્રાથમિક વિગતો મુખ્યમંત્રીશ્રીએ મેળવી હતી.

તેમણે સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીઓને તેમના જિલ્લાઓમાં થયેલા ખેતીવાડી નુકસાનનો પ્રાથમિક સરવે કરાવી લેવા પણ દિશાનિર્દેશો આપ્યા હતા. આ સંદર્ભમાં જિલ્લા કલેક્ટરશ્રીઓ દ્વારા પોતાના જિલ્લામાં પાક નુકસાન સહિતના નુકસાનીના




સરવે માટે ટીમને કાર્યરત કરી દેવામાં આવી છે તેની વિસ્તૃત વિગતો આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા કલેક્ટરશ્રીઓને માર્ગદર્શન આપતાં કહ્યું હતું કે, આ સરવેમાં કોઈને અન્યાય ન થાય તે રીતે સરવે કરીને નિયમાનુસારની ચૂકવણી માટે યોગ્ય કાર્યવાહી થાય તે આવશ્યક છે. તેમજ પાક સંરક્ષણ અંગે આગોતરું આયોજન કરવા પણ જિલ્લાના સમાહર્તાશ્રીઓને જણાવ્યું હતું. એટલુ જ નહીં, માનવમૃત્યુ કે પશુ જાનહાનિ ન થાય તે માટે સતર્ક રહીને સાવચેતી અને સલામતીનાં પગલાં લેવા તેમણે તાકીદ કરી હતી.

કમોસમી વરસાદ અન્વયે અગમચેતીના ભાગરૂપે પાક સંરક્ષણ માટે લેવાનાં થતાં પગલાં અંગે જિલ્લા કક્ષાએથી એગ્રી એડવાઈઝરી સ્થાનિક પ્રચાર માધ્યમોમાં આપીને ખેડૂતોને સમયાનુસાર હવામાન અંગેની જાણ થતી રહે તેવી વ્યવસ્થા કરવા મુખ્ય સચિવ શ્રી રાજકુમારે જણાવ્યું હતું.

આ વીડિયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાની તેમજ સંબંધિત વિભાગોના અગ્ર સચિવશ્રીઓ, સચિવશ્રીઓ અને રાહત કમિશ્નરશ્રી ઉપસ્થિત રહ્યા હતા. ●

# બેંગ્લોરમાં યોજાયો સદાકાળ ગુજરાત કાર્યક્રમ



દેશ અને દુનિયામાં જ્યાં જ્યાં પણ ગુજરાતી વસે છે, ત્યાં વિકાસમાં મદદગાર અને વિકાસના સંવાહક બન્યા છે, તેમ તાજેતરમાં કર્ણાટકના બેંગ્લોરમાં કર્ણાટક ગુજરાતી સમાજ અને ગુજરાત સરકારના બિનનિવાસી ગુજરાતી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'સદાકાળ ગુજરાત' કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં એન.આર.જી. પ્રભાગના રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, બેંગ્લોરના સાંસદ શ્રી તેજસ્વી સૂર્યા અને સાંસદ શ્રી પી.સી. મોહન તેમજ ગુજરાતી સમાજના અગ્રણીઓ સહભાગી થયા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગાંધીજી અને સરદાર પટેલ એમ ગુજરાતના બે સપૂતોની જોડીએ દેશને સ્વરાજ્ય અપાવ્યું હતું. તે જ રીતે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વર્તમાન સમયમાં દેશને નવી ઊંચાઈ પર લઈ જઈ રહ્યા છે. આજે ગુજરાત જે ઊંચાઈએ છે, તેમાં લોકોનો સહયોગ અને જનતા જનાર્દને વિકાસમાં મૂકેલો વિશ્વાસ છે. આ જ વિશ્વાસ, આ જ ભરોસો દેશની જનતાએ શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં મૂકીને તેમને દેશનું સેવાદાયિત્વ સોપ્યું છે.

ગુજરાત આજે ઔદ્યોગિક એકમો માટે જ નહીં, પ્રવાસીઓ માટેનું પણ ફેવરિટ ડેસ્ટિનેશન બન્યું છે. આ કાર્યક્રમમાં કર્ણાટક અને બેંગ્લોરમાં સ્થાયી થયેલા તથા વિવિધ ક્ષેત્રે સેવાપ્રદાન કરનારી ૧૫ વ્યક્તિઓનું આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ સન્માન કર્યું હતું.

આ 'સદાકાળ ગુજરાત' કાર્યક્રમમાં ગુજરાતી સમાજ કર્ણાટકના પ્રમુખ કાંતિભાઈ પટેલ તેમજ હોદ્દેદારો અને વિશાળ સંખ્યામાં ગુજરાતી પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. ●

## આંતરિક અને દરિયાઈ સુરક્ષા માટે યોજાયો પરિસંવાદ



ગુજરાત એક દરિયાઈ સીમા ધરાવતું રાજ્ય છે. આ સાથે, ભૂમિ માર્ગે પણ પાકિસ્તાન સાથે જોડાયેલું છે. ત્યારે રાજ્યની દરિયાઈ અને આંતરિક સુરક્ષા ખૂબ મહત્વની છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા તાજેતરમાં ઈન્ટર્નલ સિક્યુરિટી, કોસ્ટલ સિક્યુરિટી રિવ્યુ અને પર્સપેક્ટિવની એક દિવસીય સંયુક્ત પરિષદનું આયોજન કરવામા આવ્યું હતું.

આ પરિસંવાદમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં દરિયાઇ માર્ગેથી થતી માદક દ્રવ્યોની ઘૂસણખોરી સહિત રાષ્ટ્ર-રાજ્ય વિરોધી ગતિવિધિઓને રોકવાની રાજ્ય સરકારની સ્પષ્ટ પ્રતિબદ્ધતા દર્શાવી હતી. તેમણે કોસ્ટલ સિક્યુરિટી અને ઈન્ટરનલ સિક્યુરિટી માટે સંબંધિત વિભાગો વચ્ચે પરસ્પર સંકલન વધુ સુદ્રઢ કરવા સાથે ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગની પણ હિમાયત કરી હતી.

આ સંયુક્ત પરિષદમાં રાજ્યના દરિયાઇ વિસ્તારના જિલ્લાઓના પોલીસ અધિક્ષકશ્રીઓ, કલેકટરશ્રીઓ, ફિશરીઝ અને મહેસૂલીના અધિકારીઓ તેમજ એ.ટી.એસ. મરિન પોલીસ કમાન્ડોના અધિકારીઓએ સમગ્ર દિવસ દરમ્યાન વિવિધ સ્ટ્રેટેજિક વિષયોની ચર્ચા-મંથન કર્યાં હતાં.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત પોલીસની એ.ટી.એસ ના અધિકારીઓએ તાજેતરમાં એક વિદેશી બોટ દ્વારા એમ.ડી ડ્રગ્સની મોટા પાયે થતી ઘૂસણખોરી પકડી પાડી તે માટે અધિકારીઓનું પ્રશંસાપત્રથી સન્માન પણ કર્યું હતું.

આ બેઠકમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રની સુરક્ષામાં ગુજરાતની દરિયાઈ સીમા સુરક્ષા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે ત્યારે આ બેઠક ગુજરાતની કોસ્ટલ સિક્યુરિટીને વધુ મજબૂત બનાવવા તથા કોસ્ટલ સિક્યુરિટી ચેલેન્જીસને બારીકાઈથી સમજીને ક્યાંય સરહદી વિસ્તારની સલામતીમાં કચાશ ન રહે તે માટે વધુ ગંભીરતા દાખવવાના ઉદ્દેશ સાથે યોજાઇ હતી.

આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ.કે. રાકેશ, ડીજીપી શ્રી વિકાસ સહાય તેમજ વિવિધ એજન્સીના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ગુજરાત યુનિવર્સિટીના ક્લાઇમેટ ચેન્જ સેન્ટર ઓફ એક્સલન્સનો એક્શન પ્લાન તૈયાર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટીના ક્લાઈમેટ ચેન્જ સેન્ટર ઓફ એક્સલન્સની કામગીરીના એકશન પ્લાનનું ગાંધીનગરમાં વિમોચન કર્યુ હતું. આ એક્શન પ્લાન અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી મુખ્યત્વે પાંચ પ્રકારની કામગીરી કરવાની છે.

આ પાંચ કામગીરીમાં યુનિવર્સિટી ભવનો-કોલેજોમાં સસ્ટેઇનેબલ કેમ્પસ અન્વયે સૌર ઊર્જાનો વપરાશ વધારવા સાથે ઊર્જા કાર્યક્ષમતા અને વેસ્ટ મેનેજમેન્ટની કામગીરી હાથ ધરાશે. વેધર સ્ટેશનની સ્થાપના તેમજ અન્ય યુનિવર્સિટીઓ સાથે અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે ક્લાઈમેટ ચેન્જ વિષયને સ્પર્શતું કોલોબરેશન કરવામાં આવશે.

ઈન્ડસ્ટ્રી એકેડેમિયા પાર્ટનરશીપ અને યુનિવર્સિટીની બધી જ



વિદ્યાશાખામાં ક્લાઈમેટ ચેન્જ વિષયને અભ્યાસક્રમમાં આવરી લેવાની બાતનો પણ એકશન પ્લાનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતમાં જળવાયુ પરિવર્તનના પડકારો સામે રાજ્યની યુવાપેઢી સજ્જ થાય અને સંશોધન અભ્યાસ વગેરે થઈ શકે તેવા ધ્યેય સાથે વર્ષ ૨૦૨૧-૨૨ ના બજેટમાં રાજ્યની કોઈ એક સરકારી યુનિવર્સિટીમાં ક્લાઈમેટ ચેન્જ 'સેન્ટર ઓફ એક્સલન્સ' સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ હેતુસર દોઢ કરોડ રૂપિયા પણ ફાળવવામાં આવેલા હતા.

આ સંદર્ભમાં રાજ્યની બધી જ સરકારી યુનિવર્સિટીઓ પાસેથી મંગાવવામાં આવેલી દરખાસ્તોની ચકાસણી બાદ ગુજરાત યુનિવર્સિટીની ક્લાઈમેટ ચેન્જ સેન્ટર ઓફ એક્સલન્સ માટે પસંદગી કરવામાં આવી હતી. યુનિવર્સિટી દ્વારા છેલ્લાં ૧૦ વર્ષથી ક્લાઈમેટ ચેન્જનો અલાયદો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ એક્શન પ્લાનનું વિમોચન ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી શ્રી મૂળુભાઈ બેરા તથા રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## અમદાવાદમાં યોજાયો ડ્રોન ટેકનોલોજી વિષયક રાષ્ટ્રીય સેમિનાર



ડ્રોન ટેકનોલોજી એવું વિકસી રહેલું ક્ષેત્ર છે, જેમાં વિપુલ સંભાવનાઓ પડેલી છે. રાજ્ય સરકારે તેને પ્રોત્સાહન આપવા કૌશલ્યા યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ડ્રોન મારફતે વિવિધ તાલીમ પણ શરૂ કરવાનું આયોજન કર્યું છે. તાજેતરમાં અમદાવાદમાં નેશનલ કોન્ફરન્સ ઓન ડ્રોન ટેકનોલોજીનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારના શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટીના ઉપક્રમે ડ્રોન મંત્રા લેબનું ઉદઘાટન કર્યું હતું. ડ્રોન ટેકનોલોજીનો વ્યાપ ખેતર થી લઈને ખેલના મેદાન સુધી અને જરૂરિયાતના સમયે આપાતકાલિન વેળાએ લાઈફ સેવિંગ સુધી વિસ્તર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ડ્રોન એ દૂરસુદૂરના વિસ્તારોમાં સેવાઓની ડોર સ્ટેપ ડિલિવરીનું માધ્યમ બન્યું છે. આ કોન્ફરન્સમાં કેન્દ્રના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયના સચિવ શ્રી અતુલકુમાર તિવારી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. અંજુ શર્મા સહિત આ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## સાયન્સ સિટીમાં નિર્માણ પામશે ન્યૂક્લિયર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ગેલેરી



અમદાવાદ સ્થિત સાયન્સ સિટીના આકર્ષણોમાં વધુ એક નવું સિમાચિન્હ ન્યૂક્લિયર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ગેલેરીના નિર્માણથી ઉમેરાશે. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી અને ગુજરાત સરકારના સાયન્સ ટેક્નોલોજી વિભાગની ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી વચ્ચે આ ગેલેરીની સાયન્સ સિટીમાં સ્થાપના કરવા માટેના એમ.ઓ.યુ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં સંપન્ન કરવામાં આવ્યા હતા. મુખ્ય સચિવ શ્રી રાજકુમાર અને મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી પણ આ અવસરે જોડાયા હતા.

આ ન્યૂક્લિયર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ગેલેરીનું નિર્માણ સાયન્સ સિટીના પ્લેનેટ અર્થ પેવેલિયનમાં રૂ. ૧૦ કરોડની નાણાકીય સહાયથી હાથ ધરાશે અને તેનું નિર્માણ કાર્ય ૧૨ મહિનામાં પૂર્ણ થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. આ ન્યૂક્લિયર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ગેલેરીમાં પરમાણુ અને અણુ ઊર્જા ક્ષેત્ર સાથે સંબંધિત અને વિવિધ આધુનિક હાથ ધરાયેલા પ્રદર્શનો દર્શાવવામાં આવશે. એટલું જ નહીં, આ ગેલેરી પરમાણુ અને અણુ ઊર્જાની ભારતની આત્મનિર્ભરતા તરફની સફરને પણ પ્રદર્શિત કરશે. અહીં આ સફરની નાની શરૂઆતથી લઈને આ ક્ષેત્રમાં વર્લ્ડ પ્લેયર બનવા સુધીની પરિવર્તનકારી સફર પણ પ્રદર્શિત કરાશે. આ પ્રસંગે કેન્દ્રના સચિવ અને એ.ઇ.સી ના અધ્યક્ષ શ્રી કે.એન. વ્યાસ તેમજ રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલોજી સચિવ શ્રી વિજય નહેરા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## સકારાત્મક પત્રકારત્વ માટે બે મીડિયાકર્મીઓને આચાર્ય તુલસી સન્માન અર્પણ

સકારાત્મક અને રચનાત્મક પત્રકારત્વ તથા માનવ મૂલ્યોની ગરિમાની પ્રતિષ્ઠા માટેના પ્રયત્નો બદલ મીડિયાકર્મીઓને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં વર્ષ 2021 માટે શ્રી દીક્ષિત સોની અને વર્ષ 2022 માટે શ્રી મનીષ બરડિયાને આચાર્ય તુલસી સન્માન અર્પણ કરાયું હતું. આચાર્ય શ્રી મહાશ્રમણજીની પાવન ઉપસ્થિતિમાં આચાર્ય તુલસી મહાપ્રજ્ઞ વિચાર મંચ દ્વારા આયોજિત આ સન્માન સમારોહમાં રાજ્યસભાના ઉપસભાપતિ શ્રી હરિવંશ નારાયણ સિંહ અને વરિષ્ઠ પત્રકાર શ્રી વિશ્વનાથ સચદેવ પણ ઉપસ્થિત રહ્યા હતા. 'આચાર્ય તુલસી સન્માન' મેળવનાર શ્રી દીક્ષિત સોની અને શ્રી મનીષ બરડિયાને અભિનંદન આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું કે, આપણો ભારત દેશ સદીઓથી ધર્મ, અધ્યાત્મ અને સંત-ઋષિ પરંપરાની વિરાસત ધરાવતો દેશ છે ત્યારે વડાપ્રધાનશ્રીએ આ વિરાસતનું ગૌરવ કરવાનું આહ્વાન કર્યું છે. આ અવસરે ધારાસભ્ય શ્રી દર્શનાબહેન વાઘેલા તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●



## ગાંધીનગરમાં એગ્રો ફોરેસ્ટ્રી આધારિત FPO વર્કશોપ યોજાયો

# જીવસૃષ્ટિ માટે જંગલોનું જતન જરૂરી

જંગલો ઓછાં થવાથી પૃથ્વી પરનું સમગ્ર ઋતુચક્ર બદલાઈ ગયું છે. કમોસમી વરસાદ, અતિશય ગરમીનું ઊંચું તાપમાન, ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની માનવજીવનના સ્વાસ્થ્ય-તંદુરસ્તી પર અસર પડે છે. ક્લાઈમેટ ચેન્જની આ સમસ્યા સામે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગવા વિઝનથી ગુજરાતમાં દેશભરમાં સૌથી પહેલાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ શરૂ કર્યો હતો. વડાપ્રધાનશ્રીના આ વિચારને પગલે ગુજરાતમાં પણ આ વર્ષે બજેટમાં ગ્રીન ગ્રોથ માટે આવનારા પાંચ વર્ષ માટે બે લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવાનું આયોજન કર્યુ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલેની ઉપસ્થિતિમાં રાજ્યમાં વૃક્ષ આધારિત ખેતી કરતાં ખેડૂતોને આવક બમણી કરવાના અને જનભાગીદારી થકી પર્યાવરણના જતન માટે એગ્રો ફોરેસ્ટ્રી આધારિત FPOના વર્કશોપ યોજાયો હતો. વનવિભાગ આયોજિત આ વર્કશોપમાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા તેમજ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ પણ આ વર્કશોપમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પર્યાવરણપ્રિય લાઈફ સ્ટાઈલ રોજિંદા જીવનમાં અપનાવીને દરેક ક્ષેત્રે પર્યાવરણના વિચાર સાથે સંતુલિત વિકાસનું આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મિશન લાઈફની જે સંકલ્પના આપી છે તેને ઊર્જા, પાણી, વગેરેના વિવેકપૂર્ણ ઉપયોગ, પ્લાસ્ટિકના ઓછામાં ઓછા ઉપયોગ અને પ્રકૃતિ જતનને જીવનશૈલી બનાવી સૌ સાકાર કરીએ.

તેમણે જણાવ્યું હતું કે, રાજ્યના શહેરી વિસ્તારોમાં ૨૦ જેટલાં અર્બન ફોરેસ્ટ તૈયાર કરવા સાથે એગ્રો ફોરેસ્ટ્રીનો વ્યાપ વિસ્તારી આવનારાં વર્ષોમાં ૫,૭૫૦ ચોરસ કિલોમીટર વિસ્તારને તેમાં આવરી લેવાની નેમ છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ગુજરાતમાં વૃક્ષ આધારિત ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોને સન્માનપત્ર આપી સન્માનિત કર્યા હતા. જેમાં ખેડા જિલ્લાના આંત્રોલી ગામના ખેડૂત શ્રી દિનેશભાઈ પટેલ, દેવભૂમિ દ્વારકાના વેરાડ ગામના શ્રી સગુણાબેન ભાલુડિયા, ભરૂચના ભરથાણ ગામના શ્રી ગીરીશભાઈ પટેલ, નવસારીના પરૂજન ગામના શ્રી મહેન્દ્રભાઈ પટેલ તથા ડાંગ જિલ્લાના ભદરપાડા ગામના શ્રી ગમનભાઈ પટેલને પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિભાગ દ્વારા તૈયાર કરાયેલી શોર્ટ ફિલ્મ 'મિશન લાઈફ'નું મુખ્યમંત્રીશ્રી દ્વારા અનાવરણ કરવામાં આવ્યું હતું. વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરુણકુમાર સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૭૮ FPOની રચના દ્વારા અંદાજે ૩૬,૦૦૦ વૃક્ષોનું જતન કરવામાં આવે છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ભરૂચ કિસાન એગ્રો પ્રોડ્યુસર કંપની અને શ્રીજી કોર્પોરેશન વચ્ચે નિલગીરીના રોપા તૈયાર કરવા તેમજ આ ક્ષેત્રે વિવિધ ટેક્નૉલૉજીના વિકાસ માટે MOU થયા હતા.

આ ઉપરાંત, ભરૂચ સ્થિતિ ખેડૂત ઉત્પાદક સંઘ - FPO સાથે સંકળાયેલા પ્રગતિશીલ ખેડૂતોએ વૃક્ષ આધારિત ખેતી અંગે પોતાના અનુભવો આ પ્રસંગે ઉપસ્થિત સૌને વર્ણવ્યા હતા.

રાજ્યના વન વિસ્તાર અંગે માહિતી આપતું એક પ્રદર્શન પણ આ અવસરે યોજાયું હતું. જેમાં જંગલ વિભાગની વિવિધ કામગીરી અને યોજનાઓ અંગેની મહત્ત્વની વિગતો દર્શાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વન વિભાગના અધિકારીઓ-પદાધિકારીઓ તથા ખેડૂત ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. ●

### નવસારીના ખેડૂતનું બહુમાન

'આંતરરાષ્ટ્રીય વન દિવસ' નિમિત્તે તાજેતરમાં ગાંધીનગરમાં એગ્રોફોરેસ્ટ્રી આધારિત ખેડૂત ઉત્પાદક સંઘ(FPO)નો વર્કશોપ યોજાયો હતો. જેમાં નવસારીના ખેડૂત શ્રી મહેન્દ્રભાઈ પટેલને ખેતી વનીકરણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સન્માન કર્યું હતું. શ્રી મહેન્દ્રભાઈ પટેલએ ૧૨૪ હેક્ટરમાં નીલગીરી, નાળિયેરી, ખજૂરી, લીંબુ, જાંબુ, આંબા, ચીકુ, જમરૂખી, ફણસ જેવાં ફળોના ૪.૧૫ લાખ રોપાઓનું વાવતેર કરી એગ્રો ફોરેસ્ટ્રી ખેતીના ક્ષેત્રમાં વિશેષ સ્થાન હાંસલ કર્યું છે.



# બેટ દ્વારકાની સુરક્ષાની સર્વગ્રાહી સમીક્ષા કરતાં મુખ્યમંત્રીશ્રી



ગુજરાતના 1600 કિમી લાંબા દરિયાકાંઠા પર આવેલા અને દરિયાઈ સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વના એવાં બેટ દ્વારકાની તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ રૂબરૂ મુલાકાત લઈ ગેરકાયદે દબાણ દૂર કરવા અંગેની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે, મુખ્યમંત્રીશ્રીએ ઓખાથી બેટ દ્વારકા સુધીની દરિયાઈ સફર દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના ડ્રિમ પ્રોજેક્ટ સમા નિર્માણાધીન સિગ્નેચર બ્રિજના કામનું પણ નિરીક્ષણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં સ્થાપેલા સુરક્ષા, શાંતિ, સલામતીના મજબૂત પાયાને વધુ સુદ્રઢ રાખવા રાજ્ય સરકાર મક્કમ છે. વિકાસ કામોને આડે આવતી ગેરકાયદે દબાણ સહિતની ગેરકાયદે પ્રવૃત્તિઓ આગળ વધતી અટકાવાશે અને કાયદાકીય રીતે સખ્તાઈથી દૂર કરવામાં આવશે. લોકોની સલામતી અને સુરક્ષા માટે સરકાર કટિબદ્ધ છે અને આ દરિયાઇ પટ્ટા પર કોઈપણ પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિ ચલાવી લેવાશે નહીં. આ તમામ દરિયાકિનારાને સજ્જડ સુરક્ષિત કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દરિયાઇ માર્ગે થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ તથા માદક દ્રવ્યોની ઘૂસણખોરીના નિયંત્રણ માટે લેવાયેલ પગલાનું નિરીક્ષણ કરી દેવભૂમિ દ્વારકા જિલ્લાના હર્ષદ મંદિર વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમણે ગાંધવી-નાવદ્રા-ભોગાત વિસ્તારમાં રૂ. ૬.૧૩ કરોડથી વધુના મૂલ્યની ૧૪ લાખ ચોરસ ફૂટથી વધુની જમીન ખુલ્લી કરવા બદલ જિલ્લાના વહીવટી તંત્રની સરાહના કરી હતી.

આ મુલાકાત વેળાએ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, સમુદ્રતટીય વિસ્તારોની આંતરિક અને બાહ્ય સલામતી અને સુરક્ષા માટે કડક પગલાં લેવાઈ રહ્યા છે. ગેરકાયદેસર દબાણો પર લોકહિતમાં કાર્યવાહી કરવામાં આવી છે અને કડક પગલાં લેવામાં આવ્યા છે. દરિયાઈ પટ્ટી પર કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવી લેવાશે નહીં.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી પબુભા માણેક, પોલીસ મહાનિદેશક શ્રી વિકાસ સહાય, જિલ્લા કલેક્ટર શ્રી એમ.એ.પંડ્યા, પોલીસ અધિક્ષક શ્રી નીતીશકુમાર સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન એ આજના સમયની માગ

વિશ્વના લોકપ્રિય નેતા અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં આપણો દેશ અને ગુજરાત વિશ્વના પ્રવાહો સાથે કદમથી કદમ મિલાવીને વિકાસ રાહે દોડતા થયા છે. તાજેતરમાં અનંત યુનિવર્સિટી ખાતે યોજાયેલા 'ફ્યુચર ઓફ લર્નિંગ: ઈન્ટરનેશનલ ડિઝાઈન કોલેબોરેટિવ'ના સમાપન- સત્ર માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ટેક્નોલોજી એટલી ઝડપે બદલાઈ રહી છે કે આજની શોધ આવતીકાલે જૂની થઈ જાય છે. ફ્યુચર લર્નિંગ કેવું હોય, તેની સામેના પડકારો શું છે, તેના ઉપાયો શું હોય, તેનું સામૂહિક ચિંતન આ ચર્ચાસત્રમાં કરવામાં આવ્યું હતું. જે આજના સમયની માગ છે.




આ ચર્ચાસત્રમાં દેશ-વિદેશના ૩૦ જેટલા ડેલિગેટ્સ સામેલ થઈને વિચાર-મંથન કર્યું હતું. સંશોધનને સમયની માંગ ગણાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નવાં સંશોધનો આવિષ્કારોની ભરમાર આવે છે. જો તેની સાથે ના ચાલીએ તો પાછળ રહી જઈએ અને વિશ્વના પ્રવાહો સામે વામણાં લાગીએ. આપણો દેશ વિશ્વનો સૌથી યુવાન દેશ છે અને યુવાશક્તિના આ 'ડેમોગ્રાફિક ડિવિડન્ડ'ને સ્કીલફુલ બનાવી ભારતને વિશ્વગુરુ બનાવવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ છે.

ગુજરાતને શિક્ષણનું મુખ્ય કેન્દ્ર બનાવવાની નેમ સાથે આગળ વધતાં રાજ્ય સરકારે શિક્ષણ વિભાગના બજેટમાં વધારો કર્યો છે. જેનાથી રાજ્યમાં યુવાનોની તાલીમબદ્ધતા અને વર્લ્ડ ક્લાસ શિક્ષણના અવસરોને વેગ મળશે. આ ત્રિદિવસીય ચિંતન શિબિરમાં અમેરિકા, કેનેડા, સ્પેન, ઓસ્ટ્રેલિયા, કઝાકિસ્તાન, ઈરાક, કતાર, મોરેશિયસ વગેરે દેશોમાંથી પધારેલા મહેમાનો ઉપરાંત IIM અમદાવાદ જેવી શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત સામાજિક સંસ્થાઓ અને NGOના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગાંધીનગર ખાતે યોજાઈ આબોહવા પરિવર્તન વિષયક G-૨૦ની બેઠક





G-૨૦ ભારત માટેના સહ-અધ્યક્ષ અને પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના અધિક સચિવ શ્રી રિચા શર્મા દ્વારા પ્રારંભિક વક્તવ્ય સાથે બીજી પર્યાવરણ અને આબોહવા સ્થિરતા કાર્યકારી જૂથની બેઠકની શરૂઆત ગાંધીનગર ખાતે થઈ હતી. તેમણે G-૨૦ દેશો સાથે સહયોગ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્તાં જણાવ્યું હતું કે, આબોહવા પરિવર્તનને પહોંચી વળવા માટે સર્વસમાવેશક, સર્વસંમતિ આધારિત અભિગમ અને ક્રિયાઓને જોડવાની જરૂરિયાત છે. આ સાથે બ્રાઝિલને આગામી અધ્યક્ષતા સોંપતા પહેલા તેમણે મજબૂત પાયો બનાવવા માટેની ભારતની પ્રતિબદ્ધતાની પુનઃ પુષ્ટિ કરી હતી.

જળ સંસાધન, જળ શક્તિ મંત્રાલયના ખાસ સચિવ સુશ્રી દેબાશ્રી મુખર્જીએ સત્ર દરમિયાન કરવામાં આવેલી પ્રસ્તુતિઓએ સર્વગ્રાહી યુ.એન. લાંબાગાળાના વિકાસ ધ્યેયને હાંસલ કરવા માટે જળ સંસાધનોના કાર્યક્ષમ સંચાલનની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો. જળવાયુ પરિવર્તન, વસતિ વૃદ્ધિ અને પાણીની વધતી માંગ જેવા વૈશ્વિક જળ પડકારો, નમામી ગંગે યોજના, પ્રદૂષણના અસરકારક નિવારણ, આબોહવા, જળ સંગ્રહ/ડેમ પૂનર્વસન અને સુધારણા પ્રોજેક્ટ, સહભાગી ભૂગર્ભ જળ વ્યવસ્થાપન, જળ જીવનને અસરકારક રીતે પરિપૂર્ણ કરવા માટે એક સંકલિત સંરક્ષણ મિશન સહિતના વિષયો પર વિસ્તૃત વિગતો રજૂ કરી હતી. આ સાથે વર્ષઃ ૨૦૨૪ સુધીમાં સુરક્ષિત અને પર્યાપ્ત પીવાનું પાણી પૂરું પાડવું અને સ્વચ્છ ભારત - જળ સ્વચ્છતા અને સ્વચ્છતાના સાર્વત્રિકરણ અને તેની અસરો પરના પ્રોજેક્ટ પર વિષયવાર પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી.

આ સત્રમાં જલ જીવન મિશન અને અન્ય ભારતીય હસ્તક્ષેપોની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. તો ટકાઉ રાષ્ટ્રીય જળ વ્યૂહરચના વિકસાવવાની જરૂર પર ભાર મૂકવામાં આવ્યો હતો.

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના અધિક વન મહાનિર્દેશક શ્રી બિવાશ રંજને બીજા ટેકનિકલ સત્રમાં થયેલી ચર્ચાઓ તથા સહયોગી અને સર્વસંમતિથી ચાલતા અભિગમથી ભારતની અધ્યક્ષતા હેઠળ સૂચિત પરિણામોના વિકાસમાં સત્રમાં રજૂ થયેલા વિચારોનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે તેના પર પ્રકાશ પાડ્યો હતો.

સત્રના સહ-અધ્યક્ષ શ્રી નરેશ પાલ ગંગવારે પ્રાકૃતિક સંસાધનોના કાર્યક્ષમ અને ટકાઉ ઉપયોગ તરફ આગળ વધવા માટેની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. G-૨૦ દેશોના પ્રતિનિધિઓ અને અન્ય સહભાગીઓએ દરેક પેટા વિષયો પર જે ચર્ચા કરી અને સર્વસંમતિ નિર્માણ પ્રક્રિયા તરફ સર્વસમાવેશક અભિગમ કેળવ્યો છે તે ભવિષ્ય માટે ઉપયોગી બની રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

G-૨૦માં સહભાગી થવા પધારેલા મહેમાનોએ સવારના યોગ સત્રમાં પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પર્યાવરણની જાળવણી સાથે સંસાધનોને કેવી રીતે જાળવી શકાય અને ભાવિ પેઢી પણ સુધી તેના લાભ પહોંચતા રહે તે માટે સહભાગી દેશો દ્વારા જે સહિયારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તે અંગે માધ્યમો સાથેના ફળદાયી વાર્તાલાપ દ્વારા સત્રનો બીજો દિવસ પૂર્ણ થયો હતો. ●



## અટલબ્રિજની મુલાકાતે G-૨૦ ડેલિગેટ્સ

ગાંધીનગર ખાતે આયોજિત થયેલી પર્યાવરણ અને આબોહવા સ્થિરતા કાર્યકારી જૂથની બેઠકમાં સહભાગી થઇ રહેલા વિદેશી પ્રતિનિધિઓએ અમદાવાદની સાબરમતી નદી પર બનાવવામાં આવેલા આઇકોનિક અટલ બ્રિજની મુલાકાત લીધી હતી. વિદેશી મહેમાનોનું પરંપરાગત રીતે કુમકુમ તિલક કરી, ઢોલ-નગારાના નાદ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, G-૨૦ ની આ બેઠકમાં સભ્ય દેશોના ૧૩૦ પ્રતિનિધિઓ સાથે ૧૧ આમંત્રિત દેશો અને ૧૪ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના સભ્યો ભાગ લઇ રહ્યા છે. આ અદભૂત નજરાણાથી અભિભૂત થઇ બ્રિજના વિવિધ ભાગ પર ફરીને તેઓએ નદીના સૌંદર્ય સાથે અમદાવાદ શહેરને કચકડે કંડાર્યું હતું.

## અમૃત 2.0 મિશન અંતર્ગત રાજ્યની ૧૨ નગરપાલિકાનાં
# રૂ. ૧૩૪ કરોડનાં વિકાસ કામોને મંજૂરી



દેશનાં શહેરોનો સમગ્રતયા વિકાસ થાય તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. પાણી, ગટર અને રોડ રસ્તાથી આગળ વધીને શહેરમાં માનવ સુખાકારીમાં વૃદ્ધિ થાય તે પ્રકારની તમામ સગવડો ઊભી થાય તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી કાર્યરત કરાયેલા અટલ મિશન ફોર રિજૂવેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન- અમૃત 2.0નો ગુજરાતમાં વ્યાપકપણે સફળતાપૂર્વક અમલ થઈ રહ્યો છે.

તદ્અનુસાર, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન GUDM દ્વારા રાજ્યની ૧૨ નગરપાલિકાઓમાં પાણી પુરવઠા પ્રૉજેક્ટ્સ માટે રૂ. ૯૧.૯૨ કરોડ સહિત વિવિધ વિકાસ કામો માટે કુલ રૂ. ૧૩૪.૯૧ કરોડના કામોને તાજેતરમાં મંજૂરી આપવામાં આવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના નગરોમાં દરેક ઘરમાં નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાના ઉદ્દેશ્યથી શરૂ કરાવેલી અટલ મિશન ફોર રિજૂવેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન અમૃત-2.0 પ્રૉજેક્ટની રાજ્ય સ્તરીય ટેકનિકલ કમિટીની ગાંધીનગરમાં તાજેતરમાં મળેલી બેઠકમાં આ કામો મંજૂર કરવામાં આવ્યાં હતાં. GUDM દ્વારા આ બેઠકમાં પાણી પુરવઠા પ્રૉજેક્ટ્સ માટે રૂ. ૯૧.૯૨ કરોડ, તળાવ નવીનીકરણ માટે રૂ. ૩૩.૫૮ કરોડ અને ભૂગર્ભ ગટરના ૧ પ્રૉજેક્ટ માટે રૂ. ૮.૮૭ કરોડ તેમજ પાર્ક પ્રૉજેક્ટનાં રૂ. ૫૪ લાખનાં કામો મંજૂર કરવામાં આવ્યાં હતાં.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના દિશાદર્શનમાં રજૂ થયેલા વર્ષઃ ૨૦૨૩-૨૪ના બજેટમાં રાજ્ય સરકારે અમૃત 2.0 અંતર્ગત પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, વરસાદી પાણીના નિકાલ તથા તળાવોના વિકાસ વગેરે માટે રૂ. ૧,૪૫૪ કરોડની જોગવાઈ સુનિશ્ચિત કરી છે. GUDMની આ સ્ટેટ લેવલ ટેક્નિકલ કમિટીની બેઠકમાં મંજૂર થયેલાં વિકાસકામોમાં બજેટની આ નાણાકીય જોગવાઈઓ નવું બળ પૂરું પાડશે.

GUDM દ્વારા પાણી પુરવઠા પ્રૉજેક્ટ્સ માટે જે ૧૨ નગરપાલિકાઓને અનુમતિ આપવામાં આવી છે, તેમાં રાજુલા નગરપાલિકા માટે રૂ. ૧૫.૫૮ કરોડ, ઠાસરા નગરપાલિકા માટે રૂ. ૧૫.૬૧ કરોડ, બારડોલી નગરપાલિકા માટે રૂ. ૫.૦૫ કરોડ, વાપી નગરપાલિકા માટે રૂ. ૩૧.૧૫ કરોડ, સાવલી નગરપાલિકા માટે રૂ.૫.૪૯ કરોડ અને બોરિયાવી નગરપાલિકા માટે રૂ. ૧૯.૦૪ કરોડનો સમાવેશ થાય છે.

આ ૬ નગરપાલિકાઓને અપાયેલી પાણી પુરવઠા પ્રૉજેક્ટની મંજૂરીથી હાલની ૬.૫ લાખ તથા ભવિષ્યની અંદાજે ૧૦ લાખની જનસંખ્યાને લાભ મળવાનો છે. એટલુ જ નહીં, નવા ૧૪,૮૯૦ ઘરને જોડાણો પણ આપવામાં આવશે. GUDMની આ બેઠકમાં દ્વારકા, ગોધરા, ભરૂચ તેમજ મહેસાણાના તળાવોના નવીનીકરણના કુલ રૂ. ૩૩.૫૮ કરોડના પ્રૉજેક્ટસ મંજૂર થયા છે. આ મંજૂર થયેલા ૪ વોટર બોડી રિજૂવેશન પ્રૉજેક્ટ્સથી કુલ ૧.૩૦ લાખ ચોરસ મીટર વિસ્તારનાં તળાવોનો કાયાકલ્પ થશે. તળાવોમાં છોડવામાં આવતા ગટરના ગંદા પાણીને યોગ્ય રીતે વાળીને શુધ્ધિકરણ પ્લાન્ટ તરફ લઈ જવામાં આવશે.

વલસાડ નગરપાલિકાના રૂ. ૮.૮૭ કરોડના ભૂગર્ભ ગટર યોજના પ્રૉજેક્ટ્સને પણ GUDMની SLTCની બેઠકમાં મળેલી મંજૂરીને પરિણામે વલસાડના નવા વિકાસ પામેલા વિસ્તારોને પ્રૉજેક્ટ અન્વયે આવરી લેવાશે. વલસાડ નગરની ૯,૪૧૦ જેટલી જનસંખ્યાને આ ભૂગર્ભ ગટર યોજનાનો લાભ મળવા સાથે નવાં ૧,૫૭૦ ઘરને જોડાણો પણ આપવામાં આવશે. ●

# સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી સાપુતારા વચ્ચે ૯૫ કિ.મી લંબાઈનો રસ્તો બનાવાશે

રાજ્યમાં પ્રવાસન ઉદ્યોગને વેગવાન બનાવવા માટે વિવિધ સુવિધાઓ તથા નવાં -નવાં આકર્ષણો ઊભાં કરવામાં આવી રહ્યાં છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા એવી સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાતે દેશ-વિદેશના લાખો સહેલાણીઓ અને મુલાકાતીઓ આવે છે. બીજી તરફ, દક્ષિણ ગુજરાતના મહત્ત્વના હિલ સ્ટેશન એવા સાપુતારાની મુલાકાત લેનારા પર્યટકોની સંખ્યા પણ ખૂબ મોટી છે. ત્યારે રાજ્યના પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે આ બંને મહત્ત્વનાં પ્રવાસન સ્થળોને જોડતા ૯૫ કિલોમીટર લંબાઈના માર્ગના નિર્માણ માટે પ્રથમ તબક્કામાં રૂ. ૨૧૯.૧૭ કરોડના રસ્તાનાં કામો મંજૂર કરવામાં આવ્યાની વિગતો વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રૉજેક્ટ સમાન 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' દેશ - વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા એવી સ્ટેચ્યૂ ઓફ યુનિટીના ગુજરાતમાં નિર્માણથી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને વેગ મળ્યો છે. બીજી તરફ, સ્ટેચ્યૂ ઑફ યુનિટીની નજીક ગુજરાતનું મહત્ત્વનું હિલસ્ટેશન સાપુતારા પણ આવેલું છે. રાજ્યના આ પૂર્વ પટ્ટીના વિસ્તારમાં પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ આયોજનરૂપે પ્રવાસીઓની પરિવહન સુવિધામાં વધારો કરવા આ બંને પ્રવાસન સ્થળને જોડતા ૯૫ કિ.મી.ના રસ્તાનાં કામોને મંજૂર કરવામાં આવ્યાં છે. ●

# ગુજરાત ન્યાયતંત્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાબતે દેશભરમાં મોખરે



રાજ્ય સરકાર ન્યાયતંત્રને વધુ મજબૂત બનાવવા માટેની પ્રતિબદ્ધતાથી કામગીરી કરી રહી છે. પ્રજાને સરળતા અને સહજતાથી ન્યાય મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ન્યાયતંત્રને સુચારું ઈન્ફ્રાસ્ટ્રકચર, વાતાવરણ અને સંલગ્ન જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે તેમ કાયદા વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચામાં વિધાનસભામાં કાયદા મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું.

કાયદામંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, ન્યાયિક પ્રક્રિયા સરળ થાય અને વિવાદોનું ઝડપી નિરાકરણ આવે તે હેતુથી રાજ્ય સરકારે ૩૨ જિલ્લાઓ અને ૨૫૧ તાલુકા સ્તરે કોર્ટ કાર્યરત કરી છે. ન્યાયાધીશનું ૧,૫૮૨નું મહેકમ મંજૂર કર્યું છે. તે ઉપરાંત, આ વર્ષના બજેટમાં ડિસ્ટ્રિક્ટ જજની ૭૫ નવી જગ્યા ઊભી કરવામાં આવશે. એટલું જ નહીં, રાજ્યના ૨૫ જિલ્લાઓમાં એટ્રોસિટીની ૨૫ નવી કોર્ટ ઉપરાંત અમદાવાદ, કચ્છ, સુરત, બરોડા અને બનાસકાંઠા ખાતે પાંચ એન.ડી.પી.એસ.ની એસ્કલુઝિવ કોર્ટ ઊભી કરવામાં આવશે.

નેગોસિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટના કેસો માટે અમદાવાદ સિટી સિવિલ, રાજકોટ, સુરત અને બરોડા ખાતે બે-બે એસ્કલુઝિવ નેગોસિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ-૧૩૮ની એપેલેટ કોર્ટ, અમદાવાદ મેટ્રોપોલિટન કોર્ટ ખાતે ચેક બાઉન્સના કેસોની ૨૫ એસ્કલુઝિવ કોર્ટ આગામી વર્ષમાં સ્થાપવામાં આવશે.

હાલમાં કોમર્શિયલ કોર્ટના જાહેરનામામાં ફેરફાર થવાથી રૂ.૫૦ લાખ ઉપરની અપીલ નામદાર વડી અદાલતમાં થતી હતી, જે હવે ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં થશે. ઈઝ ઑફ ડુઈંગના ભાગરૂપે રાજકોટ, બરોડા, સુરત, અમદાવાદ, અમદાવાદ ગ્રામ્ય કોર્ટ મળી ૪ મોટા ન્યાયિક જિલ્લાઓમાં ત્રણ - ત્રણ કોમર્શિયલ કોર્ટ શરૂ કરવામાં આવશે. ૧૫ જેટલી નવી પોક્સો કોર્ટ કેસના ભારણના આધારે વિવિધ જિલ્લામાં ઊભી કરવામાં આવશે. આ બધા માટે વર્ષઃ ૨૦૨૩-૨૪ માટે રૂ. ૨,૦૧૪ કરોડની રકમની જોગવાઈ કરવામાં આવી છે.

ડિજિટલ ઈન્ડિયાના ભાગરૂપે કૉર્ટના રેકર્ડ ડિજિટલાઇઝ થવાને કારણે વડી અદાલત દ્વારા તા. ૨૪/૦૩/૨૦૨૦થી વિડીઓ કોન્ફરન્સિંગના માધ્યમથી કેસોની સુનાવણી શરૂ થઈ છે. હાઇકોર્ટ કાર્યવાહીનું 'યૂ ટ્યૂબ' પર જીવંત પ્રસારણ શરૂ કરવામાં આવી રહ્યું છે. જિલ્લા ન્યાયાધીશશ્રીઓની અદાલતોનું પણ જીવંત પ્રસારણ શરૂ કરવામાં આવ્યું છે. દેશભરમાં કોર્ટની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરનાર ગુજરાત હાઇકોર્ટ દેશની પ્રથમ વડી અદાલત છે. જિલ્લા કક્ષાએ અદાલતોની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવામાં ગુજરાત રાજ્ય પ્રથમ નંબરે છે

ગુજરાત રાજ્યની જનતાને સામાજિક રીતે સ્પર્શતા મુદ્દાઓના ચુકાદાઓ માતૃભાષામાં મળે તે માટે દરેક કાર્યકારી દિવસ દીઠ એક ચુકાદો ગુજરાતીમાં વડી અદાલતની વેબસાઇટ પર અપલોડ કરવાની શરૂઆત કરવામાં આવી છે. તાજેતરમાં જ કુલ રૂ. ૫૬૫ કરોડના ખર્ચે કોર્ટ બિલ્ડિંગ, ન્યાયિક કર્મચારીઓ માટેનાં મકાનોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. જેની નોંધ નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા પણ લેવામાં આવી છે. છેલ્લાં એકાદ વર્ષમાં નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે કુલ રૂ. ૨૬૩.૧ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ વર્ષના બજેટમાં પણ અમદાવાદ ખાતે હાઇકોર્ટ સ્ટાફ અને તાબાની અદાલતના કર્મચારીઓ માટે ૪૯૨ ક્વાટર્સ બનાવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. ●

# લોકોની સલામતીમાં ઉત્તરોત્તર વધારો કરવાનો મક્કમ નિર્ધાર



વિધાનસભા ખાતે ગૃહ વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજયના નાગરિકોની સુખાકારી, શાંતિ અને સલામતીમાં ઉત્તરોત્તર વધારો કરવાના મક્કમ નિર્ધાર સાથે રાજ્ય સરકાર સતત આગળ વધી રહી છે. અન્ય રાજ્યોની સરખામણીમાં ગુનાખોરીનું પ્રમાણ નહીંવત્ હોવાનું શ્રેય ગૃહ વિભાગની કામગીરીને જાય છે.

ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વ્યાજખોરો સામે પગલાં દ્વારા લોકજાગૃતિ માટે લોકદરબાર રાજ્યભરમાં કર્યા, જેનો લાભ ૧.૩૦ લાખ લોકોએ લીધો છે. જુદી જુદી બેંકની મદદથી રાજયના ૩૮ પોલીસ જિલ્લામાં લોનમેળાઓનું આયોજન કરી ૨૧,૯૭૮ લોકોને નહીંવત્ વ્યાજ દરથી રૂ.૨૬૨ કરોડની લોન અપાવવામાં આવી છે. સાઈબર ક્રાઈમની ગુન્હાખોરી ૨૧મી સદીમાં વધી રહી છે, આ ગુનાઓ માટે ૧૯૩૦ હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી છે, હેલ્પલાઈન દ્વારા ૧૨૨.૪૭ કરોડ રૂપિયા અરજદારના ખાતામાંથી ઊપડી જતાં પહેલાં બ્લોક કરાયાં છે. સાથોસાથ રૂ. ૩૫.૫૩ કરોડ અરજદારોને પરત કરાયા છે.

ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ એજન્સીઓએ એક-બીજાના પરામર્શમાં રહીને ડ્રગ્સ માફિયાઓ સામે અભિયાન ચલાવ્યું છે. ડ્રગ્સના ૨૫૧ કેસમાં ૭૮૫ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દઈને ૫.૪૩ લાખ કિ.ગ્રા. મોતનો સામાન પકડ્યો છે. જેની બજાર કિંમત રૂ.૫,૩૩૮ કરોડની છે. રાજ્યમાં એન.ડી. પી.એસ. ગુનાઓમાં ક્રાઇમ રેટ ૦.૭ છે. જે સમગ્ર દેશનાં તમામ રાજ્યોમાં (કેન્દ્રશાસિત પ્રદેશ સિવાય) સૌથી ઓછો છે. ●

# દર વર્ષે રાજ્યને નવા ૭ હજાર તબીબો મળશે



આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે અંદાજપત્રની માગણીઓ પર વિધાનસભામાં ચર્ચા કરતાં જણાવ્યું હતું કે, રાજ્યની આરોગ્ય સેવાઓને શહેરી વિસ્તાર પૂરતી સીમિત ન રાખીને ગ્રામ્ય સ્તર સુધી પહોંચાડવા માટે રાજ્ય સરકારે કટિબદ્ધતા સાથે કાર્ય કર્યું છે. વર્ષઃ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં નવી ચાર મેડિકલ કૉલેજની જોગવાઈ કરવામાં આવી છે. વધુમાં, ગત વર્ષની ત્રણ મેડિકલ કૉલેજની પણ આ વર્ષે મંજૂરી મળશે. આ તમામ પ્રક્રિયા પૂર્ણ થતાં આ વર્ષના અંત સુધીમાં રાજ્યમાં કુલ ૪૩ મેડિકલ કૉલેજ કાર્યરત થશે, જેના થકી રાજ્યમાં દર વર્ષે ૭,૦૦૦ જેટલા નવા ડૉક્ટર્સ મળશે. જેથી ગ્રામીણ સ્તરે પણ ઘરઆંગણે જ ઝડપથી આરોગ્યસેવાઓ પહોંચાડી શકાશે. રાજ્યમાં ઉપલબ્ધ ૮,૮૪૪ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, ૯,૨૩૧ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧,૪૭૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૩૫૪ અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૩૬૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૫૯ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, ૫૧૮ પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રોએ રાજ્યની ગ્રામ્ય સ્તરની આરોગ્ય વ્યવસ્થાઓને શ્રેષ્ઠતમ અને અસરકારક બનાવી છે.

રાજ્યમાં અમદાવાદ સિવિલ મેડિસિટીની તર્જ પર ઝોન પ્રમાણે સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ તૈયાર કરવામાં આવી રહી છે. જેમાં સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર ખાતે સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલમાં માળખાગત સુવિધાઓ, સેવાઓ, ઉપકરણો, રહેવા માટેની સગવડો અને હેલ્થકેર વર્કર્સના નિમણૂકની કામગીરી હાથ ધરવામાં આવી છે. જરૂરિયાતમંદ દર્દીઓને ઘરઆંગણે જ નિષ્ણાત તબીબોનું આરોગ્ય વિષયક માર્ગદર્શન મળી રહે તે માટે રાજ્યમાં ટેલિમેડિસિન અને ઇ-સંજીવની સેવા ઉપલબ્ધ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૫.૯૭ લાખ ટેલિકન્સલ્ટેશન અને ૯.૮૭ લાખ જેટલા નાગરિકોએ ઇ-સંજીવની ઓ.પી.ડી. નો લાભ મેળવ્યો છે.

ગુજરાત ડાયાલિસીસ પ્રોગ્રામ(GDP) હેઠળ રાજ્યમાં કાર્યરત ૨૭૨ ડાયાલિસીસ કેન્દ્રોના માળખાએ રાજ્ય અને રાજ્ય બહારથી કિડનીની સારવાર અર્થે ગુજરાતમાં આવતા દર્દીઓની તકલીફ દૂર કરવાનું કામ કર્યું છે. ગુજરાતમાં માતા મૃત્યુદર ૫૭ અને બાળ મૃત્યુદર ૨૩ એ પહોંચ્યો છે. રાજ્ય સરકારે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સથી માંડી વિવિધ તબક્કે સ્ક્રિનિંગથી સારવાર કાર્યક્રમ હાથ ધર્યો છે. જેના અંતર્ગત અત્યાર સુધીમાં ૨.૭૦ કરોડ લોકોનું સ્ક્રિનિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના અંતર્ગત રાજ્યના ૧.૭૩ કરોડ લાભાર્થીઓને આરોગ્ય સુરક્ષા વીમા કવચ મળ્યું છે. આ વર્ષે વીમાની રકમ રૂ. ૫ લાખ થી વધારીને રૂ. ૧૦ લાખ કરવાનો નિર્ણય ગંભીર અને જટિલ રોગોની સારવાર- સેવામાં કારગત સાબિત થશે. ●

# રાજ્યમાં ટેક્સ્ટાઈલ ક્ષેત્રે રૂ. ૩૫ હજાર કરોડનું મૂડીરોકાણ



છેલ્લા બે દાયકાથી ગુજરાત બેસ્ટ ચોઇસ ઓફ ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે. રાજ્યમાં શાંતિ, સલામતી અને ઉદ્યોગ પ્રોત્સાહક નીતિને પરિણામે દેશ-વિદેશના ઉદ્યોગકારો માટે ગુજરાત પ્રથમ પસંદ બન્યું છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે અનેક ક્ષેત્રે પ્રગતિ કરી છે. તેમાંનું એક ક્ષેત્ર એટલે રાજ્યનો ટેક્સ્ટાઈલ ઉદ્યોગ. પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે રાજ્યના કાપડ ઉદ્યોગ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગુજરાત ટેક્સ્ટાઈલ પૉલિસી-૨૦૧૨ અંતર્ગત કુલ ૧,૩૭૪ એકમોને મંજૂરી આપવામાં આવી છે. આ એકમો અંતર્ગત રૂ. ૩૫,૦૦૦ કરોડનું મૂડીરોકાણ આવ્યું છે. આ પૉલિસીથી ટેક્સ્ટાઈલ ક્ષેત્રે સંકળાયેલ એકમોને વિકાસ માટે વધુ તક મળી છે.

અમદાવાદ તેમજ રાજકોટ જિલ્લામાં ટેક્સ્ટાઈલ એકમોમાં વેટ/એસ.જી.એસ.ટી. સહાયની ચૂકવણી અંગેના પ્રશ્નના ઉત્તરમાં ઉદ્યોગમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યભરમાં રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુ રકમની સહાયની ચૂકવણી કરવામાં આવી છે. છેલ્લાં બે વર્ષ દરમિયાન અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્સ્ટાઈલ પૉલિસી-૨૦૧૨ હેઠળ ૧,૧૬૬ દાવા અરજીઓ આવી છે, જે અંતર્ગત રૂ. ૮૧૬.૦૬ કરોડની સહાયની ચૂકવણી કરવામાં આવી છે. આ જ રીતે રાજકોટ જિલ્લામાં ૫૪૨ અરજીમાં રૂ. ૨૧૪.૧૦ કરોડ સહાયની ચૂકવણી કરવામાં આવી છે. આ પૉલિસી હેઠળ રાજકોટ જિલ્લામાં ૧૩૦ એકમોને મંજૂરી આપવામાં આવી છે. જેનાથી રૂ. ૨,૩૩૦ કરોડનું મૂડીરોકાણ થયું છે.

ગુજરાત ટેક્સ્ટાઈલ પૉલિસી યોજનાના ઉદ્દેશ અંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કપાસ ઉત્પાદન કરતા ખેડૂતોનો વિકાસ વધારવાનો, દેશ અને આંતરરાષ્ટ્રીય બજારમાં રૂના ભાવની અનિશ્ચિત વધઘટ સામે ખેડૂતોને સક્ષમ બનાવવા, રાજ્યમાં મૂલ્ય સાંકળને મજબૂત બનાવવી, મૂલ્યવર્ધન અને ટેક્નૉલૉજી સંપાદન કરી સુરતમાં ઉત્પાદિત થતો માનવનિર્મિત અને કૃત્રિમ રેસા કાપડને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક બનાવવાનો છે. સ્પિનિંગના અભાવે રાજ્યના ખેડૂતો દ્વારા ઉત્પાદિત થતું રૂ દક્ષિણના રાજ્યોમાં મોકલવામાં આવતું હતું, પરંતુ રાજ્યના ટેક્સ્ટાઈલ પૉલિસી-૨૦૧૨નો ઉદ્દેશ ૨૫ લાખથી વધુ સ્પિન્ડલ સ્થાપવાનો હતો. જેની સામે ૪૬ લાખથી વધુ સ્પિન્ડલ સ્થાપિત કરવામાં આવ્યાં છે. ●

# છેવાડાના માનવી સુધી વિકાસનાં ફળ પહોંચતાં કરવા પંચાયત વિભાગ સજ્જ



પૂ. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે, સાચું ભારત ગામડામાં વસે છે. આજે દેશની મોટાભાગની વસ્તી ગામડામાં વસે છે. ગામ એ પંચાયતીરાજ વ્યવસ્થાનો પાયાનો એકમ છે. ત્યારે તેના વિકાસ માટે પંચાયતથી પાર્લમેન્ટ સુધી તેના વિકાસ માટેનું મનોમંથન કરવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર સતત જાગૃત, ચિંતનશીલ અને સંવેદનશીલ બનીને છેવાડાના માનવી અને વંચિતોના વિકાસ માટે અવિરત પ્રયાસ કરી રહી છે. પંચાયતીરાજ વ્યવસ્થા આશરે ૧૮,૦૦૦ જેટલાં ગામડાં સુધી વિસ્તરેલી છે. તેના સફળ સંચાલન માટે ૧૪,૫૭૫ ગ્રામ પંચાયતો, ૨૪૮ તાલુકા પંચાયતો તેમજ ૩૩ જિલ્લા પંચાયતો કાર્યરત છે.

**૧૫મું નાણાપંચ :** ૧૫મા નાણાપંચ થકી રાજ્યની ત્રણેય સ્તરની પંચાયતોને સર્વાંગી વિકાસની યાત્રામાં જોડીને ત્રિસ્તરીય પંચાયતી રાજવ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા સને ૨૦૨૩-૨૪ માટે રૂ. ૨,૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ રકમ પૈકી ૭૦% રકમ ગ્રામ પંચાયતને, ૨૦% રકમ તાલુકા પંચાયતને તેમજ ૧૦% રકમ જિલ્લા પંચાયતને મળનાર છે.

**સ્વસ્થ ગામ યોજના :** મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ગામડાંમાં 'ડોર ટુ ડોર' ઘન કચરાનું એકત્રીકરણ કરવા માટે વર્ષ: ૨૦૨૩-૨૪માં રૂ. ૧૭૫.૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**સમરસ યોજના :** અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ-૧૪,૬૬૯ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ છે. તે પૈકી ૭૬૮ ગ્રામ પંચાયતો મહિલા સમરસ જાહેર કરીને અત્યાર સુધીમાં રૂ. ૩૦૮.૩૨ કરોડની પ્રોત્સાહક રકમ આવી ગ્રામ પંચાયતોને આપવામાં આવી છે. આગામી વર્ષ: ૨૦૨૩-૨૪માં આ યોજના હેઠળ કુલ રૂ. ૨૦ કરોડની જોગવાઈ કરી છે.

**ગરીબ કલ્યાણ મેળા :** અત્યાર સુધીમાં કુલ ૧,૬૦૪ ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૧.૮૪ કરોડ લાભાર્થીને રૂ. ૩૫,૬૬૮ કરોડની નાણાકીય સહાય ચૂકવવામાં આવી છે. ચાલુ વર્ષે ૩૭ ગરીબ કલ્યાણ મેળામાં ૧૮.૬૯ લાખ લાભાર્થીને રૂ. ૪,૧૦૫ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ: ૨૦૨૩-૨૪ માટે રૂ. ૬.૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**પંચાયત ઘરનું નિર્માણ :** અત્યાર સુધીમાં કુલ ૧૩૦ તાલુકા પંચાયતો પૈકી ૯૮ તાલુકા પંચાયત અને ૧૫ જિલ્લા પંચાયત મકાનો પૈકી ૧૦ મકાનોનાં કામ પૂર્ણ થયાં છે. વર્ષ: ૨૦૨૩-૨૪માં રૂ.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**સોલર રૂફટોપ સિસ્ટમ :** વર્ષ: ૨૦૨૨-૨૩માં ૧૩ તાલુકા પંચાયત અને ૪ જિલ્લા પંચાયતનાં મકાનો ઉપર સોલાર સિસ્ટમ પૂરી લગાવવા વર્ષ: ૨૦૨૩-૨૪માં કુલ રૂ. ૯ કરોડની જોગવાઈ કરેલ છે.

**ઈ-ગ્રામ :** ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત રાજ્યનાં ૧૪,૧૮૧ ઈ-ગ્રામ સેન્ટર ખાતેથી ૩૨૧ ઈ-સેવાઓનું વિતરણ તથા અંદાજે ૪.૫૦ કરોડ ટ્રાન્ઝેક્શન ઈ-ગ્રામ સેન્ટર થકી થાય છે. વર્ષ: ૨૦૨૩-૨૪ માં રૂ. ૧૬૦ કરોડની જોગવાઈ કરી છે.

**મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના :** ગ્રામજનોનાં રોજબરોજનાં સરકારી કામો અટકે નહીં તે માટે તમામ તાલુકાની તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની ૧૦૦% જગ્યા ભરી દેવામાં આવેલ છે. વર્ષ: ૨૦૨૨-૨૩માં ૭,૫૪૨ કરાર આધારિત કર્મચારીઓને નિયમિત નિમણૂક આપવામાં આવી છે. ●

# દિવ્યાંગોની દરકાર કરતી દિવ્યાંગ લગ્ન સહાય યોજના



સાબરકાંઠામાં વર્ષ ૨૦૨૨માં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ ૩૪ અરજીઓ અંતર્ગત રૂ.૧૭ લાખ સહાય પેટે ચૂકવવામાં આવ્યાં હતા. દિવ્યાંગ લગ્ન સહાય યોજનાનો લાભ ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને નક્કી કરાયેલી દિવ્યાંગતાની ટકાવારી મુજબ આપવામાં આવતો હોવાનું સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયાએ વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને સહાય આપવામાં આવે છે. જ્યારે ૭૧ થી ૧૦૦ ટકા પ્રમાણમાં સાંભળવાની ક્ષતિ ધરાવતા દિવ્યાંગોને, તેમજ ૫૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાના કિસ્સામાં ક્રોનિક ન્યૂરોલોજિકલ સ્થિતિ, સામાન્ય ઈજા-જીવલેણ રક્તસ્ત્રાવ, ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા, બૌદ્ધિક અસમર્થતા, હિમોગ્લોબિનની ઘટેલી માત્રા, દીર્ઘકાલીન એનીમિયા, માનસિક બિમારી, ખાસ અભ્યાસ સંબંધિત દિવ્યાંગતા, વાણી અને ભાષાની અશક્તતા, ચેતાતંત્રની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ, મલ્ટિપલ ડિસેબિલિટીઝને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દિવ્યાંગથી દિવ્યાંગ વ્યક્તિના લગ્નના કિસ્સામાં એક લાખ રૂપિયા સહાય આપવામાં આવે છે અને દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિના લગ્નના કિસ્સામાં રૂ.૫૦ હજારની સહાય આપવામાં આવે છે. આ સહાય સીધા જ લાભાર્થીના બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે. ●

# વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ક્ષેત્રે રાજ્યનાં આગેકદમ



મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની વર્ષઃ ૨૦૨૩-૨૪ માટેની માંગણીઓ રજૂ કરતાં કહ્યું હતું કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કુશળ નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્ય વિજ્ઞાન અને ટેક્નૉલૉજી ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી માટે વર્ષઃ ૨૦૨૩-૨૪ કુલ રૂ. ૨,૧૯૩ કરોડ જેટલી રકમ ફાળવવામાં આવી છે. જે ગત વર્ષના બજેટ કરતાં ૨૨૭% જેટલી વધારે છે.

વેદાંતા-ફોક્સકોન ઉદ્યોગ સમૂહ સાથે તાજેતરમાં રૂ. ૧.૫૪ લાખ કરોડના MOU કરવામાં આવ્યાં છે. આ પૉલિસીનો ઉદ્દેશ્ય અનુકૂળ નીતિ તથા ઈકો સિસ્ટમ ઊભી કરીને સેમિકન્ડક્ટર ફેબ અને ડિસ્પ્લે ફેબ સ્થાપી મોટા પાયે રોજગારી સર્જન કરવાનો છે. વર્ષઃ ૨૦૨૩-૨૪ માટે રૂ.૫૨૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ઈલેક્ટ્રોનિક્સ પૉલિસી(૨૦૨૨-૨૮) અંતર્ગત વર્ષઃ ૨૦૨૩-૨૪ માટે રૂ.૧૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તે જ રીતે આઈ.ટી. પૉલિસી(૨૦૨૨-૨૭) હેઠળ વર્ષઃ ૨૦૨૩-૨૪ માટે રૂ. ૭૦ કરોડની જોગવાઈ કરી ૫ વર્ષમાં આઈ.ટી ક્ષેત્રે ૧ લાખ નવી રોજગારીની તકો ઊભી કરવાનું આ પૉલિસીનું ધ્યેય છે. બાયોટેક્નોલોજી પૉલિસી(૨૦૨૨-૨૭) માટે વર્ષઃ ૨૦૨૩-૨૪ માટે રૂ. ૬૦ કરોડની જોગવાઈ કરીને ૫૦૦થી વધુ ઉદ્યોગોને સહાય આપીને અંદાજે ૧.૨૦ લાખ જેટલા રોજગારીના અવસરો ઊભા કરવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે.

વૈજ્ઞાનિક અભિગમનું સિંચન થાય તે માટે સાયન્સ સિટી માટે વર્ષઃ ૨૦૨૩-૨૪ માટે રૂ.૧૮૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આગામી વર્ષે સાયન્સ સિટીને નવા નજરાણા રૂપે નવી ગેલેરી "એવિએશન અને ડિફેન્સ ગેલેરી" ઊભી કરવામાં આવશે. તે જ રીતે ગુજકોસ્ટ માટે વર્ષઃ ૨૦૨૩-૨૪ માટે રૂ. ૩૦૦ કરોડની જોગવાઈ કરવામાં કરી વર્ષઃ ૨૦૨૨-૨૩માં પાટણ, ભુજ, રાજકોટ અને ભાવનગર ખાતે ૪ રિજિયોનલ સાયન્સ સેન્ટર ખુલ્લાં મૂકવામાં આવ્યાં છે.

ભારતનેટ માટે વર્ષઃ ૨૦૨૩-૨૪ માટે રૂ. ૨૨૮ કરોડની જોગવાઈ કરી દેશનાં ૨.૫ લાખથી વધુ ગામડાંઓને ઓપ્ટિકલ ફાઈબર કેબલથી જોડી વિશ્વનું સૌથી મોટું ગ્રામીણ બ્રોડબેન્ડ નેટવર્ક ઊભું કરવાનો હેતુ છે. ફેઝ-૨ અંતર્ગત ૭,૯૮૦નું જોડાણ કરી ૧૦૦ MBPSની ઝડપવાળું ઈન્ટરનેટ કનેક્શન આપવામાં આવેલ છે. જેની ક્ષમતા ભવિષ્યમાં ૧૦ ગણી વધારી ૧ GBPS સુધી પણ કરી શકાશે. વર્ષઃ ૨૦૨૩-૨૪માં ૧,૨૦,૦૦૦ જોડાણના લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જે માટે રૂ. ૧૨૦ કરોડની જોગવાઈ આગામી વર્ષ માટે કરવામાં આવી છે.

સમગ્ર દેશમાં કોરોના વાઈરસનું જીનોમ સિક્વન્સિંગ કરવામાં GBRC દેશમાં NIV, પૂણે પછી બીજા ક્રમની અને રાજ્ય સરકાર સંચાલિત પ્રથમ લેબ બની હતી. તે જ રીતે, રાજ્યના વહીવટી તંત્રમાં ઈ-સરકાર પ્રૉજેક્ટ શરૂ કરી અત્યાર સુધીમાં કુલ ૭૯,૦૦૦ થી વધુ વપરાશકર્તાને જોડવામાં આવ્યા છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માગણીઓ વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી. ●

# સુરેન્દ્રનગરનાં અગરિયા કુટુંબોને રૂ. ૯૪ કરોડથી વધુની સોલાર પંપ સહાય



સુરેન્દ્રનગર જિલ્લામાં ૩,૯૧૫ અગરિયા કુટુંબોને સોલાર પંપ સહાય હેઠળ રૂ. ૯૪.૧૨ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. આ માટે આ વર્ષના બજેટમાં રૂ. ૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મીઠા ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વિધાનસભામાં જણાવ્યું હતું કે, આ યોજનાથી અગરિયાઓના શારીરિક શ્રમમાં અને પારંપરિક ઈંધણથી ચાલતા પંપ બંધ થતાં કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થયો છે. જેનાથી અગરિયા કુટુંબ દીઠ વાર્ષિક અંદાજે રૂ. ૨ લાખના ડિઝલની બચત થઈ છે. અગાઉ મીઠાના ઉત્પાદન બાદ આડપેદાશ સ્વરૂપે નીકળતા પાણી (બીટર્ન) ને અગરમાં જ છોડી દેવામાં આવતું હતું. આ બીટર્નમાંથી મેગ્નેશિયમ ક્લોરાઈડ, સોડિયમ બાયકાર્બોનેટ (ખાવાનો સોડા) અને બ્રોમિન જેવાં ખનીજો બનતાં હોવાથી અગરિયાઓ હવે બીટર્નનું પણ વેચાણ કરીને પૂરક આવક મેળવી રહ્યા છે.

વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે અગરિયાઓના ૬ થી ૧૪ વર્ષની વયજૂથનાં બાળકોને શિક્ષણની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાના હેતુથી કુલ ૧૯ નિવાસી છાત્રાલયો તૈયાર કર્યાં છે. સ્થળાંતર કરતા પરિવારનાં બાળકો શિક્ષણથી વંચિત ન રહે અને કામના સ્થળે બાળકોને શિક્ષણની સુવિધા માટે "સ્કૂલ ઓન વ્હીલ" પ્રૉજેક્ટ હેઠળ જરૂરી સુવિધાઓ સાથેની ૪૮ અદ્યતન બસો કાર્યરત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગરિયાઓ માટે અગરમાં જ મોબાઈલ મેડિકલ વાન દ્વારા શારીરિક તપાસ અને દવાઓનું નિઃશુલ્ક વિતરણ, ટેન્કરો દ્વારા નિઃશુલ્ક પીવાનું પાણી, મીઠા એકમો માટે એપ્રોચ રસ્તાનું બાંધકામ, બાલવાડી, આંગણવાડી, સ્કૂલનો યુનિફોર્મ, ગોગલ્સ, હાથનાં મોજાં, માથાની કેપ અને ગમ બૂટ સાથેની ૪૦ હજાર રક્ષણાત્મક કિટ અને શૈક્ષણિક કિટ જેવી વિશેષ સુવિધાઓ રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. ●

## સુરતમાં બિનખેતીની ૩,૯૬૩ અરજી મંજૂર



વિધાનસભા ગૃહ ખાતે સુરત જિલ્લામાં બિનખેતી માટે મળેલી અરજીઓ અંગે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં વર્ષ ૨૦૨૧ અને વર્ષ ૨૦૨૨માં બિનખેતીની પરવાનગી માગતી ૩૯૬૩ જેટલી અરજીઓને મંજૂરી આપવામાં આવી છે.

વધુ વિગતો આપતાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બિનખેતી પરવાનગી માટે મળેલી અરજીઓ પૈકીની ૬૯૨ અરજીઓ પેન્ડિંગ હતી. જેમાંથી હાલ સુધીમાં ૬૫૩ અરજીઓનો નિકાલ કરવામાં આવતાં માત્ર ૩૯ અરજીઓ જ પેન્ડિંગ છે. આ અરજીઓમાંથી કોઈ પણ અરજી છ માસથી ઉપરના સમયથી પેન્ડિંગ નથી. આ અરજીઓનો પણ સત્વરે નિકાલ કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું. ●

## રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીઓ કરોડરજ્જુ સમાન

રાજ્યના છેવાડાના માનવીને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભો સત્વરે મળી રહે એ માટે રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીઓ કરોડરજ્જુ સમાન છે. પંચાયત રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, રાજ્યના તમામ તાલુકાઓમાં તાલુકા વિકાસ અધિકારીઓની જગ્યાઓ ભરાયેલી છે.




તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યાઓના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, પંચમહાલ જિલ્લાના તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ ભરાયેલી છે. રાજ્ય સરકાર દ્વારા જે વિવિધ વિકાસકામોનું આયોજન થાય છે તેમાં આ તાલુકા વિકાસ અધિકારીની મહત્ત્વની ભૂમિકા રહેલી છે. આ ઉપરાંત નાગરિકોને આવકના દાખલા, જાતિના દાખલા પૂરા પાડવામાં આવે છે. તાલુકા વિકાસ અધિકારીમાં જે પતિ-પત્નીના કેસો હોય એમને એમના જિલ્લામાં માટે નોકરીમાં સાથે રાખવા અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ગત વર્ષે ૨,૭૪૨ જેટલા ગ્રામ વિકાસના કર્મીઓને જિલ્લાફેર બદલીનો લાભ અપાયો છે. ●

## ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ પર વિકાસકામોનું પારદર્શી આયોજન

કેન્દ્રના પંચાયતીરાજ મંત્રાલય દ્વારા ઈ-પંચાયત મિશન મોડ હેઠળ ઈ - ગ્રામ સ્વરાજ પોર્ટલ પર સંપૂર્ણ પારદર્શી રીતે વિકાસનાં કામોનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું હોવાની માહિતી વિધાનસભાગૃહને પંચાયત રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડે આપી હતી. ગીર સોમનાથ જિલ્લા પંચાયતને ફાળવેલી ગ્રાન્ટના પ્રશ્નનો વિધાનસભામાં પ્રત્યુત્તર પાઠવતાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગીર-સોમનાથમાં વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૨૯૮.૪૪ લાખ અને વર્ષ ૨૦૨૨- ૨૩માં રૂ.૯૨.૭૨ લાખની ગ્રાન્ટ વપરાઈ છે. ૧૫મા નાણાપંચ હેઠળનાં કામોના આયોજન અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા ૧૫મા નાણાપંચ હેઠળ જે નાણાકીય ફાળવણી કરાઈ છે, તે અંતર્ગત હાથ ધરાનાર કામો પારદર્શી રીતે થાય તે માટે ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ પર અપલોડ કરવાનાં હોય છે. તેમજ વિકાસનાં કામોના આયોજન માટે ટેન્ડર પ્રક્રિયામાં થતા સુધારાઓ માટે પણ સંપૂર્ણ માર્ગદર્શિકાઓ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને પહોંચાડી દેવાઈ છે. ●

## રાજ્યના તમામ જિલ્લાઓમાં રમત-ગમત કેન્દ્રો શરૂ કરાશે



ગુજરાતના રમતવીરોને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર તમામ જિલ્લાઓમાં રમત-ગમત કેન્દ્રો શરૂ કરશે. હાલમાં ૧૯ જિલ્લાઓ અને ૩ તાલુકા કક્ષાએ રમત-ગમત સંકુલો કાર્યરત છે. ચાલુ વર્ષે બાકી જિલ્લાઓ અને તાલુકાઓમાં પણ રમત-ગમત સંકુલો શરૂ કરવા બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.

ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં સ્પોર્ટ્સ સંકુલ વિકસાવવા અંતર્ગત પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં રમત-ગમત મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીએ જણાવ્યું હતું કે, પાલનપુર ખાતે આવેલા સ્પોર્ટસ સંકુલ માટે રૂ. ૮.૪૭ કરોડના ખર્ચે વિવિધ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવશે. ગુજરાતના રમતવીરોને વૈજ્ઞાનિક પદ્ધતિથી તાલીમ મળી રહે તે અંતર્ગત પ્રશ્નના ઉત્તરમાં રમતગમત મંત્રીશ્રીએ જણાવ્યું કે આ માટે નડિયાદ ખાતે હાઇ પર્ફોર્મન્સ સેન્ટર બનાવવામાં આવ્યું છે, જ્યાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની તાલીમ અનુભવી કોચ દ્વારા ગુજરાતના રમતવીરોને આપવામાં આવી રહી છે. ●

# એગ્રી બિઝનેસને વધુ પ્રોત્સાહન આપવા રાજ્યમાં INDEXT-A સ્થપાશે



ગુજરાત સરકારે હરહંમેશ રાજ્યના ખેડૂતોની ચિંતા કરી છે. ગુજરાતના પનોતાપુત્ર અને તત્કાલીન મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ મહોત્સવ, સોઈલ હેલ્થ કાર્ડ, ટપક સિંચાઈને માટે કરેલા પ્રયાસોથી રાજ્યના ખેડૂતોને મીઠાં ફળો પ્રાપ્ત થયાં છે. રાજ્યના ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ અને કૃષિ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડના નેતૃત્વમાં ઉમદા કાર્ય થઈ રહ્યુ છે. જેની દેશની દેશ-દુનિયામાં નોંધ લેવાઈ છે. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને ઉત્પાદિત ખેતપેદાશોને આંતરરાષ્ટ્રીય બજાર મળી રહે અને પોષણક્ષમ પ્રાપ્ત થાય તે આશયથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં INDEXT-Bની રાહે INDEXT-Aની સ્થાપના કરવાનો મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

રાજ્યમાં INDEXT-Aની સ્થાપનાથી ગુજરાત વિશ્વમાં મોસ્ટ પ્રિફર્ડ એગ્રી બિઝનેસ ડેસ્ટિનેશન બનવાની સાથે સાથે “ઈઝ ઓફ ડુઈંગ એગ્રી બિઝનેસ” માટે મહત્ત્વની ભૂમિકા ભજવશે. આ યોજના વર્ષઃ ૨૦૨૨-૨૩માં અંતર્ગત રૂ. ૮૧૪ લાખની જોગવાઈ કરવામાં આવી છે. INDEXT-Aની સ્થાપના ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે, ટેકનિકલ સપોર્ટ એજન્સીની નિમણૂક કરી INDEXT-Aની સ્થાપના કરાશે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષઃ ૨૦૨૩-૨૪ના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના કુલ રૂ. ૨૧,૬૦૫ કરોડના બજેટમાં ચાવીરૂપ નવી યોજના તરીકે INDEXT-Aની સ્થાપનાની જાહેરાત કરવામાં આવી છે. INDEXT-A વિશે જણાવતાં કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કહ્યું કે, એગ્રો અને ફૂડ પ્રોસેસિંગને ‘સનરાઇઝ એન્ડ થ્રસ્ટ સેક્ટર’ તરીકે ઓળખવામાં આવે છે. સંસ્થાકીય રીતે કૃષિ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે વિશિષ્ટ અભિગમ તરીકે નવા બજેટમાં રાજ્ય સરકારે INDEXT-Aની જાહેરાત કરી છે. જે રીતે INDEXT-B ઉદ્યોગો માટે ગુજરાતમાં ઔદ્યોગિક રોકાણના પ્રમોશન માટેની એજન્સી તરીકે તથા INDEXT-C કુટિર ઉદ્યોગો માટે કામ કરી રહી છે એ જ રીતે INDEXT-Aની સ્થાપના થકી રાજ્ય સરકાર કૃષિ તથા ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોના વિકાસ માટેની વિશેષ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

કૃષિ ઉદ્યોગોનાં વિશિષ્ટ લક્ષણો છે, જેવાં કે રો-મટિરિયલ (ખેતપેદાશ) સિઝનલ હોય છે, સમાન ગુણવત્તા કે ધારાધોરણવાળી ન મળી રહે, ઓછું મૂડીરોકાણ હોય વગેરે છે જેને વિશિષ્ટ પ્રકારના હેન્ડહોલ્ડિંગની જરૂર રહે છે. INDEXT-A આ ભૂમિકા ભજવીને કૃષિ ઉત્પાદનોને મૂલ્યવર્ધનની સુઆયોજિત વૃદ્ધિ તરફ લઈ જશે. INDEXT-A મુખ્યત્વે કૃષિ રોકાણકારો અને સરકાર વચ્ચેના ઇન્ટરફેસ તરીકે કાર્ય કરશે.

આ અંગે મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, INDEXT-Aની સ્થાપનાથી ગુજરાતમાં કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનું વધુ સુચારુ રીતે તથા સંકલિત અભિગમથી અમલીકરણ થશે, જેનાથી ખેડૂતોની આવકમાં પણ વધારો થશે. કેન્દ્ર સરકારની MOFPI, APEDA, NHB, SPICE BOARD જેવી અન્ય સંસ્થાઓ એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ સેક્ટરને પ્રોત્સાહિત કરવા માટે નોડલ એજન્સી તરીકે કાર્યરત છે એવી જ રીતે INDEXT-A ઉપરોક્ત સંસ્થાઓની યોજનાઓ માટે રાજ્ય સ્તરે નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે. INDEXT-A રાજ્યમાં રોકાણની ક્ષમતા પ્રદર્શિત કરવા માટે "સિંગલ-વિન્ડો" પ્રદાન કરવા માટે માહિતી કેન્દ્રની સ્થાપના કરશે અને પ્રદર્શનોમાં સહભાગી થશે.

### INDEXT-Aનાં મુખ્ય કાર્યો

બજાર વિશ્લેષણ અને સંભવિત રોકાણકારોને માહિતી પ્રદાન કરવી, નવા નિકાસકારો/સ્ટાર્ટ-અપ્સ, એફ.પી.ઓ., ફેડરેશન, ખેડૂત જૂથો વગેરેને માર્ગદર્શન આપવું, પાકોના નિકાસને પ્રોત્સાહન આપવા માટે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું આયોજન કરવું તથા ભાગ લેવો, મૂલ્યવૃદ્ધિ, પ્રોસેસિંગ, માર્કેટિંગ અને નિકાસ પર તાલીમ, વર્કશોપ, સેમિનાર, પરિસંવાદોનું આયોજન કરવું, ઉત્પાદકોને નિકાસકારો/માર્કેટર્સ સાથે જોડવા માટે B2B અને B2G બેઠકોનું આયોજન કરવું વગેરેનો સમાવેશ થાય છે. વધુમાં, રાજ્યમાં કૃષિ પ્રોસેસિંગ એકમો માટે મોડેલ ડી.પી.આર. (DPR) વિકસાવવા માટે પણ તે સહાય કરશે.

રાજ્ય કક્ષાના કૃષિમંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, INDEXT-A જેવી વ્યવસ્થા વિકસાવવાની ભલામણ હસમુખ અઢિયા સમિતિએ પણ તેના અહેવાલ 'ભારતને USD 5 ટ્રિલિયન અર્થતંત્ર બનવા માટે સક્ષમ બનાવવા રાજ્ય સરકારની વ્યૂહરચના'માં ઉલ્લેખ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકારે ખેડૂતોના ઉત્કર્ષ માટે તથા ખેતપેદાશમાં મૂલ્યવર્ધન અને નિકાસ માટે છેલ્લાં થોડાંક વર્ષોમાં ૧૦,૦૦૦ FPO યોજના, પ્રધાન મંત્રી ફોર્મેલાઇઝેશન એન્ડ માઇક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઇઝ યોજના (PMFME), એગ્રી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (AIF), કૃષિ ઉડાન યોજના, ક્લસ્ટર ડેવલેપમેન્ટ પ્રોગ્રામ (CDP) વગેરે વિવિધ યોજનાઓ શરૂ કરી છે. જેના અસરકારક અમલીકરણમાં INDEXT-A મદદરૂપ સાબિત થશે. ●

# ટેક્નોલોજીના સહકારથી મત્સ્યોદ્યોગનું આધુનિકીકરણ કરાશે

ગુજરાતમાં સલામત,આધુનિક અને નફાકારક મત્સ્યોદ્યોગના સર્વાંગી વિકાસ માટે મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂ.૧,૪૧૮.૮૭ કરોડની જોગવાઈ કરાઈ હોવાનું વિધાનસભા ગૃહમાં મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું.



આ અંગે વધુ વિગતો આપતાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતના માછીમારો સ્વસ્થ્ય રીતે માછીમારી કરી શકે તેવા ઉદ્દેશ્ય સાથે વૈશ્વિક કક્ષાની માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા સૌથી વધુ કુલ રૂ. ૬૪૦ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે. જેમાં નાનાં મત્સ્ય કેન્દ્રોના આધુનિકીકરણ તેમજ નવાબંદર, માંગરોળ ફેઝ-૩, વેરાવળ ફેઝ-૨, માઢવાડ અને સુત્રાપાડા ખાતે, આમ કુલ પાંચ મોટાં અને આધુનિક મત્સ્યબંદરો બનાવવાની કામગીરી તેમજ ફ્લોટિંગ જેટી જેવી નવી આધુનિક તકનીકનો ઉપયોગ કરવામાં આવશે.

આ ઉપરાંત દરિયાઈ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ૨૦ મીટરથી ઓછી લંબાઈની યાંત્રિક હોડીઓમાં વપરાતાં હાઈસ્પીડ ડિઝલ ઓઇલ પરની વેરા રાહતની યોજના માટે રૂ. ૪૪૩.૪૪ કરોડ, નાની ઓ.બી.એમ. બોટ ધારકોને વાર્ષિક ૧,૫૦૦ લિટરની મર્યાદામાં રૂ. ૫૦ પ્રતિ લિટર લેખે કેરોસીન-પેટ્રોલ ઉપર સહાય ચૂકવવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, આંતરદેશીય મત્સ્યોદ્યોગના વિકાસ માટે સામાન્ય લાભાર્થીઓ માટે રૂ. ૩૬.૩૦ કરોડ, અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે રૂ. ૨૩.૭૩ કરોડ, અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે રૂ. ૨.૦૨ કરોડ તેમજ ભાંભરાપાણી મત્સ્યોદ્યોગ ક્ષેત્રે રૂ. ૭.૬૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ કરાયેલી પ્રધાનમંત્રી મત્સ્યસંપદાનો લાભ દરેક લાભાર્થી સુધી પહોંચે તેવા હેતુ સાથે બજેટમાં રૂ. ૧૫૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મત્સ્યોદ્યોગ ક્ષેત્રે લાભાર્થીઓને ઝડપી અને પારદર્શક રીતે લાભ મળી રહે તેમજ રાજ્યની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી મત્સ્યોદ્યોગ ખાતામાં અરજીથી નાણાકીય લાભ ચૂકવવા સુધીનું સંપૂર્ણ પેપરલેસ I-KHEDUT મોડ્યૂલ, ઓનલાઇન બોટ-ટોકન, ઓનલાઇન બોટ-રજિસ્ટ્રેશન, ડિઝલ વેટ રાહતનું સોફ્ટવેર મારફત ઓનલાઇન ચૂકવણું જેવી નવતર પહેલ પણ મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા કરવામાં આવી છે તેમ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ઉમેર્યું હતું. મત્સ્યોદ્યોગ વિભાગની માંગણીઓ વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરાઈ હતી. ●

# ગુજરાતીઓના ગૌરવને સુપેરે રજૂ કરવામાં માહિતી વિભાગની ભૂમિકા સરાહનીય

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ‘ગુજરાત મારો આત્મા, ભારત મારો પરમાત્મા’ના મંત્રને માહિતી ખાતાની અસરકારક અને પરિણામલક્ષી પ્રચાર-પ્રસારની કામગીરીથી રાજ્ય સરકારે સુપેરે સિદ્ધ કર્યો છે. પ્રચાર-પ્રસારનાં સાધનોનો સમૂચિત ઉપયોગ કરીને રાજ્યનું માહિતી ખાતું જનતાને વિકાસલક્ષી યોજનાઓ અને જનહિતને વરેલી મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારના મહત્ત્વપૂર્ણ કાર્યક્રમોની જાણકારી લોકોને સમયસર, ઝડપથી અને વિશ્વસનીય રીતે પૂરી પાડે છે.

માહિતી અને પ્રસારણ વિભાગની અંદાજપત્રીય માગણીઓનો જવાબ આપતાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઈન્ફોર્મેશન બ્લાસ્ટ અને આદાન-પ્રદાનના આ યુગમાં ગુજરાતની વિકાસયાત્રાની છબી દેશ અને દુનિયામાં ઉજાગર કરવાની દિશામાં ગુજરાત અને ગુજરાતીઓના ગૌરવને સુપેરે રજૂ કરવામાં રાજ્યના માહિતી વિભાગની ભૂમિકા સરાહનીય રહી છે. જેના પરિણામે આજે દેશ અને દુનિયાના લોકો ગુજરાત અને ગુજરાતીઓને સન્માનપૂર્વક જોવે છે.

માહિતી વિભાગે સમાચાર યાદી દ્વારા વધુને વધુ પ્રચાર પ્રસિદ્ધિ થાય તે માટે ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેય ભાષામાં નિયમિત રીતે સમાચાર યાદીઓ પ્રસિદ્ધ કરીને માધ્યમોમાં બહોળી સ્વીકૃતિ મેળવી છે. આ ઉપરાંત માહિતી વિભાગ દ્વારા જ પ્રસિદ્ધ થતાં ગુજરાત પાક્ષિક, ગુજરાત રોજગાર સમાચાર અને અંગ્રેજીમાં પ્રસિદ્ધ થતું ધ ગુજરાત ત્રિમાસિક જેવાં પ્રકાશનોએ લોકોમાં અનેરું આકર્ષણ જમાવ્યું છે એમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

રાજ્ય સરકારના માહિતી વિભાગે ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા વગેરેનો યોગ્ય ઉપયોગ કરીને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ નાગરિકોના આંગળીના ટેરવે મૂકી છે. આ ઉપરાંત કુદરતી આફતોના સમયે પણ માહિતી ખાતાએ સોશિયલ મીડિયાના પ્લેટફોર્મનો અસરકારક અને પરિણામલક્ષી ઉપયોગ કરીને બચાવ, રાહત અને સહાયની કામગીરીમાં અમૂલ્ય યોગદાન આપે છે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારની જાહેરખબરોને વધુ અસરકારક બનાવવા માહિતી નિયામકની કચેરી ખાતે જ ઈનહાઉસ ડિઝાઈનિંગ અને મેટર તૈયાર કરવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે, જેના કારણે જાહેરખબર વધુ અસરકારક અને વૈવિધ્યસભર બની શકી છે. માહિતી નિયામકની કચેરી દ્વારા તસવીર પ્રદર્શનો દ્વારા પણ રાજ્ય સરકારની પ્રચાર પ્રસિદ્ધિ કરી પ્રજાલક્ષી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું કામ કરવામાં આવી રહ્યું છે. ●

# બાગાયતી પાકો થકી ખેડૂતો સમૃદ્ધ બન્યા

રાજયના ખેડૂતોને આર્થિક રીતે સદ્ધર કરવા અને ખેડૂતોની આવક બમણી કરવાના મક્કમ નિર્ધાર સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજય સરકારે અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા છે. ખેડૂતો બાગાયતી પાકો તરફ આકર્ષાય અને બાગાયતી ખેતી તરફ વળે એ માટે રાજય સરકારે ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે જેના પરિણામે રાજયમાં બાગાયતી પાકોનો વાવેતર વિસ્તાર વધ્યો છે. કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે બાગાયત વિભાગની માગણીઓ રજૂ કરતાં કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા બાગાયતી ખેતીને સવિશેષ પ્રોત્સાહન આપવામાં આવે છે, જે હેતુસર બાગાયતી યોજનાઓ માટે વર્ષ ૨૦૨૩-૨૪નાં અંદાજપત્રમાં કુલ રૂ. ૪૯૩.૭૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતમાં સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમો હેઠળ સામાન્ય/અનુ.જાતિ/આદિજાતિના બાગાયતદાર ખેડૂતો માટે રૂ.૧૯૬.૩૨ કરોડની જોગવાઈ કરાઈ છે.

મંત્રીશ્રીએ માહિતી આપી હતી કે, કેન્દ્ર પુરસ્કૃત યોજના "મિશન ઓન ઈન્ટિગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ હોર્ટિકલ્ચર" અંતર્ગત પોષણ સલામતીના ભાગરૂપે રાજ્યના ૨૧ જિલ્લાઓમાં વિવિધ ઘટકો જેવા કે, બાગાયતી વિસ્તારમાં વધારો કરવા, રક્ષિત ખેતી, કાપણી પછીના વ્યવસ્થાપન માટે વિવિધ માળખાકીય સુવિધાઓ અને બજાર વ્યવસ્થા ઊભી કરવા માટે આગામી વર્ષ માટે કુલ રૂ.૧૪૦ કરોડની જોગવાઈ કરાઈ છે. તેમજ "ફળ પાક ઉત્પાદકતા વધારવાના કાર્યક્રમ" હેઠળ રૂ.૪૫ કરોડની નવી બાબત તરીકે જોગવાઈ કરવામાં આવી છે. "બાગાયતી પાકોમાં કાપણી પછી બગાડ અટકાવવા ખેતર પર માળખાકીય સુવિધા ઊભી કરવા બાબત"ના કાર્યક્રમ હેઠળ રૂ.૪૦ કરોડની જોગવાઈ અને બાગાયતી પાકોના ઉચ્ચ ગુણવત્તાયુક્ત ધરું/રોપા/કલમોનો ઉછેર અને ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા "સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ" અંતર્ગત રૂ.૨૦ કરોડની જોગવાઈ કરાઈ છે. "ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમ" માટે રૂ. ૫.૮૫ કરોડ તેમજ "મસાલા પાકોના સર્ટિફાઈડ બિયારણ ઉપર સહાય" યોજના હેઠળ રૂ.૫ કરોડની જોગવાઈ કરાઈ છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યના શહેરી વિસ્તારમાં અર્બન હોર્ટિકલ્ચર ડેવલપમેન્ટનો ઘણો અવકાશ રહેલો છે. શહેરી યુવાનોને રોજગારલક્ષી કૌશલ્યવર્ધન માળી તાલીમ આપવા માટે રાજ્યની આઠ મહાનગરપાલિકામાં તાલીમ માટે "અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ" અંતર્ગત રૂ. ૩.૨૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ●



# રાજ્યના કૃષિ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની માગણીઓ પર માહિતી આપતાં કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યની અર્થવ્યવસ્થામાં કૃષિનો નોંધપાત્ર હિસ્સો છે ત્યારે ગુજરાત સરકારની ખેડૂત કેન્દ્રિત નીતિઓ અને તેનું અમલીકરણ ક્રાંતિકારી પરિવર્તન લઈ આવ્યું છે. છેલ્લા બે દાયકાઓમાં રાજ્ય સરકારે અનેક નીતિવિષયક નિર્ણયો લીધા છે જેના થકી કૃષિ, બાગાયત, પશુપાલન અને મત્સ્યોદ્યોગને લગતા ઉદ્યોગો મજબૂત બન્યા છે. જેના પરિણામે આ ક્ષેત્રમાં વ્યાપાર, રોજગારની અનેકવિધ તકો ઊભી થઈ છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિની ઉન્નતિ થકી આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા ખેડૂતોની આવક બમણી કરવા માટે કરેલા આહ્વાનને અનુસરતાં રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજ્યના ખેડૂત અને ખેતીને ઉન્નત બનાવવા તમામ પાસાઓ પર વિચારણા કરીને આયોજનબદ્ધ રીતે આગળ વધી રહ્યા છે.

રાજ્યના સમુદાયની માગને ધ્યાને લઈ આગામી વર્ષ માટે ૭૫ હજારથી વધુ ખેડૂતોને આવરી લેવા ટ્રેક્ટર ખરીદી સહાય માટે રૂ.૩૭૫ કરોડની અને ફાર્મ મશીનરી માટે ૬૮ હજાર જેટલા ખેડૂતોને કૃષિ યાંત્રિકીકરણનાં વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા રૂ.૨૪૦ કરોડની જોગવાઈ મળી કુલ રૂ.૬૧૫ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે. કૃષિ અને સંલગ્ન ક્ષેત્રની ગત વર્ષની સરખામણીમાં વર્ષ ૨૦૨૩-૨૪ માટે ત્રણ ગણી રૂ.૨૧,૬૦૪ કરોડ બજેટ જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, ખેડૂતોના મહામૂલા પાકને રોઝ અને ભૂંડ જેવાં જંગલી પશુઓથી થતા નુકસાન સામે રક્ષણ આપવા વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ.૪૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વિશેષમાં ખેતરની ફરતે સોલાર ફેન્સિંગ માટે સોલાર પાવર યુનિટ/કિટ ખરીદી કરનારને સહાય હેતુ રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવા અને તેને અનુરૂપ ખેતીને આધુનિક બનાવવા આગામી નાણાકીય વર્ષ માટે રાજ્ય સરકાર દ્વારા નવી પહેલના ભાગરૂપે સ્માર્ટ ફાર્મિંગની યોજના, ટ્રેનિંગ ફોર એગ્રીકલ્ચરલ લર્નિંગ એન્ડ ઇન્ટિગ્રેશન મિશન (TALIM), ઇન્ડેક્ષ-એની સ્થાપના, રાજ્યમાં મિલેટ્સના વાવેતર વિસ્તાર વધારવા ખેડૂતોને મિલેટ્સની ખેતી માટે પ્રોત્સાહન આપવા અને પ્રચાર-પ્રસાર માટે નવી બાબત રજૂ કરાઈ છે. મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, ખેડૂતો બાજરી પાકનું ઉત્પાદન કરે તે માટે પ્રોત્સાહનરૂપે ક્વિન્ટલ દીઠ રૂ.૩૦૦ની બોનસ સહાય ચૂકવવાનું આયોજન કર્યુ છે. ●

# ગૌ-સેવા અને ગૌ-સંવર્ધન ગુજરાતની પ્રગતિનું ઉદ્દીપક

ગુજરાત વિધાનસભામાં પશુપાલન વિભાગની ચર્ચા દરમિયાન પશુપાલન, ડેરી વિકાસ અને ગૌસંવર્ધન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના પશુપાલકોના સર્વાંગી અને આર્થિક વિકાસ માટે રાજ્ય સરકાર હરહંમેશ પ્રયત્નશીલ છે. મંત્રીશ્રીએ પશુપાલન, ડેરી વિકાસ અને ગૌસંવર્ધન વિભાગની અંદાજપત્રીય માગણીઓ રજૂ કરતાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પશુપાલકોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં પશુપાલન, ડેરી વિકાસ અને ગૌસંવર્ધન ક્ષેત્રે વર્ષ ૨૦૨૨-૨૩ની કુલ જોગવાઈની સાપેક્ષે વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૮.૬૨ ટકાનો વધારો કરીને કુલ રૂ.૧,૭૦૭ કરોડની ફાળવણી કરી છે, એ રાજ્ય સરકારની પશુપાલકો, ગૌ-શાળા, પાંજરાપોળ અને સહકારી ડેરી માળખાને મદદરૂપ થવાની કટિબદ્ધતા દર્શાવે છે.



વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં પશુપાલન, ડેરી વિકાસ અને ગૌસંવર્ધન ક્ષેત્રની મુખ્ય બાબતોમાં ૧૨ દુધાળાં પશુઓના ડેરી ફાર્મની સ્થાપના માટે પશુ ખરીદી પર વ્યાજ સહાય તેમજ અન્ય આનૂષાંગિક સુવિધાઓ માટે સહાયની યોજના માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ તેમજ ગાભણ અને વિયાણ થયેલા પશુઓ માટે ખાણ-દાણ સહાયની યોજના માટે રૂ. ૪૪ કરોડની જોગવાઈ કરીને પશુપાલકોને સીધો જ લાભ થાય એવી ઉપલબ્ધ યોજનાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

રાજ્યમાં પશુ ચિકિત્સાલક્ષી સેવાઓને વધુ સુદ્રઢ કરવા માટે રાજ્યની ૧૮૩૨ સરકારી પશુસારવાર સંસ્થાઓ ખાતે નિ:શુલ્ક પશુ સારવાર ઉપલબ્ધ બને તે માટે "મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના" માટે રૂ. ૨૮ કરોડની જોગવાઈ, “૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના યોજના” હેઠળ શરૂ કરાયેલા કુલ ૪૬૦ ફરતાં પશુ દવાખાનાની સેવાઓ ચાલુ રાખવા માટે રૂ. ૮૧ કરોડની જોગવાઈ તેમજ માલિકવિહોણાં અબોલ પશુઓની સારવાર તેમજ આકસ્મિક પશુ સારવાર માટે કાર્યાન્વિત કરવામાં આવેલા કુલ “૩૭ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨”ની સેવાઓ ચાલુ રાખવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરાઈ છે.

કેન્દ્ર સરકારની સહાયથી પાટણ ખાતે કાર્યરત કરવામાં આવેલા “સેક્સ્ડ સીમેન લેબોરેટરી”માં ઉત્પાદિત થયેલા સીમન ડોઝનાં ઉપયોગ થી ૯૧ ટકા વાછરડી-પાડીનો જન્મ થઈ રહ્યો હોવાનો મંત્રીશ્રીએ ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, સેક્સ્ડ સીમનની સાથે પશુઓમાં આઇ.વી.એફ.થી ગર્ભધારણની નવી ટેક્નૉલૉજીને ઝડપથી અપનાવે તે માટે પશુપાલકોને સહાય આપવા રૂ. ૧.૫૦ કરોડની જોગવાઈ તેમજ “રાજ્યવ્યાપી સઘન ખસીકરણ યોજના” દ્વારા ગાય વર્ગના નર પશુઓનું ખસીકરણ કરવા માટે રૂ. ૨.૫૦ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધઘર/ગોડાઉન બાંધકામની સહાય આપવા રૂ. ૧૨ કરોડની જોગવાઈ તેમજ કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે સહાય પૂરી પાડવા રૂ.૧૨ કરોડની જોગવાઈ કરાઈ છે. કામધેનુ યુનિવર્સિટી હેઠળ કચ્છ જિલ્લામાં અને રાજપુર (નવા), હિંમતનગર ખાતે નવી વેટરનરી કૉલેજની સ્થાપના થઈ છે, આ બંને કૉલેજના સુદ્રઢીકરણ માટે કુલ રૂ.૧૬.૫૦ કરોડની જોગવાઈ તેમજ પશુપાલન ક્ષેત્રે થતાં સંશોધનો પશુપાલકો સુધી પહોંચાડવા માટે કામધેનુ યુનિવર્સિટી હેઠળ નવાં પાંચ પશુ વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરવા માટે રૂ. ૭૫ લાખની જોગવાઈ અંદાજપત્રમાં કરાઈ છે.

ગૌવંશના નિભાવ માટે રાજ્યની ગૌશાળા-પાંજરાપોળો અમૂલ્ય ફાળો આપી રહી હોય ત્યારે રાજ્યની આવી સેવાભાવી સંસ્થાઓને ગૌવંશનાં પોષણ અને નિભાવ માટે આર્થિક રીતે સહાયરૂપ થવા જીવદયાને વરેલી રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે જાહેર કરેલ “મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના”ની સહાય માટે રૂ.૫૦૦ કરોડની જેટલી માતબર રકમની જોગવાઈ વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં કરાઈ છે. વિધાનસભામાં પશુપાલન, ડેરી વિકાસ અને ગૌસંવર્ધન વિભાગની માંગણીઓ પસાર કરાઈ હતી. ●

# હોમગાર્ડ્સના માનદ વેતનમાં વધારો



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના હોમગાર્ડ્સ જવાનોના માનદ્ વેતનમાં તા. ૩૧ નવેમ્બર, ૨૦૨૨થી ૫૦ ટકાનો વધારો કરી રૂ. ૪૫૦ પ્રતિદિન વેતન નક્કી કરવામાં આવ્યું છે, તેમ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું.

વિધાનસભા ગૃહ ખાતે રાજ્યના હોમગાર્ડ જવાનો અંગે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં હોમગાર્ડ જવાનોનું મંજૂર મહેકમ ૭૮૪ છે, જેમાંથી ૭૧૯ જેટલું મહેકમ ભરવામાં આવેલું છે. આ ઉપરાંત ડાંગ જિલ્લામાં હોમગાર્ડ જવાનોના ૪૭૧ મંજૂર મહેકમ સામે ૪૬૧ જેટલું મહેકમ ભરવામાં આવેલું છે. ●

# ગુજરાત પ્રવાસીઓ માટે બન્યું બેસ્ટ ડેસ્ટિનેશન



રાજ્ય સરકારના આયોજનબદ્ધ પ્રયાસોથી ગુજરાત પર્યટકોની પસંદગીમાં અગ્ર સ્થાન ધરાવે છે. જેના લીધે દર વર્ષે પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાતો જાય છે. વર્ષ 2001-02માં પ્રવાસનનું બજેટ રૂ.12 કરોડ હતું. જે વર્ષ 2023-24માં રૂ. 1407 કરોડનું થયું છે એ બતાવે છે કે, પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે ગુજરાત સરકારની ઈચ્છાશક્તિ કેટલી પ્રબળ છે. 'ખૂશ્બુ ગુજરાત કી' કેમ્પેઇનથી શરૂ થયેલા પ્રવાસનના વિકાસની પ્રાથમિકતાને કારણે આજે વર્ષે લગભગ 14 કરોડ પ્રવાસીઓ ગુજરાતની મુલાકાત લેતા થયા છે.

ગુજરાત વિધાનસભામાં પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ પ્રવાસન વિભાગની માગણીઓ પરની ચર્ચામાં જણાવ્યું હતું કે, પ્રવાસનના વિકાસ માટે જે કટિબદ્ધતાથી કામ કરી રહ્યા છીએ, તેને કારણે આખા દેશનું ધ્યાન કેન્દ્રિત થયું છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી આજે આખા વિશ્વના પ્રવાસીઓ માટે આકર્ષણનું સ્થળ બન્યું છે. ગાંધી સર્કિટ એટલે કે, મહાત્મા ગાંધીજીના જીવન સાથે સંકળાયેલાં સ્થળોનો વિકાસ કરતાં આજે પ્રવાસનનાં આ સ્થળોમાં દુનિયાભરના લોકોને રસ પડ્યો છે. ઉપરકોટના કિલ્લાનું નવીનીકરણ, નડાબેટ ખાતે સીમાદર્શન અને માધવપુરના મેળા જેવાં આયોજનોએ પ્રવાસીઓનાં દિલ જીતી લીધાં છે.

ગુજરાતના વર્ષ 2023-24ના અંદાજપત્રમાં પ્રવાસન ક્ષેત્રને 346%ના નોંધપાત્ર વધારા સાથે વિશાળ અને વિકાસશીલ બજેટની ભેટ રાજ્ય સરકારે આપી છે. રાજ્ય સરકારે "અતિથિ દેવો ભવઃ"ની પંરપરાની સ્વભાવગત લાગણીને કેન્દ્રસ્થાને રાખીને રાજ્યમાં આવનારા પ્રવાસીઓનાં સુખ અને સુવિધાને પ્રાધાન્ય આપ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશ અને દુનિયા સમક્ષ મૂકેલા ગુજરાત વિકાસ મોડલને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ભારત અને વિશ્વ સ્તરે ટુરિઝમ ક્ષેત્રનો વિકાસ કરવા કટિબદ્ધ છે.

શિવરાજપુરના બીચનો વિકાસ કરી તેને એક આકર્ષક પ્રવાસી સ્થળ બનાવવાની કામગીરી ચાલુ છે. બાલાસિનોર પાસે ડાયનોસોર થીમ પાર્ક આજે દેશમાં આધુનિક પ્રવાસન સ્થળ તરીકે વિકાસ પામ્યો છે. તેમજ પાવાગઢમાં મંદિરનું નવનિર્માણ કરીને કરોડો નાગરિકોની આસ્થાનું આ સરકારે સન્માન કર્યું છે.

ગુજરાત સરકારે આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી 'આતિથ્યમ્ પોર્ટલ' દ્વારા વધતા જતા પ્રવાસીઓના ધસારા વિશે તરત માહિતી મળે અને તેનું તરત પૃથક્કરણ થાય તે માટે પ્રયત્નશીલ છે. રાજ્યનાં અગત્યનાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે રૂ.1000 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આમાંથી રૂ.606 કરોડની જોગવાઈ મહત્ત્વનાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે છે. આ સ્થળોમાં ધોળાવીરા, દેવની મોરી, ડોન હિલ, કડાણાડેમ, ધરોઈ ડેમ, બેટદ્વારકા, પોરબંદર, નારાયણ સરોવર, નળ સરોવર અને થોળ, શ્રીકૃષ્ણ રુક્મિણી મંદિર વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણા સૌના આદર્શ એવા સ્વામી વિવેકાનંદજીના જીવન સાથે જોડાયેલાં સ્થળોને જોડતી 'સ્વામી વિવેકાનંદ સર્કિટ'નો વિકાસ કરવામાં આવનાર છે.

વર્લ્ડ હેરિટેજ સાઇટ ધોળાવીરાના વિકાસ માટે તેમજ ગિરિમથકો એવા ડોન હિલ, વિલ્સન હિલ, ગિરનાર, કોલવેરા હિલ સ્ટેશન(વલસાડ), કકારાઈ માતા હિલ સ્ટેશન (જિ. અરવલ્લી)ના વિકાસ કરવાનું આયોજન છે. આ ઉપરાંત, ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા રાજ મહેલ અને મહાલયોને હેરિટેજનો સ્ટેટસ આપી એનું પુનઃ નિર્માણ કરવાની ખાસ જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા ભિલોડા તાલુકાના સુણ સરોવર, ઈડરનું રાણી તળાવ, તાપી જિલ્લાનું નંદેશ્વર મહાદેવ તળાવ, જમજીર વોટરફોલ- ગીર સોમનાથ, જામ ખંભાળિયા ખાતે આવેલ ઘી રિવરફ્રન્ટ(દેવભૂમિ-દ્વારકા) તેમજ રાજ્યમાં અન્ય જગ્યાએ પ્રવાસી સુવિધા વિકસાવવા માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે.

પ્રસંગો પર આધારિત પ્રવાસન સ્થળોના મુખ્ય મેળાઓ અને ઉત્સવોના આયોજનમાં ગુજરાતે આગવું સ્થાન બનાવ્યું છે. પ્રવાસન ક્ષેત્રે કુશળ માનવબળ મળી રહે તે માટે અંદાજિત 10,000 લાભાર્થીઓને તાલીમ આપવામાં આવશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલી "પ્રવાસન નીતિ"ના કારણે વિવિધ પ્રકારના પ્રવાસનનો વિકાસ થયો છે. જેમાં મેડિકલ ટુરિઝમ, વેલનેસ ટુરિઝમ, ધાર્મિક અને આધ્યાત્મિક ટુરિઝમનો વિકાસ કરવામાં આવેલ છે. સરકારે જાહેર કરેલ પ્રવાસન નીતિ અંતર્ગત સ્ટાર હોટેલો, હેરિટેજ હોટેલ, મોટેલ્સ, ટેન્ટ સિટી જેવી સવલતો ઊભી કરવા માટે સહાય આપવાનું આયોજન છે. આ ઉપરાંત એક વિશેષ પહેલ ગુજરાત સરકારે કરી છે ગુજરાતમાં સિનેમાનું શૂટિંગ થાય તે માટે "સિનેમેટિક ટુરિઝમ પૉલિસી" ઘડવામાં આવેલ છે, જેના કારણે ગુજરાતના ટુરિઝમ ક્ષેત્રે ફિલ્મ નિર્માતાઓ પણ આકર્ષાય તેવી યોજનાઓનું આયોજન કર્યું છે.

ગુજરાતમાં આવેલા પાટણની રાણકી વાવ, ચાંપાનેર અને ધોળાવીરા એ ત્રણ વિશ્વ કક્ષાનાં હેરિટેજ પ્રવાસન સ્થળો છે. હવે અમદાવાદને પણ દેશના સૌપ્રથમ હેરિટેજ સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો છે. તદુપરાંત તાજેતરમાં જ મોઢેરા અને વડનગરને યુનેસ્કો દ્વારા સૂચિત યાદીમાં સામેલ કર્યા છે. હેરિટેજ પૉલિસીથી અંદાજિત રૂ.૩૦૦ કરોડનું રોકાણ આવવાની સંભાવના છે. ●

## વૈવિધ્યપૂર્ણ વાતાવરણમાં વસતા આદિવાસીઓના જીવનમાં
# વનબંધુ કલ્યાણ યોજનાથી આવ્યું સામાજિક-આર્થિક પરિવર્તન



અંબાજીથી લઈને ઉમરગામ સુધી વિસ્તરેલા આદિવાસી સમાજનો રાજયના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક વિકાસમાં મોટો ફાળો છે. બે દાયકા પૂર્વે ગુજરાતમાં શરૂ થયેલી વિકાસયાત્રાનાં ફળ આદિવાસી સમાજને મળ્યાં છે. ગુજરાત રાજય મહારાષ્ટ્રથી અલગ થયું ત્યારે વર્ષ ૧૯૬૧માં આદિજાતિ વિભાગ અને સમાજ કલ્યાણ ખાતાનું સંયુક્ત બજેટ માત્ર રૂ. ૫૮ કરોડ હતું. ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીએ 'સબકા સાથ, સબ કા વિકાસ'ના સૂત્ર દ્વારા છેવાડાના માનવી સુધી વિકાસનાં ફળ પહોંચાડ્યાં છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી હતી. અત્યાર સુધીમાં આદિવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે રોડ-રસ્તા, સિંચાઇ, શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી વગેરે સગવડો માટેનાં કામો થયાં હોવાનું ગુજરાત વિધાનસભામાં આદિજાતિ વિકાસ વિભાગ પરની માગણીઓની ચર્ચામાં મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું.

છેલ્લાં ૧૩ વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત રૂ. ૧ લાખ કરોડની રકમ કરતાં વધારે આદિજાતિ વિસ્તારના વિકાસ માટે વાપરવામાં આવી છે. વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫-૨૬ સુધી ૧ લાખ કરોડની રકમ આદિવાસીઓનાં સર્વાંગી ઉત્થાન માટે સરકારે નક્કી કરી છે. એના ભાગરૂપે ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ના વર્ષમાં ૨૯ હજાર કરોડથી વધુનાં ખર્ચ થયો છે.

મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવના શુભારંભ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીએ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને યાદ કર્યું હતું. આઝાદીની રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેનાર આદિવાસી વીર સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ખાતે ૨૫ એકર જમીનમાં રૂ.૧૩૭ કરોડ ખર્ચે રાષ્ટ્રીય કક્ષાનું સંગ્રહાલય બનાવવામાં આવી રહ્યું છે. ટ્રાયબલ ફ્રિડમ ફાઇટર મ્યુઝિયમમાં રાજપીપળા કેવડિયા ખાતે દેશની કુલ ૯૭ આઝાદીની ચળવળોની (સ્વતંત્રતાની લડાઇ) વિગતો સમાવવામાં આવશે. જે પૈકી મુખ્ય જનજાતિ નાયકોના સ્વાતંત્ર્ય સંગ્રામો ૧૬ ગેલેરીમાં પ્રદર્શિત કરવામાં આવશે. ચાલુ વર્ષમાં પાંચ કરોડની બજેટ જોગવાઈ કરી છે. હાલમાં ૭૫ ટકા બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. પેસા કાયદાના કારણે ૧૪ જિલ્લા અને ૫૩ તાલુકાના ૫,૮૦૦ કરતાં વધારે ગામોના ૧ કરોડ આદિવાસીઓને સવિશેષ અધિકારો મળી રહ્યા છે.

આદિજાતિ વિકાસ વિભાગ માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૩૪૧૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવી છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત સરકાર વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધરી આદિવાસીઓના સામાજિક સશક્તીકરણ અને આર્થિક ઉત્કર્ષ માટે સતત કાર્યરત છે. વનબંધુ કલ્યાણ યોજના દ્વારા આદિજાતિ પરિવારોને પાયાની માળખાકીય સુવિધાઓ પૂરી પાડી તેઓના સર્વાંગી વિકાસ માટે સરકાર મક્કમપણે આગળ વધી રહી છે. ફોરેસ્ટ રાઇટ્સ એક્ટ - ૨૦૦૬ હેઠળ રાજ્યમાં અંદાજે ૯૫ હજાર જેટલાં આદિજાતિ કુટુંબોને જમીનના અધિકારો આપવામાં આવ્યા છે અને બાકી દાવાઓની યોગ્ય નિકાલની પ્રક્રિયા ચાલુ છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ અને એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ મળી કુલ ૮૩૮ જેટલી શાળાઓના અંદાજિત ૧.૫ લાખ વિદ્યાર્થીઓને સહાય માટે રૂ.૬૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કુમાર-કન્યાના સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોના ૭૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને સહાય માટે રૂ.૨૪૫ કરોડની જોગવાઈ કરી છે.

વર્ષ ૨૦૨૩-૨૪માં આદિજાતિ સમુદાયોનાં બાળકોને ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સુવિધાઓના વિસ્તાર માટે રાજ્ય સરકારે મેડિકલ, ડિગ્રી એન્જિનિયરિંગ અને ડિપ્લોમા એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધન ખરીદવા સહાય દરમાં વધારો કર્યો છે. જેમ કે, મેડિકલમાં સહાય દર રૂ. ૧૦,૦૦૦ થી વધારી રૂ. ૧૫,૦૦૦, ડિગ્રી એન્જિનિયરિંગમાં સહાય દર રૂ. ૮,૦૦૦ થી વધારી રૂ. ૧૦,૦૦૦, ડિપ્લોમા એન્જિનિયરિંગમાં સહાય દર રૂ. ૩,૦૦૦ થી વધારી રૂ. ૫,૦૦૦ કરાઈ છે.

રાજ્યમાં અનુ.જનજાતિના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધે તે હેતુથી આદિજાતિ વિસ્તારોમાં ૭૫ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. જેમાં અંદાજે ૧૧,૮૦૦ જેટલાં વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થિનીઓ લાભાન્વિત થશે, જેમાં ૮ આદર્શ નિવાસી શાળાઓના નવીન મકાન બાંધકામ માટે રૂ. ૬૯.૪૧ કરોડની જોગવાઈ કરી છે.

રેસિડેન્સિયલ સ્કૂલ્સ ઓફ એક્સલન્સ યોજના અંતર્ગત આદિજાતિ વિભાગના વિદ્યાર્થીઓ માટે અલાયદી ૨૫ બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ (હવેથી સ્વામી વિવેકાનંદ જ્ઞાન શકિત ટ્રાઇબલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ)ની સ્થાપના કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સમરસ હોસ્ટેલ, દૂધ સંજીવની યોજના, વન અધિકાર અધિનિયમ હેઠળના ખેડૂતો માટેની યોજનાનો સુદ્રઢ અમલ થઈ રહ્યો છે. ●

# સ્વ અને સર્વના વિકાસ માટે શિક્ષણ પાયાનું પરિબળ

શિક્ષણ થકી પોતાનો તથા સમગ્ર સમાજનો વિકાસ કરી શકાય છે. શિક્ષણની આ મહત્તાને ગુજરાત સરકાર ખરા અર્થમાં સમજે છે. આથી રાજ્યનાં બાળકો, યુવાનોને સારું અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. ચાલુ વર્ષે રજૂ થયેલા વર્ષ 2023-24ના અંદાજપત્રમાં સર્વ પ્રથમવાર રાજ્યના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં શિક્ષણ વિભાગ માટેની અંદાજપત્રીય જોગવાઈઓમાં પાછલા વર્ષની સરખામણીએ ૨૫% જેટલો માતબર વધારો કરી કુલ રૂ. ૩૮,૮૬૭ કરોડની ફાળવણી શાળા શિક્ષણ માટે તથા રૂ.૪,૭૮૪ કરોડની ફાળવણી ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ માટે કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગની માગણીઓ પરની ચર્ચા દરમિયાન ગુજરાત વિધાનસભામાં શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે ગુજરાતના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષણ વિભાગ વતી મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતના ઈતિહાસમાં શિક્ષણના બજેટમાં એક સાથે આટલો મોટો વધારો પ્રથમ વખત કરવામાં આવ્યો છે. આ વધારાથી ગુજરાતનાં ભવિષ્યને ઘડવામાં ખૂબ મદદ મળશે. આજનું આપણું શિક્ષણ ક્ષેત્રે રોકાણ ભવિષ્યની પેઢીઓ માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે અને વડાપ્રધાનશ્રીના અમૃતકાળના સ્વપ્નને સાકાર કરવામાં એક મહત્ત્વની શરૂઆત બનશે તેવી મને આશા છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લાં ૨૦ વર્ષમાં (૨૦૦૨-૨૦૨૨) સુશાસન દ્વારા ગુજરાત રાજ્યની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શાળાકીય શિક્ષણ પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારે શાળા શિક્ષણમાં માળખાકીય પરિવર્તન માટે અનેક પહેલ શરૂ કરી છે. આ તમામ પહેલ થકી શાળાકીય શિક્ષણક્ષેત્રે ગુજરાતે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. ભારત સરકારના નેશનલ અચિવમેન્ટ સર્વે-૨૦૨૧માં ગુજરાત દેશનાં અગ્રણી રાજ્યોમાં સામેલ છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈંડેક્સ (PGI)મા ઉત્તરોત્તર પ્રગતિ સાથે ૧૦૦૦ માંથી ૯૦૩નો સ્કોર મેળવી ગુજરાત દેશનાં ટોપ પરર્ફોર્મિંગ રાજ્યોમાં સામેલ થયું છે. રાજ્યના ઓનલાઇન મોનિટરિંગ સેન્ટર, વિદ્યા સમીક્ષા કેન્દ્રને વડાપ્રધાનશ્રીના હસ્તે 'પ્રાઇમ મિનિસ્ટર્સ એવોર્ડ ફોર એક્સેલન્સ ઈન પબ્લિક એડમિનિટ્રેશન' મળ્યો છે. દેશનાં અનેક રાજ્યો દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્ર જેવી જ વ્યવસ્થા ઊભી કરવા માટે ગુજરાતના વિદ્યા સમીક્ષા કેન્દ્રનો મોડેલ તરીકે અભ્યાસ કરવામાં આવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ન્યૂ ઈન્ડિયાના વિઝનને ધ્યાનમાં રાખીને દેશના ભવિષ્યને અમૃતકાળમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને ભવિષ્યલક્ષી શિક્ષણ આપવાના ધ્યેયને સિદ્ધ કરવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ ખૂબ જ મહત્ત્વનું છે. આગામી વર્ષ દરમિયાન રાજ્યના બાળકોના સર્વાંગી વિકાસ સાથે તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વિવિધ યોજનાઓનો વિધિવત્ શુભારંભ કરવામાં આવશે.

ઉચ્ચ ગુણવત્તાયુક્ત સર્વવ્યાપી શિક્ષણ એ દેશની સમૃદ્ધ માનવ પ્રતિભા અને સંસાધનોના મહત્તમ વિકાસ અને સંવર્ધન માટે તેમજ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વૈશ્વિક કલ્યાણ માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે. આગામી દાયકામાં ભારતમાં વિશ્વના સૌથી વધુ યુવાન લોકોની વસતિ હશે અને તેમને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક અવસર પ્રદાન કરવાની આપણી ક્ષમતા જ આપણા દેશના ભવિષ્યને નિર્ધારિત કરશે. ભારતના સર્વાંગી વિકાસ, આર્થિક વૃદ્ધિ, સામાજિક ન્યાય અને સમાનતા, વૈજ્ઞાનિક પ્રગતિ, રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક સંરક્ષણ વગેરે બાબતો તેમજ વૈશ્વિક સ્તર પર ભારતના નેતૃત્વને મજબૂતી પ્રદાન કરવા માટે ગુણવત્તાયુક્ત અને સર્વવ્યાપી શિક્ષણ ચાવીરૂપ છે.

દરેક વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ પાયાની જરૂરિયાત છે. બદલાતી ટેકનોલોજીના પરિવેશમાં અનુકૂલન સાધી શકે તે માટે શિક્ષણ સંસ્થાઓમાં જરૂરી સગવડો આપી નવતર અભ્યાસક્રમો શરૂ કરવા સરકારે આયોજન કર્યુ છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી દ્વારા દેશના સૌથી મોટા શાળાકીય સર્વગ્રાહી ટ્રાન્સફોર્મેશન મિશન - મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સનું લોકાર્પણ ગત નવેમ્બર - ૨૦૨૨માં કરવામાં આવ્યું હતું. આ મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત રાજ્યની ૨૦,૦૦૦ મોટી સરકારી અને અનુદાનિત શાળાઓ કે જેમાં રાજ્યના આશરે ૮૦%થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેમને ઉચ્ચસ્તરીય ભૌતિક અને ડિજિટલ માળખાકીય સુવિધાઓ સાથે સજ્જ કરવામાં આવશે. મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત આગામી વર્ષ દરમ્યાન ૨૧,૦૦૦ નવા વર્ગખંડો, ૫૪,૦૦૦ થી વધુ જ્ઞાનકુંજ સ્માર્ટ ક્લાસરૂમ, ૬,૦૦૦ કમ્પ્યૂટર લેબ્સ, ૫,૦૦૦ સ્ટેમ લેબ્સ અને અન્ય માળખાકીય સુવિધાઓ સાથે સરકારી શાળાઓની કાયાપલટ થશે. જે માટે રૂ.૩,૧૦૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ચાલુ વર્ષે જ્યારે ૨૫% જેટલો વધારો શાળા શિક્ષણના બજેટમાં કરવામાં આવ્યો છે ત્યારે રાજ્યના દરેક વિદ્યાર્થીને અત્યાધુનિક માળખાકીય સુવિધાઓ મળે તેમજ પૂરતા શિક્ષકો ઉપલબ્ધ કરાવી શકાય તેવા ઉમદા આશયથી અનેક નવી યોજનાઓ અમલી બનાવાશે. ●



## ખેલશે ગુજરાત, જીતશે ગુજરાતના મંત્ર સાથે

# રાજ્યના યુવાઓ જુસ્સાભેર આગળ વધી રહ્યા છે

ગુજરાત ભવ્ય સમૃદ્ધ ઐતિહાસિક, સાંસ્કૃતિક, સાહિત્યિક વારસો ધરાવે છે. આ વૈવિધ્યપૂર્ણ વારસાનું સંરક્ષણ અને સંવર્ધન થાય તથા નવી પેઢી સંસ્કૃતિ-કલા પરત્વે અભિમુખ થાય તે માટે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ સતત પ્રયાસરત છે. રાજ્યમાં રમત-ગમત ક્ષેત્રે કૌશલ્યવાન યુવા રમતવીરોને પ્રોત્સાહન આપી, તાલીમ અને સંસોધનો પૂરાં પાડી, યુવા રમતવીરોની પ્રતિભાનો દેશ અને દુનિયાને પરિચય થાય તે માટે બહુઆયામી આયોજનો અને વૈવિધ્યપૂર્ણ યોજનાઓનો સફળતાપૂર્વક અમલ કરવામાં આવી રહ્યો છે.

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ માટેની માંગણીઓ ઉપરની ચર્ચા દરમિયાન મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતના યુવાનોમાં રમત પ્રત્યે અભિમુખતા વધે, રમત કૌશલ્યો વિકસે, ખેલદિલીની ભાવના વધુ દ્રઢ થાય, યુવાનો ઓજસ્વી, તેજસ્વી અને બળવાન બને તે હેતુથી કામ કરી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ સાથે "ખેલશે ગુજરાત, જીતશે ગુજરાત"ના મંત્ર સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આ વિભાગ આગેકદમના જુસ્સા સાથે આગળ વધી રહ્યો છે.

તાજેતરમાં રમાયેલી ટોક્યો ઑલિમ્પિક્સમાં સૌ પ્રથમ વખત ગુજરાતની ૬ મહિલા રમતવીરોએ ભાગ લીધો જે સૌ ગુજરાતીઓ જ નહીં, સમગ્ર ભારતવાસીઓ માટે ગૌરવની બાબત છે. ગુજરાતમાં સ્પોર્ટ્સના નવા યુગની આ માત્ર શરૂઆત હોવાનું કહી તેમણે ઉમેર્યું કે, ઈંગ્લેન્ડના બર્મિંઘમ ખાતે આયોજિત કોમનવેલ્થ ગેમ્સ-૨૦૨૨માં પણ ગુજરાતના ૬ રમતવીરોએ ભાગ લીધો હતો.



જેમાં હરમિત દેસાઈએ ગોલ્ડ મેડલ જીતીને તથા ગુજરાતની દીકરીઓ ભાવિના પટેલ તથા સોનલ પટેલે પેરા ગેમ્સમાં મેડલ મેળવીને રાજ્યનું નામ રોશન કર્યુ છે. આ યાત્રાને આગળ વધારવા અને ગુજરાતને સ્પોર્ટિંગ ઈવેન્ટ અને પ્રવૃત્તિઓ માટે હબ બનાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્યમાં એથ્લેટ્સને સંસાધનો અને ટેકો મળે, ઉચ્ચ સ્તરે શ્રેષ્ઠતા હાંસલ કરી શકે તે માટે ટ્રેનિંગ અને ડેવલપમેન્ટ માટે મજબૂત સિસ્ટમ અમલીકરણ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

દેશના અન્ય રાજ્ય વ્યાપક માળખાકીય અને સંસ્થાકીય સુવિધાઓની જરૂરિયાતને કારણે નેશનલ ગેમ્સ આયોજિત કરવા તૈયાર ન્હોતા ત્યારે સાત વર્ષના લાંબા અંતરાલ બાદ માત્ર ૧૦૦ દિવસ જેટલા ટૂંકા સમયમાં ગુજરાતે પ્રતિષ્ઠિત ૩૬મી નેશનલ ગેમ્સ સપ્ટેમ્બર-ઓક્ટોબર - ૨૦૨૨ માં સફળતાપૂર્વક આયોજિત કરીને બીજા રાજ્યો માટે ઝળહળતું ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગુજરાતમાં યોજાયેલી ૩૬મી નેશનલ ગેમ્સ ભારતની સૌથી મોટી મલ્ટિ સ્પોર્ટસ મેગાસ્પોર્ટ ઈવેન્ટ હતી, જેમાં ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અને ૩૬ રમત-ગમત શાખાઓનાં સર્વિસ બોર્ડનાં ૧૪,૫૦૦ થી વધુ એથ્લેટ્સ, કોચ અને સપોર્ટ સ્ટાફે ભાગ લીધો. ઈતિહાસમાં સૌપ્રથમ વખત આ સ્તરની રમત માટે કોઈ પણ નવું સ્પોર્ટ્સ માળખું ઊભું કર્યા વગર ગુજરાતે અન્ય રાજ્યોને નવાં મોડલની શીખ આપી છે. ઉપલબ્ધ પ્રાઈવેટ સ્પોર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટસ, કન્વેન્શન સેન્ટર અને શિક્ષણ કેન્દ્રોમાં સુધારા-વધારા કરીને તેને નેશનલ ગેમ્સ માટે વિશ્વ સ્તરની સ્પોર્ટ્સ સુવિધાઓ તરીકે તૈયાર કરવામાં આવી.

ગર્વની વાત છે કે, ૩૬મી નેશનલ ગેમ્સમાં ગુજરાતે 'મેડલ ટેલી'માં ૧૨મું સ્થાન હાંસલ કરીને નેશનલ ગેમ્સની શરૂઆતથી અત્યાર સુધીમાં સૌથી શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. આપણાં એથ્લેટ્સે રાજ્ય માટે ૧૩ ગોલ્ડ, ૧૫ સિલ્વર અને ૨૧ બ્રોન્ઝ મેડલ મળીને કુલ ૪૯ મેડલ જીતીને વિવિધ સ્પોર્ટસમાં અત્યાર સુધીનો અભૂતપૂર્વ દેખાવ કર્યો. તેમની સફળતા રાજ્યની સ્પોર્ટિંગ સમુદાયની પ્રતિભા અને સખત મહેનતનો પુરાવો છે.

મંત્રીશ્રીએ માળખાકીય સુવિધાઓ અંગે માહિતી આપતાં ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર વર્ષ-૨૦૦૬થી સરદાર પટેલ રમત સંકુલ યોજના થકી રમત-ગમતની માળખાગત સુવિધાઓનો વિકાસ કરી રહી છે. હાલમાં ૧૯ જિલ્લાઓમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેકસ કાર્યરત છે, વધુમાં ૧૧ જિલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં જરૂરિયાત મુજબ અદ્યતન સુવિધાઓ સાથેની કામગીરી પ્રગતિ હેઠળ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સુરેન્દ્રનગર ખાતે જિલ્લા રમત સંકુલના નિર્માણ અંગેની નવી બાબત રજૂ કરવામાં આવી છે તથા ગાંધીનગર અને તાપી જિલ્લામાં રમત સંકુલના નિર્માણની કામગીરી પ્રગતિમાં છે.

આ ઉપરાંત ગુજરાત રાજ્યમાં સામાન્ય તથા આદિજાતિ વિસ્તારમાં રમત સંકુલોનું નિર્માણ, જરૂરી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા રૂ. ૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ સાથે ૧૬ અદ્યતન સ્પોર્ટસ હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઉપરાંત વ્યારા તથા વડનગર રમતગમત સંકુલ ખાતે અદ્યતન સ્પોર્ટસ હોસ્ટેલ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

આ વિવિધ પહેલ દ્વારા ગુજરાતનું સ્પોર્ટિંગ વિઝન, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન સાથે એક થઈ ભારતને વિશ્વનું સ્પોર્ટસ સુપરપાવર બનાવે તેવી ઈચ્છાશક્તિ સાથે ગુજરાત કામ કરી રહ્યુ છે. જેના પરિણામે સ્પોર્ટસ અને ફિટનેસ માટે ગુજરાત હંમેશાં અગ્રેસર રહેશે. ગુજરાતનું સ્પોર્ટસ સેક્ટર વિકસી રહ્યું છે અને તેને વધુ સુદૃઢ અને સક્ષમ બનાવવા માટે રાજ્ય સરકાર હંમેશાં કટિબદ્ધ છે. ●

# લોકભાગીદારી થકી વન અને વન્ય સૃષ્ટિના રક્ષણ માટે ગુજરાત કટિબદ્ધ

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વેદ અને પુરાણોમાં વર્ણવેલ પ્રકૃતિને માતા ગણીને તેમાંથી પોષણ મેળવવાનું પણ શોષણ નહીં કરવાની નીતિ અપનાવી છે. આ કારણસર રાજ્યના વન અને પર્યાવરણ પણ રાજયમાં વનોનો વધારો થાય અને લોકભાગીદારી થકી વન અને વન્ય સૃષ્ટીનું રક્ષણ થાય તેવા પ્રયાસો હાથ ધર્યાં છે, જેનાં ઉમદા પરિણામો પણ જોવા મળ્યાં છે. વન આધારિત ગરીબોની આજીવિકામાં વધારો થાય એ માટે પણ અનેક યોજનાઓનો અમલ ગુજરાત સરકારે કર્યો છે.

ગુજરાત વિધાનસભામાં વન અને પર્યાવરણ વિભાગની માગણી પરની ચર્ચામાં મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યની જૈવિક વિવિધતામાં ખૂબ જ મહત્ત્વનું સ્થાન સિંહ અને દીપડા જેવાં પ્રાણીઓનું છે, પરિણામે રાજ્ય સરકારે માલ - ઢોર અને મનુષ્યના સંરક્ષણ માટે સતત પ્રયત્નશીલ તંત્ર ગોઠવ્યું છે અને નુકસાન થાય તો નાણાકીય સહાયમાં પણ સતત વધારો કર્યો છે. વન્યપ્રાણી ખુલ્લા કૂવામાં પડી જવાથી મૃત્યુ ન પામે તે માટે ખાનગી માલિકીના કૂવાઓની ફરતે પેરાપીટ બનાવવા માટે પણ નાણાકીય સહાય આપી છે. તેમજ વન્ય પ્રાણીઓની માફક જ પતંગના દોરાથી ઘાયલ થતાં પક્ષીઓને બચાવવા આ સરકારે આખા દેશમાં પહેલી વખત કરુણા અભિયાન હાથ ધર્યું છે.

વન વિભાગની આ તમામ પ્રવૃત્તિઓને પૂર્ણ કરવા માટે સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે રૂ.૧૯૭૮.૭૪ કરોડની સૂચિત જોગવાઈ કરવામાં આવી છે. તે પૈકી સામાન્ય માટે રૂ.૧૫૪૯.૬૫ કરોડ, આદિજાતિ વિસ્તાર માટેની રૂ.૩૭૨.૯૧ કરોડ અને અનુસૂચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજના હેઠળ રૂ. ૫૬.૧૮ કરોડની જોગવાઈ અંકિત કરેલ છે. કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં રૂ.૨૭.૨૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



રાજ્યમાં ૪ રાષ્ટ્રીય ઉદ્યાન અને ૨૩ અભયારણ્યોમાં રહેતાં વન્ય પ્રાણીઓના સંરક્ષણની કામગીરીને વેગ આપવા વન્ય પ્રાણી વ્યવસ્થા અને વિકાસ યોજના અંતર્ગત વન્ય પ્રાણીઓનું સશક્ત રીતે સંરક્ષણ અને સંવર્ધન થાય, જંગલ સફારી તેમજ લુપ્ત થતી પ્રજાતિઓને યોગ્ય રક્ષણ મળે તેમજ માનવ-વન્ય પ્રાણી ઘર્ષણ ઓછું થાય, વેટલેન્ડ સંરક્ષણ તેમજ ઈકો-ટુરિઝમને વેગ આપવા, સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયના સુચારું વ્યવસ્થાપનની કામગીરી માટે રૂ.૩૭૫.૦૭ કરોડની જોગવાઈ કરી છે. તેમજ સામાજિક વનીકરણ યોજના હેઠળ વૃક્ષોની સંખ્યા વધે વન મહોત્સવ જેવા કાર્યક્રમોથી ખેતી વિષયક જંગલના કાર્યક્રમો વધે તે માટે કુલ રૂ.૩૯૫.૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી દ્વારા એશિયાઈ સિંહના એકમાત્ર નિવાસસ્થાનને વિશ્વ કક્ષાના સ્થળ તરીકે વિકસાવવા એશિયાઈ સિંહના સંરક્ષણ અને સંવર્ધન માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧૦ વર્ષ માટે "પ્રૉજેક્ટ લાયન - લાયન એટ ૨૦૪૭: અ વિઝન ફોર અમૃતકાળ" હેઠળ કુલ રૂ. ૨૯૨૭.૨૧ લાખનો પ્રૉજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. જે અન્વયે રૂ. ૨૭ કરોડની નવી બાબત તરીકે દરખાસ્ત કરી છે.

વન અને ટુરિઝમ બંનેનો સંયુક્ત વિકાસ થાય તે માટે અનેક પગલાં લીધાં છે જેમ કે, બૃહદ્ ગીર વિસ્તારમાં નવીન સફારી પાર્કનું નિર્માણ, આંબરડી સફારી સક્કરબાગ ઝુના એન્ટ્રી પ્લાઝા રિસ્ટોરેશન, ગીર ફાઉન્ડેશન ગાંધીનગર હસ્તકના ઈન્દ્રોડા પાર્ક ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલયનું સુદૃઢીકરણ કરવામાં આવશે.

વિલુપ્ત થતી વનસ્પતિની પ્રજાતિઓનું વાવેતર કરવું અને વનસ્પતિ આધારિત દવાઓનું ઉત્પાદન વધારવા તથા ઈમારતી અને ઔદ્યોગિક વૃક્ષોની ખેતી વધારવા માટે સતત પ્રયત્નશીલ છે.

સામાજિક વનીકરણ યોજનાની નવી બાબતો અન્વયે હરિત વસુંધરા પ્રોજેક્ટ અંતર્ગત વન વિસ્તાર બહાર વૃદ્ધિ માટે રૂ.૩૯.૦૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે જેમાં હરિત વસુંધરા મોડલ હેઠળ રાજ્ય સરકારની ખરાબાની (વેસ્ટલેન્ડ) પડતર જમીનને હરિયાળી બનાવવા વાવેતર તથા તેની જાળવણી (વન કવચ વાવેતર) માટે પ્રગતિશીલ યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકારે જૈવિક તબીબી કચરા ઉપર પણ પૂરતું ધ્યાન આપ્યું છે. ગુજરાતમાં કુલ ૨૦ કોમન બાયો મેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસિલિટી (સીબીડબ્લ્યુટીએફ)ની સ્થાપના કરવામાં આવી છે. હેલ્થ કેર ફેસિલિટીમાંથી પેદા થતા હવે રોજના કુલ ૩૭,૮૦૦ કિ.ગ્રા. / દિન રિસાઈકલેબલ વેસ્ટની વૈજ્ઞાનિક રીતે વ્યવસ્થા કરવાનું તંત્રએ ગોઠવ્યું છે.

ભારતની એકમાત્ર યુનિડો (UNIDO)ના ટેકનિકલ સહયોગ દ્વારા પ્રદૂષણ નિવારણ માટે ૨૦૦થી વધારે ક્લિનર પ્રોડક્શન પ્રમોશન પ્રોગ્રામ અને ૧૩૦ થી વધારે ક્લિનર પ્રોડક્શન અસેસમેન્ટ પ્રૉજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. ગુજરાત ઈકોલોજી કમિશન (GEC) દ્વારા તૈયાર કરવામાં આવેલ શિવરાજપુર બીચ કે જે રાજ્યનો એકમાત્ર બ્લૂ ફ્લેગ પ્રમાણિત બીચ છે, જેના સારા પ્રતિસાદને કારણે અહેમદપુર માંડવી(ગીર-સોમનાથ), દાંડી(નવસારી), રાવલપીર(માંડવી-કચ્છ) બીચની પસંદગી કરી કામગીરી હાથ ધરવામાં આવી છે. ●

## સ્ટેટ ક્લાઇમેટ એન્ડ એનર્જી ઇન્ડેક્સમાં ગુજરાત પ્રથમ ક્રમે

આજે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગની અસરોનો સામનો કરી રહ્યો છે. તેના ઉકેલ માટે વિવિધ પ્રકલ્પો દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશમાં સૌપ્રથમ ક્લાઈમેટ ચેન્જ વિભાગ ગુજરાતમાં શરૂ કરી પર્યાવરણના રક્ષણ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આજે ગુજરાતનો ક્લાઈમેટ ચેન્જ વિભાગ સમગ્ર દેશ માટે જ નહીં, પરંતુ વિશ્વના દેશો માટે પ્રેરક બન્યો છે. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં મંત્રી શ્રી મૂળુભાઈ બેરા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર કલાઈમેટ ચેન્જ અંગેની વૈશ્વિક સમસ્યાઓને નિવારવા કટિબદ્ધ છે. આગામી વર્ષના અંદાજપત્રીય જોગવાઈઓ ગુજરાત રાજ્યના કલાઈમેટ ચેન્જ પરત્વેના સંવેદનશીલ અભિગમને વધુ એક કદમ આગળ ધપાવશે. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા સ્ટેટ ક્લાઈમેટ એન્ડ એનર્જી ઈન્ડેક્સમાં ગુજરાત રાજ્યએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા પંચામૃત સંકલ્પોને સ્વીકારીને ગુજરાતે પુનઃ પ્રાપ્ય ઊર્જાનો વ્યાપ વધારવાનો સંકલ્પ કર્યો છે.

સોલાર પ્લાન્ટ અંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૨,૩૬૬થી વધારે મેગાવોટ ક્ષમતાના સૌર ઊર્જા પ્લાન્ટ સ્થપાયા છે. ૪ લાખ કરતા વધુ રહેણાંક મકાનો ઉપર સોલાર સિસ્ટમ બેસાડવા લાભાર્થીઓને સહાય તથા આગામી વર્ષમાં ૧ લાખથી વધારે લાભાર્થીઓને સોલાર સિસ્ટમ બેસાડવા સબસિડી ચૂકવવાનું આયોજન છે. નવીન અને પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે, ત્યારે પવન ઊર્જાનીતિ હેઠળ રાજ્યની કુલ પવન વિદ્યુત ઉત્પાદન ક્ષમતા ૯,૭૬૪ મેગાવોટ થાય છે જે સમગ્ર દેશમા દ્વિતિય ક્રમે છે. રાજ્યની પુનઃ પ્રાપ્ય ઊર્જાની કુલ સ્થાપિત ક્ષમતા ૧૯ હજાર મેગાવોટ છે, જે દેશમાં હાલમાં બીજા ક્રમે છે.

આ અંદાજપત્રમાં સરકારી શાળા, કોલેજો, હોસ્પિટલોના મકાન પર સોલાર રૂફટોપ સ્થાપિત કરી ૮ મેગાવોટની ક્ષમતા ઊભી કરવા રૂ.૩૮ કરોડની જોગવાઈ કરી છે. આગામી વર્ષમાં ૫૦ ગૌશાળા તથા અન્ય સંસ્થાઓમાં બાયોગેસ પ્લાન્ટની સ્થાપના માટે રૂ.૬ કરોડની જોગવાઈ કરી છે. તાજેતરમાં એકતાનગર ખાતેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મિશન લાઇફની અમલવારી માટે રૂ.૫૦ લાખની જાહેરાત કરી હતી. તેમજ ગાંધીનગર શહેરમાં સરકારી ઈમારતો પર પી.પી.પી. પ્રૉજેક્ટ માટે રૂ.૨.૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પંચામૃત સંકલ્પો પૈકી ભારતમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ મેગા વોટ પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત કરવાનું આયોજન છે. તેને અનુરૂપ ગુજરાત રાજય માટે ૨૦૩૦ સુધીના પુનઃપ્રાપ્ય ઊર્જા લક્ષ્યાંકો નક્કી કરવાની વ્યૂહરચના બનાવવાનું આયોજન છે. ●



## રાજ્ય સરકાર દ્વારા શ્રમિકોના વેતનમાં માતબર વધારો



શ્રમિકોનું સ્વાસ્થ્ય, શિક્ષણ અને સુરક્ષા રાજ્ય સરકારની હમેશા પ્રાથમિકતા રહી છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૪થી લઘુતમ વેતનના પ્રવર્તમાન દરની સમીક્ષા કરી છે. ઉપરાંત રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય લઘુતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિમર્શ કરીને લઘુતમ વેતનના દર સુધારવાનું નક્કી કર્યું છે. શ્રમ રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, શ્રમિકોના કલ્યાણ અને તેમનાં હિતોના રક્ષણ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. લઘુતમ વેતન અધિનિયમ હેઠળ જુદા - જુદા ૪૬ વ્યવસાયના લઘુતમ વેતન દરોમાં હાલ કુશળ શ્રમિકને કાર્પોરેશન વિસ્તારો તથા નગરપાલિકાઓ અને સ્થાનિક સત્તામંડળ હેઠળના વિસ્તારોમાં માસિક વેતન રૂ.૯,૮૮૭.૮૦ મળે છે. તેના સ્થાને માસિક વેતન રૂ.૧૨,૩૨૪ મળશે. આમ થવાથી શ્રમિકના માસિક વેતનમાં રૂા. ૨,૪૩૬.૨૦ નો વધારો એટલે કે ૨૪.૬૩ ટકાનો વધારો થશે.

રાજ્યમાં શ્રમિકોના લઘુતમ વેતન અંગે રાજય સરકારને સલાહ આપવા માટે ગુજરાત રાજ્ય લઘુતમ વેતન સલાહકાર બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડની ભલામણો ઉપર પુખ્ત વિચારણા કરીને સુધારો કરવામાં આવ્યો છે. અર્ધકુશળ શ્રમિકને માસિક વેતન રૂ. ૯,૬૫૩.૮૦ મળે છે. તેના સ્થાને માસિક વેતન રૂ. ૧૧,૯૮૬ મળશે એટલે કે, તેમાં રૂ.૨,૩૩૨.૨૦નો માસિક વધારો થશે, જે સરેરાશ ૨૪.૧૫ ટકાનો વધારો થાય છે. તે જ રીતે બિનકુશળ શ્રમિકને માસિક વેતન રૂ. ૯,૪૪૫.૮૦ મળે છે. તેના સ્થાને માસિક વેતન રૂ. ૧૧,૭૫૨ મળશે એટલે કે રૂ. ૨,૩૦૬.૨૦નો માસિક વધારો થશે, જે સરેરાશ ૨૪.૪૧ ટકાનો વધારો થાય છે.

કોર્પોરેશન વિસ્તારો તથા નગરપાલિકાઓ અને સ્થાનિક સત્તામંડળ હેઠળના વિસ્તારો સિવાયના કુશળ શ્રમિકને માસિક વેતન રૂ. ૯,૬૫૩.૮૦ મળે છે તેના સ્થાને માસિક વેતન રૂ. ૧૨,૦૧૨ મળશે. અર્ધ કુશળ શ્રમિકને રૂ. ૯,૪૪૫.૮૦ ના સ્થાને માસિક વેતન રૂ.૧૧,૭૫૨ મળશે તથા બિન કુશળ શ્રમિકને માસિક વેતન રૂ.૯,૨૩૭.૮૦ મળે છે. રાજ્ય સરકાર દ્વારા શ્રમિકોના વેતનમાં સૌ પ્રથમ વખત ૨૫ ટકા જેટલો માતબર વધારો કરાયો છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, શેરડી કાપણી-ભરણીના વ્યવસાયમાં વધારો કરી રૂ.૪૭૬ પ્રતિ ટન કરવામાં આવ્યો છે, જેનાથી અંદાજે ૩ લાખથી વધુ શ્રમિકોને ફાયદો થશે. ●

# રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાતનું આગેકદમ

આપણાં રોજિંદા ઘર વપરાશ, કૃષિ ઉત્પાદન, ઔદ્યોગિક ઉત્પાદન, વિવિધ પ્રકારની સમાજલક્ષી સેવાઓ જેવી કે, શાળા, કોલેજો, રિસર્ચ સેન્ટર, દવાખાના, હોસ્પિટલ્સ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી વગેરે તમામ ક્ષેત્રે કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ માટે વીજળી ખૂબ જ અગત્યનું પરિબળ છે. દરેક ક્ષેત્રમાં ગુજરાતના વિકાસની વણથંભી યાત્રા છેલ્લા ૨૦ વર્ષથી અવિરત આગળ વધી રહી છે, તેના મૂળમાં રાજ્યમાં ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ રીતે પૂરો પાડવામાં આવતો વીજ પુરવઠો પણ છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરલી જ્યોતિગ્રામ યોજના આજે દેશના બધા જ રાજ્યો માટે એક મિસાલ છે.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અનુદાનો માટેની માંગણી પરની ચર્ચા માટે મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સામાજિક અને આર્થિક વિકાસ માટેનો એક અગત્યનો માપદંડ વીજળી છે. વર્ષ ૨૦૧૧-૧૨માં રાજ્યનો સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૧,૨૩૩ યુનિટ હતો, જે આજે વર્ષ ૨૦૨૧-૨૨માં વધીને ૨,૨૮૩ યુનિટ થયો છે. જે રાષ્ટ્રીય સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૧,૨૫૫ની સરખામણીમાં લગભગ બમણો છે.

રાજ્યની વીજ કંપનીઓ સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા હાથ ધરાતા ઇંન્ટિગ્રેટેડ રેન્કિંગમાં રાજ્યની ચારેય વીજ વિતરણ કંપનીઓ છેલ્લા દસ વર્ષથી A+ રેટિંગ સાથે સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરતી આવી છે. ગત એક વર્ષ દરમિયાન કુલ ૨૪ થી પણ વધુ રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ અને પારિતોષિકો વીજ કંપનીઓને પ્રાપ્ત થયાં છે. જે આપણાં માટે ગર્વની બાબત છે.

ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૭૦ સુધીમાં NET ZERO EMISSIONનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવાનો નિર્ધાર કર્યો છે. જેના ભાગરૂપે વર્ષ ૨૦૩૦ સુધીમાં પચાસ ટકા ફોસિલ ફ્રી ઊર્જા ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક છે. જેને સિદ્ધ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર રિન્યૂએબલ એનર્જીના વિવિધ સ્ત્રોતો જેવા કે, સોલાર, વિન્ડ, વેસ્ટ ટુ એનર્જી, હાઇડલ, પંપ હાઇડ્રો સ્ટોરેજ વગેરે સેક્ટરના વિકાસ માટે રાજ્યને અગ્રેસર અને રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું રાજ્ય બનાવવા માટે કટિબદ્ધ છે.

ગુજરાત સરકાર હંમેશા ખેડૂતોની સાથે રહી છે અને ખેડૂતોને ૯૦ % થી વધુ રાહત દરે વીજળી પૂરી પાડી રહી છે તેમજ ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી ભરવામાંથી માફી આપવી, રાહત દરે વીજ કનેકશન આપવું જેવાં અનેક ખેડૂતલક્ષી પગલાંઓ લેવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા એક નવીન અભિગમ અપનાવી "કિસાન સૂર્યોદય યોજના'' અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત ખેડૂતોને દિવસે વીજળી આપવા વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં રૂ.૧૫૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પી.એમ. કુસુમ યોજના અંતર્ગત જ્યાં ગ્રીડ સપ્લાય ઉપલબ્ધ નથી તેવા ઓફગ્રીડ વિસ્તારમાં પિયત માટે ડિઝલથી ચાલતા પંપસેટને બદલવા માટે ખેડૂતોને સ્ટેન્ડ એલોન સોલાર એગ્રીકલ્ચર પંપ સ્થાપિત કરવા માટે સહાય કરવામાં આવે છે.

વન વિસ્તારના સામાન્ય યોજનાના અરજદારો કે જેમને હયાત ગ્રીડથી પરંપરાગત વીજ જોડાણ આપવું ટેકનો-કોમર્શિયલ વાયેબલ ન હોઇ આ વિસ્તારના અરજદારોને સોલાર પંપ સેટ માટે ભરવાપાત્ર ફાળાની જગ્યાએ નહિંવત ફાળો ભરવાનો અને બાકીનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા વધારાની સબસિડીરૂપે આપવામાં આવે છે. તથા આદિજાતિ યોજનાના અરજદારોએ કોઇ ફાળો ભરવાનો રહેતો નથી. આ યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧૫૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

આદિજાતિ વિસ્તારોમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રૂ.૨૫૦ કરોડના ખર્ચે અંદાજિત ૧૧,૮૦૦ કૂવાનું વીજળીકરણ કરવાના આયોજન સામે અત્યાર સુધીમાં ૧૨,૬૧૩ કૂવાનું વીજળીકરણ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪માં અંદાજીત રૂ. ૨૭૫ કરોડના ખર્ચે ૧૪,૧૦૦ કૂવાનું વીજળીકરણ તથા વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ વિવિધ જરૂરિયાત મુજબની કામગીરી કરવાનું આયોજન છે. આદિજાતિ વિસ્તારોમાં ૧૮ નવા સબ સ્ટેશનો બનાવવા અને તેને સંલગ્ન વીજ પ્રવહન લાઈનોની કામગીરી માટે રૂ.૧૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આદિજાતિ, સાગરકાંઠા તથા અન્ય વિસ્તારોમાં નવા ૬૩,૩૫૫ કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે રૂ.૧૦૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

ખેતીવાડી ફિડરોમાં સાતત્યપૂર્ણ અને વિશ્વસનીય વીજ પુરવઠો મળી રહે તે માટે જર્જરિત વીજ વાયરો અને જરૂર જણાય તેના આનુષાંગિક ઉપકરણો બદલવાની કામગીરી ઉપરાંત ખેતી વિષયક ફિડરોનાં વિભાજનની કામગીરી કરવામાં આવે છે. જે માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૮૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૩ની સ્થિતિએ સ્થાપિત સોલાર પ્રોજેક્ટોની વીજ ક્ષમતા ૯૦૫૫ મેગાવોટ છે, જે આશરે ૧૪ ટકાના યોગદાન સાથે દેશમાં દ્વિતિય સ્થાને છે. રાજ્યના રિન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટોની કુલ સ્થાપિત ક્ષમતા ૧૮,૭૬૭ મેગાવોટ છે. જે સમગ્ર દેશની કુલ સ્થાપિત ક્ષમતા ૧,૨૦,૮૪૮ મેગાવોટની સાપેક્ષે ૧૫.૩ ટકા જેટલી છે. જ્યારે આપણે રિન્યૂએબલ એનર્જીની વાત કરતાં હોઇએ ત્યારે આપણા સાંસ્કૃતિક વારસા સમાન મોઢેરાના સૂર્યમંદિરને અચૂક યાદ કરવું જ પડે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળ વિશ્વનો સૌથી મોટો R.E. પાર્ક કચ્છના ખાવડા ખાતે આકાર લઇ રહ્યો છે જેની સ્થાપિત વીજ ક્ષમતા ૩૦ હજાર મેગાવોટ જેટલી છે. જે માટે રૂ.૧૦૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ●

# વિધાનસભામાં લોકપ્રશ્નોને મળી વાચા

*લોકહિતનાં કાર્યો કરી ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓએ લોકપ્રહરી તરીકે ખરા ઊતરવાનું હોય છે. વિધાનસભામાં વિકાસકાર્યોને વાચા આપવાનું બહુમૂલ્ય કાર્ય આ લોકપ્રહરીઓના શિરે હોય છે. ૧૫મી વિધાનસભાના બીજા સત્ર દરમિયાન પૂછવામાં આવેલા પ્રશ્નોનું પ્રતિનિધિત્વ ધારાસભ્યશ્રીઓએ કર્યું હતું. સમગ્ર પ્રશ્નોત્તરીને સમાવવી શક્ય ન હોવા છતાં વિધાનસભા સત્રની કામગીરીની આછેરી ઝલક અત્રે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.*

પોરબંદરના ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાના પ્રશ્નનો જવાબ આપતા મંત્રીશ્રીએ માહિતી આપી હતી કે, પોરબંદર જિલ્લામાં મિયાણી(હર્ષદ) ખાતે જી.આઇ.ડી.સી.માં 163 પ્લોટનું આયોજન કરી રોડ, ગટર, વીજ કનેક્શન માટે રૂ.353.58 લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.





કચ્છના અંજારના ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ છાંગાના એક પ્રશ્નમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કચ્છમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ યોજના હેઠળ કુલ 1006 ખેડૂતોને તાલીમ આપવામાં આવી હતી. જેમાં 460 મહિલાઓ અને 546 પુરુષોનો સમાવેશ થાય છે. આ તાલીમ માટે રૂ. 10.55 લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

છેલ્લા એક વર્ષમાં 31/12/22ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અનુસૂચિત જાતિની 769 અરજીઓ મંજૂર કરી રૂ.39.51 લાખની રકમ ચૂકવવામાં આવી હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. આ પ્રશ્ન રાજકોટના ધારાસભ્ય શ્રી ઉદયભાઇ કાનગડ દ્વારા પૂછવામાં આવ્યો હતો.





રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયના બાંધકામ માટે રાજ્ય સરકાર તરફથી સહાય આપવામાં આવે છે. જે પૈકી કુમાર છાત્રાલય માટે કુલ એસ્ટિમેટ રકમના 75 ટકા અથવા રૂ.4 લાખ પૈકી જે ઓછું હોય તે ચૂકવવામાં આવે છે. તો કન્યા છાત્રાલય માટે કુલ એસ્ટિમેટના 90 ટકા અથવા રૂ. 4 લાખ પૈકી જે ઓછું હોય તે ચૂકવવામાં આવે છે. આ માહિતી મંત્રીશ્રીએ જામજોધપુરનાં ધારાસભ્ય શ્રી હેમંતભાઇ આહીરના એક પ્રશ્નના જવાબમાં આપી હતી.

સાવલીના ધારાસભ્ય શ્રી કેતનભાઇ ઇનામદારના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડોદરા જિલ્લામાં 1/1/2022 થી 31/12/22 સુધીમાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ 2199 અરજી મંજૂર કરી રૂ.1,24,68,250ની સહાય ચૂકવવામાં આવી છે.



બનાસકાંઠા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ઉપલબ્ધ શૌચાલયની સુવિધા અંગે ધાનેરાના ધારાસભ્ય શ્રી માવજીભાઇ દેસાઇના એક પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠાના 40 આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. ટૂંક સમયમાં બનાસકાંઠાની તમામ આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ બનશે.





રાજ્યમાં મીઠા ઉદ્યોગ પ્રભાગ માટે વર્ષ 2021માં રૂ.2300 લાખ અને વર્ષ 2022માં રૂ.1650 લાખની જોગવાઈ કરવામાં આવી છે. ખંભાતના ધારાસભ્ય શ્રી ચિરાગભાઇ પટેલના એક પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ ઉપરોક્ત માહિતી આપી હતી

છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ 2021માં કુલ 29,394 અને વર્ષ 2022માં 31,306 ખેતીવાડી વીજગ્રાહકોને વીજબિલમાં સબસિડી આપવામાં આવી હતી. છેલ્લાં બે વર્ષમાં વીજગ્રાહકોને વર્ષ 2021માં રૂ.28.65 કરોડ અને વર્ષ 2022માં રૂ.39.52 કરોડની સબસિડી ચૂકવવામાં આવી છે. આ અંગેનો પ્રશ્ન છોટાઉદેપુરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ રાઠવાએ પૂછ્યો હતો. જેનો મંત્રીશ્રીએ જવાબ આપ્યો હતો.





સુરેન્દ્રનગરનાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય સંબંધે ધ્રાંગધ્રાના ધારાસભ્ય શ્રી પ્રકાશભાઈ વરમોરાના સવાલનો જવાબ આપતા મંત્રીશ્રીએ માહિતી આપી હતી કે, તા. 31/12/22ની સ્થિતિએ એક વર્ષમાં એમ.એસ.એમ.ઈ.ની 109 અરજી મંજૂર કરી 75 એકમોને રૂ.138.78 લાખની સહાય ચૂકવવામાં આવી છે.

કાંકરેજના ધારાસભ્ય શ્રી અમૃતજી ઠાકોરના એક પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લાના રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો પૈકી 82,829ને રોજગારી પ્રાપ્ત થઇ છે. જેમાં અમદાવાદના 73,929 અને બનાસકાંઠાના 8902 યુવાઓનો સમાવેશ થાય છે.





ઈન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના અંતર્ગત તા. 31/12/22ની સ્થિતિએ બે વર્ષમાં 203 અરજી મંજૂર કરાઇ છે. જેના થકી રૂ.12,098 કરોડનું મૂડીરોકાણ તથા 23,771 નાગરિકો માટે સંભવિત રોજગારી ઊભી થશે તેવી માહિતી મંત્રીશ્રીએ અકોટાના ધારાસભ્ય શ્રી ચૈતન્યભાઇ દેસાઇના પ્રશ્નનો ઉત્તર પાઠવતા આપી હતી.

# રાજ્યમાં પાંચ નવી ખાનગી યુનિવર્સિટી સ્થપાશે



રાજ્યના યુવાનોને ઘર આંગણે સારામાં સારું શિક્ષણ મળી રહે તે માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. રાજ્ય સરકારે ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી રાજ્યમાં પાંચ નવી ખાનગી યુનિવર્સિટી સ્થાપવા માટે ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક-૨૦૨૩ વિધાનસભામાં શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું, જેને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩ ગુજરાત વિધાનસભા ખાતે રજૂ કરતાં શિક્ષણ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યના યુવાનોને ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે વધુ નવી પાંચ ખાનગી યુનિવર્સિટી શરૂ કરવાનો રાજ્ય સરકારે આ સુધારા વિધેયક થકી નિર્ણય કર્યો છે. આ વિધેયક અંતર્ગત (૧) સરદાર વલ્લભભાઈ ગ્લોબલ યુનિવર્સિટી, ચીમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ, અમદાવાદ (૨) જ્ઞાનમંજરી ઈનોવેટિવ યુનિવર્સિટી, સીદસર રોડ, ભાવનગર (૩) સિગ્મા યુનિવર્સિટી, વાઘોડિયા-વડોદરા (૪) રજ્જુ શ્રોફ, રોયલ યુનિવર્સિટી, વાપી અને (૫) કે. એન. યુનિવર્સિટી, સાણંદ, અમદાવાદ મળી કુલ પાંચ નવી ખાનગી યુનિવર્સિટીઓ સ્થપાશે. ખાનગી યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ અંતર્ગત મંજૂરી બાદ રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓની સંખ્યા ૧૦૮ થશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલી નવી શિક્ષણ નીતિ યુવા વિકાસ તથા રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપે છે, જે વિદ્યાર્થીઓનું ઘડતર કરી દુનિયા સાથે કદમ મિલાવવા સક્ષમ બનાવે છે. હાલમાં રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ મેળવવામાં માટે નામાંકન અંગેના ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER) ને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦ ટકા સુધી લઈ જવાનો લક્ષ્યાંક છે. આ દિશામાં ખાનગી યુનિવર્સિટોઓની ભૂમિકા મહત્વની બની રહેશે એમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, આપણી સંસ્કૃતિમાં જ્ઞાન-વિજ્ઞાનનું પૂજન કરનારી શિક્ષણ પદ્ધતિ હતી, તે નવી શિક્ષણ નીતિમાં વણી લેવામાં આવી છે. ભારતના ભવ્ય ઇતિહાસ, ભવ્ય સાંસ્કૃતિક વારસાના મૂલ્યોને આવરી લઈ નવી શિક્ષણ પદ્ધતિ અંતર્ગત વિદ્યાર્થીઓને ચિંતામુક્ત બનાવી ભાર વગરના ભણતર થકી વધુ સર્જનાત્મકતા વિકસાવવામાં ઉપયોગી સાબિત થશે.

નવી શિક્ષણ નીતિમાં ભાષાવાદ, જાતિવાદ કે પ્રાંતવાદથી ઉપર ઉઠી માનવીય અભિગમ સાથે રાજ્યની યુનિવર્સિટીઓ કાર્ય કરી રહી છે. નવી યુનિવર્સિટી પણ આ તર્જ પર શિક્ષણકાર્ય કરશે. નવી શિક્ષણ પદ્ધતિથી જી.ડી.પી.ની સાથે સાથે માનવ વિકાસ સૂચકાંકની પણ સમજ કેળવાશે. અન્ય રાજ્યના વિદ્યાર્થીઓ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીમાં અભ્યાસ માટે આવી રહ્યા છે, જે રાજ્યની શિક્ષણ પ્રણાલીમાં થઈ રહેલા સુધારાઓ અને શિક્ષણક્ષેત્રે થયેલા માળખાકીય વિકાસની સાક્ષી પૂરે છે. નવી મંજૂર થયેલી યુનિવર્સિટીઓ પણ નવી શિક્ષણ પદ્ધતિ મુજબ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની વિભાવનાને સાકાર કરશે તેવો મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ભારતના શિક્ષણ વારસાનો ઉલ્લેખ કરતાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અમેરિકાનું અસ્તિત્વ પણ ન હતું ત્યારે ભારતે તબીબી, તકનિકી, ખગોળીય, ગાણિતિક વગેરે સહિતના શિક્ષણના તમામ ક્ષેત્રોનું જ્ઞાન વિશ્વ સમક્ષ રજૂ કર્યું હતું.

# અકસ્માત સમયે રોલરક્રશ બેરિયર મોટી જાનહાનિ ટાળશે

મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ મુખ્યમંત્રીશ્રીના માર્ગ અને મકાન વિભાગના પ્રત્યુત્તરમાં ગૃહમાં જણાવ્યું હતું કે, રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા 'રોલરક્રશ બેરિયર ટેક્નોલોજી'નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જે અકસ્માતના કિસ્સામાં નાગરિકોની જાનહાનિ ટાળવા માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. સાબરકાંઠા અને અરવલ્લીને જોડતા નરોડા-ધનસુરા વાયા દહેગામ તથા હરસોલ રોડને ફોરલેન કરવા અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેમણે ટેન્ડર પ્રક્રિયા ટૂંક સમયમાં પૂર્ણ કરાશે તેમ ગૃહમાં જણાવ્યું હતું.

વર્ષ ૨૦૨૨ અંતિતની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાને જોડતા નરોડા-દહેગામ-હરસોલ-ધનસુરા રોડને ચાર માર્ગીય કરવા માટેની કામગીરી ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે, જે ટૂંક સમયમાં પૂર્ણ કરાશે. આ રસ્તાની ૩૭.૬૦ કિ.મી. લંબાઈ માટે રૂ.૨૪૪.૪૦ કરોડના ખર્ચનો અંદાજ છે.

આ ધોરીમાર્ગના નિર્માણથી થનારા લાભની વિગતો આપતાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, બંને જિલ્લાના નાગરિકોને પૂર્વ અમદાવાદ સાથે કનેક્ટિવિટી માટે આ અગત્યના રાજ્યધોરી માર્ગનું ચાર માર્ગીકરણ થતાં ટ્રાફિકનું ભારણ અને અકસ્માતો ઘટશે અને રસ્તા પર આવેલ ક્વોરી ઉદ્યોગના પરિવહન માટે સુગમતા થશે. તેમજ કોર નેટવર્ક અને યાત્રાધામને જોડતા રસ્તાઓ પૈકી અગત્યનો રસ્તો હોવાથી શામળાજી યાત્રાધામને વધુ સારી કનેક્ટીવિટી મળશે.

રોડ પર થતા અકસ્માતોને અટકાવવા માટે નવી ટેકનૉલૉજી રોલરક્રશ બેરિયર અકસ્માતના કિસ્સામાં નાના તેમજ ભારે વાહનોને રોડ સાઇડના ખાડામાં અથવા ઊંડી ખીણમાં ખાબકતાં બચાવવા માટે ખૂબ ઉપયોગી છે. રોલરક્રશ બેરિયર ટેકનૉલૉજીના પગલે અકસ્માતના સમયે વાહન બેરિયર સાથે અથડાતાં તે ફરીને પાછુ રસ્તા પર આવી જાય છે અથવા રોલર બેરિયર અકસ્માતના સમયે વાહનને રસ્તા પર ફેંકી દે છે, જેથી મોટી દૂર્ઘટના ટળે છે અને મોટાપાયે જાનહાનિ અટકાવવામાં મદદરૂપ થાય છે. તેમજ આ રોલરક્રશ બેરિયર રબરનાં હોવાના કારણે વાહનને પણ વધારે નુકસાન થવા દેતાં નથી. ●

# ભારતની એકતા અને અખંડિતતાનું પ્રતીક : માધવપુરનો મેળો





ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્મિણીના વિવાહ પ્રસંગે "એક ભારત- શ્રેષ્ઠ ભારત"ની થીમ પર આયોજિત 'માધવપુરના મેળા'ના અવસરે આયોજિત ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય કાયદા મંત્રી શ્રી કિરણ રિજીજુ, કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રી શ્રી પ્રતિમા ભૌમિક, ઉત્તર-પૂર્વ તેમજ રાજ્યના મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, માધવપુરનો મેળો એ ભારતની એકતા અને અખંડિતતાનું પ્રતીક છે. તેના માધ્યમથી ભારતના સમૃદ્ધિ અને સાંસ્કૃતિક વારસાની અદભૂત પ્રસ્તુતિ થઈ રહી છે, જે ભરોસો આપે છે કે ભારતની એકતા પર ક્યારેય કોઈ આંચ આવશે નહીં.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પથી આપણે એક ભારત-શ્રેષ્ઠ ભારત તરફ આગળ વધી રહ્યા છીએ. આ મેળા થકી આપણે ઉત્તર પૂર્વના રાજ્યોને આપણી સાથે જોડ્યા છે. કલા, સંસ્કૃતિ, સંગીત, કળા અને ઉદ્યોગ વગેરે થકી વિવિધ રાજ્યોને જોડવાના પ્રયાસોના ભાગરૂપે આપણે ગુજરાતમાં સૌરાષ્ટ્ર તમિલ સંગમનો કાર્યક્રમ પણ આગામી સમયમાં કરવા જઇ રહ્યાં છીએ.

મુખ્યમંત્રીશ્રીએ માધવરાયના દર્શન કરવા સાથે માધવપુર બીચ પર મેળા અંતર્ગત દરિયાઈ રમતો અને રેતી શિલ્પની પ્રતિકૃતિઓ નિહાળી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સૌને ભગવાન શ્રી કૃષ્ણ તેમજ રુક્મિણીના વિવાહ પ્રસંગ તેમજ રામનવમી પર્વની શુભકામના પાઠવી કહ્યું હતું કે, આ વખતે પ્રવાસનના બજેટમાં ત્રણ ગણો વધારો કરીને રૂ. ૨,૦૦૦ કરોડની જોગવાઈ કરી પ્રવાસનને નવી દિશા આપી છે.

આ પ્રસંગે કેન્દ્રીય કાયદા મંત્રી શ્રી કિરણ રિજજુએ મેળામાં સહભાગી થવાનો આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ભૌગોલિક સ્થળો સાથે સાંસ્કૃતિક ભાવનાઓનું જોડાણ કરી એક ભારત - શ્રેષ્ઠ ભારત બનાવવાનું કાર્ય વડાપ્રધાનશ્રી આ પ્રકારના કાર્યો થકી થઈ રહ્યું છે. આ મેળો સમય જતાં પૂર્વોત્તર રાજ્યો અને ગુજરાતનું મિલન જ નહીં, પરંતુ સમગ્ર ભારતને એક તાંતણે બાંધવાના ભગીરથ કાર્યને પૂર્ણ કરવાનું માધ્યમ બનશે.





મેળાના ઉદઘાટન પ્રસંગે રામનવમીના તહેવારની શુભેચ્છા પાઠવતા કેન્દ્રીય સામાજિક ન્યાય અધિકારીતા રાજ્ય મંત્રી શ્રી પ્રતિમા ભૌમિકે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ પૂર્વે ઉત્તરપૂર્વી રાજ્યો માટે ઓળખનો પ્રશ્ન હતો. પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપૂર્વી રાજ્યોને આખી દુનિયામાં ઓળખ આપી છે. ભગવાન શ્રી કૃષ્ણના વિવાહનો પ્રસંગ તમારા અને મારા વચ્ચે પિયર અને સાસરિયા પક્ષનો બન્યો છે એમ કહીને ઉત્તરપૂર્વ અને ગુજરાતના ભાવનાત્મક જોડાણ અંગે ખુશી વ્યક્ત કરી હતી.

પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, વર્ષોથી પરંપરાગત રીતે યોજાતા માધવપુર મેળાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી નવી ઉંચાઈ મળી છે. સ્કંદ પુરાણ અને મહાભારતનો સંદર્ભ સાથે ભગવાન શ્રી કૃષ્ણના લગ્નની ઐતિહાસિક ગાથા લોકો સમક્ષ તેમણે રજૂ કરી હતી. ધર્મ, જાતિ, આર્થિક સ્થિતિ, સામાજિક દરજ્જાથી આગળ વધી આ મેળો ગુજરાત તથા પૂર્વોત્તર રાજ્યોના સંબંધો વધુ મજબૂત બનાવશે તેવો આશાવાદ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

# સાંસ્કૃતિક ધરોહર સાથે 'વસુધૈવ કુટુમ્બકમ્ 'ની વિભાવનાને સાકાર કરતો માધવપુરનો મેળો

**સુનિલ પટેલ**

સામાન્ય રીતે મનોરંજન અને મેળાપનું સ્થળ એટલે મેળાઓ.. આપણા દેશમાં મેળાઓ સામાન્ય રીતે સાંસ્કૃતિક, ધાર્મિક સાથે આધ્યાત્મિક મહત્ત્વ ધરાવે છે. તરણેતર, ભવનાથ જેવું જ મહત્ત્વ ધરાવતો આવો જ એક મેળો છે...માધવપુરનો મેળો.... ચૈત્ર મહિનાની રામનવમીથી તેરસ સુધી પાંચ દિવસ યોજાતો આ ભાતીગળ લોકમેળો અનોખી ભાત પાડે છે.

આ મેળો આપણી સાંસ્કૃતિક ધરોહર સાથે 'વસુધૈવ કુટુમ્બકમ્ ' ની વિભાવનાને સાકાર કરતો તેમજ પશ્ચિમનાં પૂર્વોત્તર રાજ્યો સાથેના મિલનને જોડતો અને સાંસ્કૃતિક ઐક્યનું સાયુજ્ય સાધતો મેળો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તેમના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' માં ઉલ્લેખ કર્યા બાદ તથા ગત વર્ષે ભારતના રાષ્ટ્રપતિશ્રીએ તેની મુલાકાત લીધી હતી. પોરબંદર જિલ્લાના માધવપુર ખાતે યોજાતો આ મેળો આજે વિશ્વ સમસ્તનું ધ્યાન ખેંચતો મેળો બની ગયો છે. માધવપુરનો ઐતિહાસિક મહત્ત્વ ધરાવતો લોકમેળો એ છે કે, જ્યાં ભગવાન કૃષ્ણએ રાણી રુક્મિણી સાથે વિવાહ કર્યા હતા. એ જ માધુપુર જ્યાં બંધાયો માધવપુરનો માંડવો અને આવી હતી રૂડી જાદવ કુળની જાન. ત્યારે ચાલો આ મેળા વિશે જાણીએ...

સૌરાષ્ટ્રના દરિયાકાંઠે પોરબંદર નજીક માધવપુર ખાતે વર્ષોથી ભગવાન શ્રી કૃષ્ણના વિવાહ પર્વ પ્રસંગે યોજાતો આ પરંપરાગત મેળો રામ નવમીથી ચૈત્ર સુદ તેરસ એમ પાંચ દિવસ સુધી યોજાય છે. ક્યાં સૌરાષ્ટ્રનું દરિયાકાંઠાનું માધવપુર અને ૩ હજાર કિ.મી. દૂર ઉત્તર પૂર્વનું મણીપુર... આ નાતો પરાપૂર્વથી ભારત વર્ષની બે સંસ્કૃતિઓ વચ્ચે સંધાનની મિશાલ બનીને આજે પણ લોકહૃદયમાં બિરાજમાન છે. તેના મૂળમાં છે ભગવાન શ્રીકૃષ્ણ અને રાણી રુક્મિણીના વિવાહની પૌરાણિક કથા...

કહેવાય છે કે, ભગવાન શ્રી કૃષ્ણે વિદર્ભ દેશની કન્યા એવી રાણી રુક્મિણી સાથે આજથી ૫ હજાર વર્ષ પહેલાં માધવપુર ખાતે લગ્ન કર્યાં હતાં. તેની યાદ અપાવતું માધવરાયજીનું મંદિર આજે માધવપુરમાં વિદ્યમાન છે.

શ્રીકૃષ્ણ અને રુક્મિણીનાં લગ્નની લોકકથા દર્શાવે છે કે, ભારતની સાંસ્કૃતિક એકતા કેટલી પ્રાચીન છે અને આપણી સામાજિક સમરસતાનાં મૂળિયાં કેટલાં ઊંડાં છે. મેળા, તહેવારો અને તીર્થસ્થળોએ આપણા વિશાળ દેશને પ્રાચીન સમયથી સામાજિક અને સાંસ્કૃતિક એકતાની દોરીથી બાંધી રાખ્યો છે. માધવપુર મેળો ગુજરાતને દેશના ઉત્તર-પૂર્વ વિસ્તારને સાથે એક અભિન્ન બંધનથી જોડે છે. માધવપુરનો મેળો અને ઉત્તર-પૂર્વ ભારતમાં અનેક સ્થળોએ આ પ્રસંગે આયોજિત વિવિધ કાર્યક્રમો એ ભારતની


આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે માધવપુર ઉપર ૩ ભાષામાં અને ૧ ઉપભાષામાં લિખિત પુસ્તકનું લોન્ચિંગ કર્યું હતું. અન્ય રાજ્યોના ૧૫૦થી વધુ કલાકારોએ સુંદર વેશભૂષામાં કલા, સંગીત અને નૃત્યની ઝાંખી કરાવતી કૃતિઓ રજૂ કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ગુજરાત અને ઉત્તરપૂર્વી રાજ્યના કલાકારો દ્વારા શ્રીકૃષ્ણ અને રુક્મિણીના જીવન પર આધારીત મલ્ટીમીડિયા શો રજૂ કર્યો હતો. ઉત્તર-પૂર્વ તેમજ ગુજરાતના ખેલાડીઓએ ૧૦૦ મીટર દોડ, ફૂટબોલ, હેન્ડબોલ, વોલીબોલ, જૂડો અને ટેક્વાન્ડો જેવી રમતોમાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે મેઘાલયના પ્રવાસન, કળા અને સંસ્કૃતિ વિભાગના મંત્રી શ્રી પોલ લિંગડોહ, ગુજરાતના નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર, સાંસદ શ્રી રમેશભાઈ ધડુક, ધારાસભ્યો સર્વ શ્રી ભગવાનજીભાઈ કરગઠીયા, શ્રી દેવાભાઈ માલમ, શ્રી કાંધલભાઇ જાડેજા તથા વરિષ્ઠ અધિકારીશ્રીઓ, અગ્રણીઓ, પ્રવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●









સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને સામાજિક એકતાની ઉજવણી છે. 'આઝાદી કા અમૃત મહોત્સવ' ની સમગ્ર દેશમાં ઉજવણી થઈ રહી છે, તેમાં આ મેળાની ઉજવણીથી વધુ એક છોગું ઉમેરાશે. તો આ વખતે ઉત્તર- પૂર્વનાં ૭ રાજ્યના મુખ્યમંત્રીશ્રીઓ ઉપસ્થિત રહીને આ મેળાની શોભા વધારશે.

માધવપુરનો મેળો "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની પરિકલ્પનાને ચરિતાર્થ કરતો મેળો છે ત્યારે માધવપુર ગામે શ્રીકૃષ્ણના વિવાહને હજારો વર્ષ પછી પણ જીવંત રાખી સાંસ્કૃતિક વિરાસતની એક અલૌકિક પરિણયગાથાને જીવંત રાખવાનું કાર્ય જનસમાજે કર્યું છે.

**રુક્મિણીહરણની એક કથા:** મહાભારતના શલ્ય પર્વમાં રુક્મિણીનો ઉલ્લેખ જોવા મળે છે. આ ઉપરાંત વિષ્ણુ પુરાણ અને શ્રીમદ્ ભાગવત કથામાં રુક્મિણીના પૌરાણિક ઉલ્લેખો પ્રમાણે વિદર્ભ દેશના રાજા ભીષ્મકની પુત્રી રુક્મિણીને ભગવાન શ્રીકૃષ્ણ સાથે લગ્ન કરવાં હતાં, પરંતુ રુક્મિણીનો ભાઈ રૂક્મી તેનો વિરોધ કરે છે અને ચેદી દેશના રાજા શિશુપાલ સાથે લગ્ન કરવાનું નક્કી થાય છે. રુક્મિણી આ વાત સાંભળતાં વિલાપ કરી ચિંતાતુર બની શ્રીકૃષ્ણને દ્વારકાના બ્રાહ્મણ મારફત સંદેશો મોકલાવે છે. સમાચાર સાંભળીને શ્રીકૃષ્ણ રુક્મિણી સાથે લગ્ન કરવા માટે જાય છે. ભગવાન શ્રીકૃષ્ણ રુક્મિણીનું હરણ કરી દ્વારકા લઈ જતી વખતે રસ્તામાં માધુપુર ઘેડ ખાતે બંનેના લગ્ન થાય છે. એક કથા એવી પણ છે કે, ભગવાન શ્રીકૃષ્ણને કુંવારી ભૂમિ પર લગ્ન કરવા હતા અને દરિયા દેવે અહીં જગ્યા કરી આપી હતી, તેથી તેમણે માધવપુર ખાતે લગ્ન કર્યાં હતાં.

**પૌરાણિક માધવપુર :** માધવપુરનું જેટલું પૌરાણિક મહત્ત્વ છે એટલું જ મહત્ત્વ પૌરાણિક અવશેષોની દ્રષ્ટિએ પણ છે. પૌરાણિક ગ્રંથોમાં પ્રભાસ એટલે કે હાલના સોમનાથ અને દ્વારકા વચ્ચે માધવ તીર્થની વાત આવે છે તે માધવપુર.. સમય જતાં માધવપુરની મુલાકાત અનેક ઋષિમુનિઓ અને સંતોએ કરેલી છે. મહાપ્રભુ વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય, ગુરૂ ગોરખનાથ સાથે સંકળાયેલા પૌરાણિક પવિત્ર સ્થળો આજે પણ માધવપુરમાં વિદ્યમાન છે.

**પોરબંદરનાં મહારાણીએ બંધાવ્યું નવું મંદિર :** જર્જરિત મંદિરને સને-૧૮૪૦માં પોરબંદરનાં મહારાણી રૂપાળીબાએ બંધાવી આપ્યું હતું. માધવરાયજી અને ત્રિકમરાયજીની મૂર્તિઓ નવા મંદિરમાં પધરાવવામાં આવી હતી. ભગવાનના ત્રણ હાથ ઉપર અને એક હાથ નીચે હોય તેવી દૂર્લભ અને દિવ્ય મૂર્તિ બીજે ક્યાંય નથી.

**ભગવાનની લગ્ન વિધિ :** લગ્નની તૈયારીઓ ૨૫ દિવસ અગાઉ શરૂ થઈ જાય છે. કન્યા અને વર બંને પક્ષ દ્વારા લગ્ન લખવાની વિધિ કરવામાં આવે છે. અગિયારસના રોજ ભગવાનની વરણાગી નીકળે છે. કડછ ગામના લોકો રુક્મિણી માતાનું મામેરું ભરવા આવે છે. ભગવાનને જાન જોડવા માટે આમંત્રણ આપવામાં આવે છે. ચૈત્ર સુદ બારસની રાત્રીએ મધુવનમાં ભગવાનનાં લગ્ન શાસ્ત્રોક્ત પરંપરા મુજબ યોજાય છે.

**'એક ભારત- શ્રેષ્ઠ ભારત'ની થીમ પર સરકાર દ્વારા વિશેષ આયોજન :** ઉત્તર-પૂર્વ અને ગુજરાત ગુજરાતની સંસ્કૃતિને જોડતા આ મેળાને વર્ષઃ ૨૦૧૮ થી વિશેષ પ્રોત્સાહન આપી બંને વિસ્તારના લોકોના જોડીને ભવ્ય રીતે મેળાની ઉજવણી કરવામાં આવે છે. ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય, ઉત્તર પૂર્વીય વિકાસ મંત્રાલય અને ગુજરાત સરકારના સાંસ્કૃતિક વિભાગ તેમ જ પ્રવાસન નિગમ અને સ્થાનિક તંત્રના સંકલનથી શ્રીકૃષ્ણના જીવન આધારિત વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ ઉત્તર-પૂર્વ અને ગુજરાતના કલાકારો રંગારંગ કાર્યક્રમમાં રજૂ કરે છે.


**વર્ષઃ ૨૦૨૩ નો માધવપુરનો મેળો :** લગ્ન કરીને દ્વારકાધીશ અને રુક્મિણી માતા દ્વારકા પધાર્યાં હતાં. ચાલુ વર્ષે રુક્મિણી માતાના સ્વાગતનો ભવ્ય કાર્યક્રમ આયોજિત થયો છે. વિવિધ રાજ્યોના કલાકારોની કારીગરી સાથે હસ્તકલાના સ્ટોલ સાથે સૌરાષ્ટ્રની ટૂરિઝમ સર્કિટ અને સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન મળે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં માધવપુરના મેળાને જોડીને વિવિધ વિસ્તારમાં આર્ટ ગેલેરી હસ્તકલા સાથે રાજ્યનાં વિવિધ સ્થળોએ વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

**ભારતમાં ક્યાંય ન હોય તેવી મૂર્તિ માધવપુરમાં છે :** માધવપુરમાં ૧૨ મી સદીના વિષ્ણુ મંદિરના ગવાક્ષમાં આઠ હાથવાળા શ્રીકૃષ્ણની મૂર્તિ છે તેવી મૂર્તિ સમગ્ર ભારતમાં બીજે ક્યાંય નથી. બે સંસ્કૃતિના અનુબંધને ઉજાગર કરતું આવું સ્થાન બીજે ક્યાંય નથી. તેમની વિવાહ કથા અનુસાર અહીં આવેલ કદંબ ઋષિના કુંડમાં શ્રીકૃષ્ણ અને રુક્મિણીએ સ્નાન કરી પીઠી ઉતારી હતી. આ સિવાય માધવપુરમાં મહાપ્રભુજીની ૬૬મી બેઠક આવેલી છે. દક્ષિણ ભારતના વૈષ્ણવ આદિ ગુરુ રામાનુજાચાર્ય પણ અહીં પધાર્યા હોવાના શિલાલેખ ઉપલબ્ધ છે. એ દ્રષ્ટિએ માધવપુર બહુ જૂનું હોવાનાં પ્રમાણો મળે છે.

**ભગવાન શ્રી કૃષ્ણના વિવાહનો દિવસ :** ચૈત્ર સુદ બારસ વિવાહ ઉત્સવ તરીકે ઉજવાય છે. જેમાં માધવપુર ઘેડની નજીકના કડછ ગામનાં નાગરિકો શણગારેલા ઊંટ અને ઘોડા પર સવાર થઈને રુક્મિણીનું મામેરું લઈ આવે છે. સમાજમાં થતી લગ્ન વિધિ મુજબ કન્યાદાન દેવાય છે, મંગળ ફેરા ફરાય છે. શાસ્ત્રોક્તવિધિ અને વેદોના મંત્રોચ્ચાર સાથે શ્રીકૃષ્ણ- રુક્મિણી સાથે અગ્નિની સાક્ષીએ લગ્નગ્રંથિથી જોડાય છે, લગ્નની ખુશાલીમાં કંસારનો પ્રસાદ વહેચવામાં આવે છે.

**ભગવાનની જાનનું પ્રસ્થાન :** તેરસના દિવસે જાન રૂપેણવન થી પ્રસ્થાન કરે છે અને નિજ મંદિરે પહોંચે છે, જ્યાં તેમનું સ્વાગત કરવામાં આવે છે. ભગવાન નિજ મંદિરમાં બિરાજે છે. આમ, તે દિવસે માધવપુરના મેળાની પૂર્ણાહૂતિ થાય છે.

ભારતના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું જતન આવાં લોક પર્વોથી થતું હોય છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા પણ આ મેળા માટેની આગોતરી તૈયારીઓ સાથે સુદૃઢ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. ●



## લોકશાહીને ધબકતી રાખવામાં પત્રકારોનું મોટું યોગદાન




સુરતમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ઇન્ડિયન જર્નાલિસ્ટ યુનિયનની નેશનલ કાઉન્સિલ મિટિંગ યોજાઈ હતી. રાજ્યપાલશ્રીએ કર્ણાટક, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, હરિયાણા સહિતના રાજ્યોમાંથી બેઠકમાં ભાગ લેવા આવેલા મીડિયા પ્રતિનિધિઓને સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કર્યા હતા. પત્રકારોને સંબોધતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારતીય લોકશાહીને ધબકતી રાખવામાં પત્રકારોનું મોટું યોગદાન છે. પત્રકારત્વ જેટલું સકારાત્મક એટલું જ લોકતંત્ર અને તો જ સમાજમાં પરસ્પર ભાઈચારાનું મજબૂત વાતાવરણ રહેશે. સામાજિક વ્યવસ્થાને સુદ્રઢ બનાવવામાં પત્રકારોનું બહુમૂલ્ય પ્રદાન છે, ત્યારે પ્રચાર માધ્યમો દ્વારા પ્રાકૃતિક ખેતીનો પ્રસાર કરી સમાજ અને પ્રકૃતિના ભલા માટે યોગદાન આપવાનું આહ્વાન મીડિયાકર્મીઓને તેમણે કર્યું હતું. આ વેળાએ રાજ્યપાલશ્રીએ યુનિયનની 'સ્મરણિકા'નું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે વિવિધ રાજ્યોના સ્ટેટ પ્રેસિડેન્ટસ સહિત ડેલિગેટસ, ભારતભરથી બેઠકમાં ભાગ લેવા આવેલા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ગુજરાત હાઈકોર્ટમાં પાંચ ન્યાયાધીશશ્રીઓની નિમણૂક



ગુજરાતની વડી અદાલત ખાતે તાજેતરમાં નવનિયુક્ત પાંચ જજીસનો શપથગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં કાર્યકારી ચીફ જસ્ટિસ શ્રી એ. જે. દેસાઇએ નવનિયુક્ત તમામ ન્યાયાધીશશ્રીઓને શપથ લેવડાવ્યા હતા. પાંચ નવનિયુક્ત ન્યાયાધીશ શ્રી સુસાન વેલેન્ટાઈન પિન્ટો, શ્રી હસમુખભાઈ સુથાર, શ્રી જિતેન્દ્રભાઈ દોશી, શ્રી મંગેશ મેંગડે અને શ્રી દિવ્યેશભાઈ જોશીએ શપથ ગ્રહણ કર્યા હતા

આ શપથગ્રહણ સમારોહમાં રાજ્યના કાયદા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, એડવોકેટ જનરલ શ્રી કમલભાઈ ત્રિવેદી તથા હાઇકોર્ટના ન્યાયાધીશશ્રીઓ, વરિષ્ઠ વકીલો, નવનિયુક્ત ન્યાયાધીશશ્રીઓના પરિજનો ઉપસ્થિત રહ્યાં હતા. ●

## અમરેલીમાં 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ'



અમરેલીમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક કૃષિ અને તેના મહત્ત્વ વિશે માર્ગદર્શન આપતાં ખેડૂતોને જણાવ્યું હતું કે, ઝેરમુક્ત ખેતી કરવાનો આ સમય છે. પ્રાકૃતિક ખેતીને અનુસરવા રોડ મેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

અમરેલી જિલ્લા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરી પ્રાકૃતિક કૃષિ પાક-ઊપજો નિહાળી હતી. જિલ્લાના પ્રાકૃતિક કૃષિ અનુસરતા કૃષિકારોએ વિવિધ સ્ટોલ્સના માધ્યમથી પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું નિદર્શન કર્યું હતું. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. દરમિયાન કુંકાવાવના અમરાપુરના શ્રી ભીખુભાઇ પટોળિયાએ કૃષિ પેદાશોના મૂલ્યવર્ધન અને નફાકારક આર્થિક ઉપાર્જન વિશે વિગતે વાત કરી હતી.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે અધિકારીઓને પ્રાકૃતિક કૃષિના રોડમેપ મુજબ આગામી ૧૦ દિવસમાં અમરેલી જિલ્લાના તમામ તાલુકામાં ૧૦-૧૦ ગામોનું ક્લસ્ટર બનાવવા જણાવ્યું હતું. ●



# સક્કરટેટીની મધુરતાએ વધાર્યો ખેડૂતનાં પરસેવાનો સ્વાદ

**મહેન્દ્ર વેકરિયા, પરેશ ટાપણીયા**

ખેડૂત અવનવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને આધુનિક ખેતી તરફ વળ્યો છે. જેમાં રાજ્ય સરકારની અનેકવિધ યોજનાઓ તેમને પ્રોત્સાહિત કરી રહી છે. સુરતના કામરેજના ઘલા ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી પ્રવિણભાઈ માંગુકીયાએ 'મૃદુલા' અને 'વિજય' એમ બે જાતની સક્કરટેટીનું દક્ષિણ ગુજરાતમાં સૌપ્રથમવાર સફળતાપૂર્વક વાવેતર કરીને અન્ય ખેડૂતો માટે પ્રેરક બન્યા છે. પ્રવિણભાઈએ ચાર એકરમાં ટેટીનું વાવેતર કરીને અંદાજીત ૫૦ ટનથી વધુનું ઉત્પાદન થવાની સંભાવના વ્યક્ત કરી છે. અત્યંત સ્વાદિષ્ટ એવી આ ખાસ ટેટીમાં એરોમા પ્રકારની આકર્ષક સુગંધ આવે છે.

પોતાની સફળતા અંગે વિગતે વાત કરતા પ્રવિણભાઈ કહે છે કે, ઓછા બીજ અને વધુ પલ્પ ધરાવતી મૃદુલા અને વિજય જાતની સક્કરટેટીની ખેતીમાં ડ્રીપ ઈરિગેશન તથા મલ્ચિંગ પદ્ધતિ અપનાવી છે. જેમાં ડ્રીપ ઈરિગેશન માટે રાજ્ય સરકારની GGRC (ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની) દ્વારા એક એકરમાં રૂ.૧૫,૦૦૦ લેખે ચાર એકરમાં રૂા.૬૦,૦૦૦ની સબસિડી મેળવી છે.

તેમણે ઉમેર્યું હતું કે, જાન્યુઆરી-૨૦૨૩ના પ્રથમ સપ્તાહે નાસીકથી મૃદુલા જાતના સક્કરટેટીના છોડ દીઠ રૂ.૪.૧૦ના ભાવે અને રૂ.૩.૪૦ના ભાવે વિજય જાતની ટેટીના ૧૪-૧૪ હજાર રોપાઓ લાવીને ચાર એકરમાં વાવેતર કર્યુ હતું. માત્ર ૭૦ દિવસના અંતે ઉત્પાદન શરૂ થઈ ચૂક્યું છે, જેમાં પ્રથમ ઉતારામાં કિલો દીઠ રૂ.૨૫નો ભાવ મળ્યો છે. જો કે હાલમાં માર્કેટમાં આ ટેટી ન હોવાથી રૂ.૨૫ થી લઈને કિલો દીઠ રૂા.૪૦નો ભાવે મળવાની સંભાવના વ્યક્ત કરી હતી. એકરે ૧૨ થી ૧૪ ટન એટલે કે ચાર એકરમાં ૫૦ થી ૬૦ ટન જેટલી સક્કરટેટીનું ઉત્પાદન થશે. ૭૫ દિવસની માવજત બાદ ટેટીનું હાર્વેસ્ટીંગ શરૂ કર્યું છે, શ્રેષ્ઠ ગુણવત્તાની ટેટીના કારણે ઊંચા ભાવ પણ મળી રહ્યા છે અને ખેતરમાંથી જ વેપારીઓ ટેટી ખરીદે છે.

સુરતની જમીન બાગાયતી ખેતી અને ખાસ કરીને તરબૂચ અને સક્કરટેટીને માફક આવે છે, એમાંય બાગાયત વિભાગના અધિકારીઓનું માર્ગદર્શન અને અમારી મહેનત સાથે મળે એટલે ખેતીમાં ખેડૂત સમૃદ્ધ ન બને એવું બને જ નહીં. મૃદુલા જાતની ટેટીની ખાસિયત જણાવતાં તેઓ કહે છે કે, ટેટીમાં બીજ ઓછા અને અંદરથી વ્હાઈટ પલ્પ હોય છે. જેનું વજન ૩૦૦થી લઈ ૮૦૦ ગ્રામ હોય છે. તેમાં ગળપણનો રેશિયો ૧૪ જેટલો ઊંચો છે, જેથી ભાવો પણ સારા મળી રહે છે.



રાજ્યના ખેડૂતોને સંદેશ આપતા કહે છે કે, નવસારી કૃષિ યુનિ.ના ટેકનિકલ સ્ટાફનો ખૂબ સારો સપોર્ટ રહે છે. ટેટીનો પાક અઢીથી ત્રણ મહિનામાં તૈયાર થઈ જાય છે. ઓછા ખર્ચ અને સમયમાં માતબર ઉત્પાદન અને પોષણક્ષમ ભાવો મળતા હોવાથી ટેટીની ખેતી વધુ સારો વિકલ્પ છે. ●

# મકાન સહાયે મુક્તિબહેનને આપી આપદાઓમાંથી મુક્તિ

**મનોજ ખેંગાર**



વનપ્રદેશ ડાંગમાં વરસાદ, વાવાઝોડું, કડકડતી ઠંડી અને આકરા ઉનાળામાં પોતાનાં ચાર સંતાનો સાથે અનેક મુશ્કેલીઓનો સામનો કરતાં બોરખેતના મુક્તિબેન નિંબારે પરિવારનું ઘરના ઘરનું સ્વપ્ન 'પ્રધાનમંત્રી આવાસ યોજના' થકી સાકાર થયું છે.

પોતાની આછી-પાતળી ખેતી અને પશુપાલન તથા ખેતમજૂરી કરીને માંડ બે ટંકના રોટલા ભેગા થતાં નિંબારે પરિવારે કાચા ઝૂપડામાંથી પાકું ઘર બનાવવા રાત-દિવસ એક કરી પાઈ પાઈ જોડી હતી. જો કે, તેમ છતાં તેમનું સ્વપ્ન સાકાર થાય એમ લાગતું ન હતું.

કહે છે કે શ્રદ્ધાપૂર્વકના પ્રયાસો સફળતામાં પરિણમે છે અને સ્વપ્ન સિદ્ધિમાં સહાયતા અચૂક મળે જ છે. તેવું જ નિંબારે પરિવાર સાથે બન્યું. પોતાનું ઘર બનાવવાના તેમના આ પ્રયાસોમાં આશીર્વાદરૂપ બની 'પ્રધાનમંત્રી આવાસ યોજના'. વર્ષ ૨૦૨૦-૨૧માં મુક્તિબેન નિંબારેને પોતાના મકાન માટે કુલ રૂ.૧.૨૦ લાખની સહાય મળી હતી. જેમાં રૂ.૨૦,૬૧૦ જેટલો પરિશ્રમનો પ્રસ્વેદ પાડી શ્રમજીવી પરિવારે સુંદર મઝાનું તેમની જરૂરિયાત મુજબનું પાકું મકાન તૈયાર કરી દીધું. સરકારની સહાય, શ્રમદાનનો પ્રસ્વેદ અને પોતાની બચત મૂડીના પૈસા એકઠા કરીને, પોતાનાં ચાર સંતાનોના માથે છતનું આવરણ ઊભું કરતાં મુક્તિબેન નિંબારેએ, જો તેમને 'પ્રધાનમંત્રી આવાસ યોજના'ની સહાય ઉપલબ્ધ ન થાત તો તેઓના ઘરનું સ્વપ્ન ક્યારેય સિદ્ધ થયું ન હોત તેમ જણાવ્યું હતું.

આવાસ યોજના અંતર્ગત ઘરનું સ્વપ્ન સાકાર થતાં પોતાનાં ચાર સંતાનોના અભ્યાસ સહિત પશુપાલન, અને ખેતી તથા ખેત મજૂરીમાં લક્ષ કેન્દ્રિત કરતા તેમનો પરિવાર બે પાંદડે થયો છે, તેમ જણાવતાં મુક્તિબેને રાજ્ય અને કેન્દ્ર સરકાર પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી. ●

# ગુજરાતમાં "સૌરાષ્ટ્ર તમિલ સંગમ" કાર્યક્રમ યોજાશે




ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે. જુદી જુદી બોલીઓ, ભાષાઓ, જુદા પહેરવેશ, જૂદા ખાન-પાન છતા પણ ભારત એકતાના તાંતણે બંધાયેલો છે. ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક ભારત, શ્રેષ્ઠ ભારતનું સુત્ર આપ્યુ છે. જેને દેશના નાગરિકો સ્વિકારી રાષ્ટ્રીય એકતામાં સહભાગી થતા જોવા મળે છે. આ શ્રૃંખલામાં વધુ એક ઉપક્રમ એટલે "સૌરાષ્ટ્ર તમિલ સંગમ".

કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં આગામી ૧૭ એપ્રિલથી "સૌરાષ્ટ્ર તમિલ સંગમ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષો પહેલા આપણા સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી સ્થળાંતર કરીને તમિલનાડુ રાજ્યમાં સ્થાયી થયેલા લોકોને સન્માનિત કરવા તેમજ બંને રાજ્યો વચ્ચેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોની ઉજવણી કરી સંસ્કૃતિનું આદાન-પ્રદાન કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

"સૌરાષ્ટ્ર તમિલ સંગમ"ની તૈયારીના ભાગરૂપે તાજેતરમાં તમિલનાડુના ચેન્નાઈમાં એક કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ. જેમાં કેન્દ્રીય મંત્રી શ્રી ડૉ. મનસુખભાઈ માંડવીયા, શ્રી અનુરાગ ઠાકુર, ડૉ. એલ.મુરુગ્ગન તેમજ ગુજરાત સરકારના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા અને રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની પ્રેરક ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર તમિલ સંગમના લોગો, થીમ સોંગ અને રજીસ્ટ્રેશન પોર્ટલ saurashtra.nitt.eduનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી શ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ સૌરાષ્ટ્ર તમિલ સંગમને "સોમસુંદરેશ્વર મહાદેવનો સોમનાથ મહાદેવ સાથેનો સંગમ" ગણાવતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમના ૧૦ દિવસ દરમિયાન બંને રાજ્યો વચ્ચે ઈતિહાસ, કલા, ભાષા અને સંસ્કૃતિનું જે આદાન-પ્રદાન થશે, તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "એક ભારત શ્રેષ્ઠ ભારત"ના સૂત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરી નવી દિશા આપશે. આ સંગમ ઈતિહાસમાં બે રાજ્યો વચ્ચેનું સૌપ્રથમ અને સૌથી મોટું પુનઃમિલન હશે, જે આ બંને રાજ્યોના ઈતિહાસની મહત્વપૂર્ણ ઘટના બનશે.

મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતુ કે, વડાપ્રધાનશ્રીએ સૌને સાંસ્કૃતિક આદાન-પ્રદાન કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા માટે અનુરોધ કર્યો છે, ખાસ કરીને એવા રાજ્યો વચ્ચે જે ભૌગોલિક રીતે અલગ હોય પરંતુ ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે જોડાયેલા હોય. આ કાર્યક્રમ દરમિયાન ગુજરાત અને તમિલનાડુ રાજ્ય વચ્ચે કલા, ખાણી-પીણી, સાહિત્ય અને રમત-ગમત જેવી વિવિધ પ્રવૃત્તિઓની આપ-લે માટે પ્રદર્શનો, મીટીંગો, ચર્ચાઓ અને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત તરફથી રાજ્યનું પ્રતિનિધિત્વ કરી રહેલા મંત્રીશ્રીઓએ આ તકે સૌને "સૌરાષ્ટ્ર તમિલ સંગમ"માં જોડવા માટે અને ગુજરાતમાં પધારવા માટે આવકાર્યા હતા. તમિલનાડુમાં વસતા લગભગ ૧૨ લાખ જેટલા સૌરાષ્ટ્રીયન લોકોને આવકારવા માટે તમિલનાડુના વિવિધ શહેરો જેવા કે, ચેન્નાઈ, મદુરાઈ, દીંડીગુલ, પરમકુડુ, સાલેમ,



કુમ્બાકોનમ, થન્જાવુંર અને ત્રીચીમાં રોડ શો યોજાયા હતા. રોડ શો દરમિયાન ગુજરાતના મંત્રીઓ સૌરાષ્ટ્રીયન તમિલ લોકોને ગુજરાત આવવા આમંત્રણ પાઠવ્યુ હતુ.

અત્રે ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર તમિલ સંગમનો મુખ્ય કાર્યક્રમ સોમનાથ ખાતે યોજાશે. આ ઉપરાંત દ્વારકા, સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર, રાજકોટ અને પોરબંદર સહિત રાજ્યના વિવિધ સ્થળો ખાતે પણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ●



## વાત સૌરાષ્ટ્ર અને તમિલનાડુ વચ્ચે સદીઓ જૂના સંબંધની..

ભારત વર્ષના તામિલનાડુ રાજ્યમાં ૨૫ લાખ કરતા વધારે સૌરાષ્ટ્રવાસીઓ પોતાના વિસ્તારની પરંપરા તથા વારસાને અકબંધ રાખી સ્થાયી થયા છે. ભારતના 12 જ્યોતિર્લિંગ પૈકીના પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથજી ઉપર વિદેશી આક્રમણખોર મોહમ્મદ ગજનીએ ૧૦૨૪ની સાલમાં આક્રમણ કર્યુ, તે સમયે દરિયાઈ માર્ગે સોમનાથ તેમજ આજુબાજુના વિસ્તારમાંથી સામૂહિક સ્વરૂપે દરિયાઈ માર્ગે હિજરત કરી હતી.

વિશ્વના ઈતિહાસમાં આ એક મોટામાં મોટી હિજરત ગણાય છે. તે સમયે સોમનાથની આજુબાજુ વસતા નાગરિકો સાડી વણાટ કામ તેમજ અન્ય હસ્તકલાઓ માટે વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત હતા. સાથો સાથ વૈદિક સંસ્કૃતિને સંપૂર્ણ પ્રતિબદ્ધ એવા આ સમાજે પોતાની સંસ્કૃતિને બચાવવા માટે દરિયાઈ માર્ગે હિજરત કરી અને ખંભાત બંદર અને ત્યાંથી ભરૂચ અને ભરૂચ પછી સુરત તેમજ ત્યાર પછી મહારાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાંથી વિજયનગરમાં આશરો લીધો હતો. ત્યારબાદ કાળક્રમે વિજયનગર સામ્રાજ્યનું પતન થતા આ સમુદાયને ફરી હિજરત કરવા મજબૂર બની. ત્યારે તેઓની આ કલા ને પીછાણી ને મદુરાઈના તત્કાલીન રાજવંશ મહારાજાએ તેમને રાજ્યાશ્રય આપ્યો હતો. ૧૫૦૦ની સાલથી આ સમુદાય મદુરાઈ તેમજ આજુબાજુના વિસ્તારની અંદર સ્થાયી થયો છે. આ સમુદાયને ફરીથી વર્તમાન ગુજરાત રાજ્ય સાથે જોડવાનો પ્રયત્ન વર્ષોથી થતો હતો પરંતુ વર્ષ ૨૦૦૫ અને વર્ષ ૨૦૦૬ની સાલમાં રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ, ઉપકુલપતિ તેમજ અન્ય અગ્રણીઓ સાથે બેઠક યોજી આ સમુદાય સાથે સંપર્ક પ્રસ્થાપિત કરવા અર્થે પ્રેરિત કર્યા હતા. વિધિવત રીતે આ સૌરાષ્ટ્રવાસી સમુદાય ગુજરાત સાથે ૧૦૦૦ વર્ષના ગાળા પછી ફરીથી જોડાયો અને ગુજરાત રાજ્ય અને તામિલનાડુના આ સૌરાષ્ટ્રવાસી સમુદાય વચ્ચે અનેકવિધ ક્ષેત્રે આદાન-પ્રદાનના સબંધો સ્થાપિત થયા છે. ●

## તંજાવરના રાજાને સૌરાષ્ટ્ર-તામિલ સંગમ માટે આમંત્રણ પાઠવતાં મંત્રી શ્રી બાવળિયા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણા અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતના સોમનાથમાં આગામી ૧૭ એપ્રિલથી ‘સૌરાષ્ટ્ર તમિલ સંગમ’ કાર્યક્રમ યોજાશે. પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે તામિલનાડુનાં તંજાવર રાજ્યના રાજા શ્રી બાબાજી ભોંસલેને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યું હતું.



આ પ્રસંગે મંત્રીશ્રીએ રાજા શ્રી બાબાજી ભોંસલેનો ખાસ આભાર માનતા જણાવ્યું હતું કે, લગભગ એક હજાર વર્ષ પહેલાં જ્યારે સૌરાષ્ટ્રના લોકો મદુરાઈ ખાતે આશરો શોધવા આવેલા ત્યારે મદુરાઈ રાજાએ આપેલા આશરા, પ્રેમ અને સહયોગના કારણે અહીં સૌરાષ્ટ્ર તમિલ સમાજ માત્ર વસ્યો નથી, પણ દૂધમાં સાકરની જેમ ભળીને ઘણી પ્રગતિ કરી છે. સાથે-સાથે તમિલનાડુના વિકાસમાં પણ આ સમાજે ખૂબ જ મોટું યોગદાન આપ્યું છે. ગુજરાતી પરિવારોની આ સફળતા રાજાશ્રીના મીઠા આવકારથી સાર્થક થઈ હોવાથી ગુજરાત રાજાશ્રીનું સન્માન કરવા ઈચ્છે છે. જેથી ગુજરાતના નિમંત્રણને સ્વીકારી ગુજરાતમાં યોજાનારા કાર્યક્રમમાં પધારવા માટે મંત્રી શ્રી બાવળિયા એ આગ્રહપૂર્વક અનુરોધ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્રીયન તમિલ લોકોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવા માટે તમિલનાડુના નવ શહેરોમાં વિવિધ રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું હતું. ●

# વલસાડની યુવતીનો દિલ્હીમાં ડંકો રાઇફલ શૂટિંગ સ્પર્ધામાં રાષ્ટ્રીય ફલક પર મેળવ્યો ગોલ્ડ મેડલ

**જિજ્ઞેશ સોલંકી**

બાળકોના શિક્ષણ માટે સામાન્યપણે માતા-પિતામાં ખાનગી સ્કૂલનો મોહ વધુ જોવા મળે છે. પરંતુ વલસાડ શહેરના શિક્ષિત દંપતીએ પોતાની દીકરીને સરકારી સ્કૂલમાં શિક્ષણ માટે મુકી હતી. સરકારી શાળાથી શરૂ થયેલી સફરમાં ખેલ મહાકુંભ નિર્ણાયક સાબિત થતાં વલસાડની દીકરીએ નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા દિલ્હીમાં રમાયેલી રાઈફલ શૂટિંગ સ્પર્ધામાં ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવી વલસાડ અને ગુજરાતનું નામ દેશભરમાં ઝળહળતું કર્યું છે.

વલસાડમાં રહેતી સચિ પટેલે સરકારી શાળામાં શિક્ષણ મેળવ્યા બાદ બી.કે.એમ. સાયન્સ કોલેજમાં બીએસસીની ડિગ્રી માટે એડમિશન મેળવ્યું હતું. આ દરમિયાન એનસીસીમાં જોડાઈ રાઈફલ શૂટિંગ , મેપ રીડિંગ અને ઓપ્સ્ટીકલ ટ્રેનિંગ મેળવી હતી. જેમાં રાઈફલ શૂટિંગમાં સૌથી વધુ રસ પડતાં વિવિધ સ્પર્ધામાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું. સચિએ બીએસસી પૂર્ણ કર્યા બાદ અમદાવાદની એલ.જે. ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં એમબીએમાં એડમિશન મેળવી અભ્યાસની સાથે સાથે અમદાવાદની રાઈફલ કલબમાં ટ્રેનિંગ પૂર્ણ કરી હતી. ત્યાર બાદ પ્રોફેશનલ કોચિંગ માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત સરકાર માન્ય સંસ્કારધામ શૂટિંગ એકેડમી, અમદાવાદમાં એડમિશન મેળવ્યું હતું. જ્યાં ઈન્ડિયન પેરા શૂટિંગ ટીમના રાઈફલ કોચ જીવન રાય અને વર્ષ ૨૦૧૨માં લંડનમાં રમાયેલી સમર ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ વિજેતા ગગન નારંગ પાસે તાલીમ મેળવી માત્ર દોઢ વર્ષના સમય ગાળામાં સચિએ ૬ ડિસ્ટ્રિક્ટ લેવલ, ૧ સ્ટેટ લેવલ, ૧ મહાકુંભ, ૧ પ્રિ નેશનલ લેવલ અને ૩ નેશનલ લેવલની કોમ્પિટિશનમાં ભાગ લઈ વિજેતા થઈ હતી. જેમાં ખાસ કરીને ઓક્ટોબર ૨૦૨૨માં અમદાવાદ ખાતે યોજાયેલી સ્ટેટ લેવલની કોમ્પિટિશનમાં વ્યક્તિગત અને ટીમ ગોલ્ડ મેડલ પણ મેળવ્યો હતો.



તાજેતરમાં ન્યૂ દિલ્હીમાં નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની ઓલ ઈન્ડિયા ઓપન ચેમ્પિયનશિપ ૨૦૨૩માં રાઈફલ શૂટિંગ સ્પર્ધામાં વલસાડની સચિ પટેલે ટીમ ઈવેન્ટમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી ગોલ્ડ મેડલ મેળવી સમગ્ર ગુજરાત અને દેશમાં વલસાડનું ગૌરવ વધાર્યું છે. હવે ઓલિમ્પિક્સમાં જવા માટે હાલમાં .૧૭૭ કેલીબરની વોલ્ટર એનાટોમિક એલજી ૪૦૦થી ૧૦ મીટર ડિસ્ટન્સ શૂટીંગ રેન્જમાં પ્રેક્ટિસ કરી રહી છે. રમતગમતની અત્યાર સુધીની યાત્રામાં ગુજરાત સરકારનો ખેલ મહાકુંભ ખૂબ જ મદદરૂપ રહ્યો હતો.



## ઓલિમ્પિક્સમાં મેડલ સાથે તિરંગો લહેરાવવાનું સ્વપ્નઃ સચિ પટેલ

સચિ પટેલે જણાવ્યું કે, નેશનલ લેવલની આ કોમ્પિટિશનમાં ગોલ્ડ મેડલ મેળવવા માટે રોજના ફિઝિકલ વર્કઆઉટ અને મેડિટેશન સહિત ૪ કલાકની પ્રૅક્ટિસ કરી હતી. નેશનલ લેવલે ગોલ્ડ મેડલ મેળવવા માટે પ્રૅક્ટિસ દરમિયાન વિચલિત ન થવાય તે માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ બંધ કર્યો હતો. હવે ઓલિમ્પિક્સમાં રાઈફલ શૂટિંગ સ્પર્ધામાં મેડલ જીતી તિરંગો સૌથી ઉપર લહેરાવવાના સ્વપ્નને પૂર્ણ કરવા આત્મવિશ્વાસ અને હિંમત સાથે પ્રૅક્ટિસ કરી રહી છું.

## પીએચ.ડી. સાથે અમદાવાદમાં તાલીમ અપાવીઃ માતા પિતા

ચીખલીમાં એલઆઈસી ઑફિસમાં ડેવલપમેન્ટ ઑફિસર તરીકે ફરજ બજાવતા સચિના પિતા જિજ્ઞેશભાઈ અને માતા દીપ્તિબેને જણાવ્યું કે, વલસાડ જેવા નાના ટાઉનમાં રાઈફલ શૂટિંગની પ્રૅક્ટિસ માટે પૂરતી સુવિધા ન હોવાથી રાઈફલ શૂટિંગની સાથે શિક્ષણને પણ પ્રાધાન્ય આપી અમદાવાદ મોકલી હતી. જેના ફળસ્વરૂપે ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવ્યા બાદ સચિ હાલમાં અમદાવાદ ખાતે પીએચ.ડી.ના અભ્યાસ સાથે રાઈફલ શૂટિંગની પ્રૅક્ટિસ કરી રહી છે. એનસીસીમાં તાપ-તડકામાં સતત પ્રૅક્ટિસ કરવી પડતી અને અન્ય રાજ્યોમાં પણ સ્પર્ધા થાય ત્યારે સતત તેની સાથે જવુ પડતું હતું. તેની ઈચ્છા મુજબ તેને પૂરેપૂરો સપોર્ટ આપતાં આ સિદ્ધિ મેળવી શકી છે. ●

# માસ્કથી રક્ષા કોરોનાથી સુરક્ષા



**માસ્ક કોરોનાથી બચવા માટેનું એક સશક્ત શસ્ત્ર છે, તેથી માસ્ક પહેરીને જ બહાર નીકળવું.**




**સર્જીકલ માસ્ક ફક્ત એક વખત જ ઉપયોગમાં લઈ શકાય, પણ કપડાનું માસ્ક ધોઈને ફરીવાર ઉપયોગમાં લઈ શકાય.**

મેળે મહાલતો મહેરામણ...



**Published on Date 1-4-2023**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

To,

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦